# મોમીને કુરૈશ

# હઝરત અબુતાલિબ (અલ.)

## : સંકલન :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

## : પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ
એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,
ભરૂચ-૩૯૨૦૦૧.
મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

*ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.*

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૧૦ |
| | વાંચકો પ્રથમ દુઆ કરો | ૧૮ |
| (૨) | પયગંબરે ઇસ્લામ હઝરત મોહંમદ (સલ.)ના વાલીદ જનાબે અબ્દુલ્લાહ (અ.સ.) | ૨૨ |
| (૩) | બહિરા રાહિબની ભવિષ્યવાણી | ૩૨ |
| (૪) | વો શમાઅ કયા બુઝે જિસે રોશન ખુદા કરે, મુસલમાનોના આલિમો આ બાબત શું કહે છે ? | ૩૮ |
| (૫) | અમારો અકીદો, હઝરત અબુતાલિબ (અલ.) પયદાઇશથી જ બાઇમાન હતા. આપના તમામ પૂર્વજો પણ હઝરત આદમ | ૪૬ |

| | | |
|---|---|---|
| | (અલ.) સુધી બાઇમાન હતા. | |
| (૬) | હંમેશા ઇમામત નુબુવ્વતની કફીલ રહી છે નુબુવ્વતની જામીન રહી છે. નુબુવ્વતની પાલકપોશક રહી છે. | ૫૭ |
| (૭) | ખાનદાને નુબુવ્વત અને ઇમામત | ૫૮ |
| (૮) | ખાનદાને નુબુવ્વતનો બાયકોટ | ૬૭ |
| (૯) | હઝરત અબુતાલિબ (અલ.) ઉપર આ ઝુલ્મ શા માટે ? તેઓનો ગુનોહ શું છે ? | ૭૮ |
| (૧૦) | કેટલીક એવી અહાદીસનું વર્ણન જેમાં જનાબ અબુતાલિબ (અલ.) મોમીને કામિલ હોવાનો ઉલ્લેખ મળે છે. | ૮૨ |
| (૧૧) | જનાબ ફાતેમા બિન્તે અસદ | ૮૬ |

| | | |
|---|---|---|
| | રઝિયલ્લાહો તઆલા અનહા | |
| (૧૨) | જોઇએ કલામુલ્લાહ શું કહે છે ? | ૯૩ |
| (૧૩) | હઝરત ઈબ્રાહીમ (અલ.)નો બાપ આઝર નથી હોઈ શકતો ? | ૯૮ |
| (૧૪) | હઝરત ઈબ્રાહીમ (અલ.)નો બાપ આઝર નથી હોઈ શકતો ? | ૧૧૪ |
| (૧૫) | ઈસ્લામી ઈતિહાસની એક મઝલૂમ હસ્તી મોમીને કુરૈશ હઝરત અબુતાલિબ (અલ.) | ૧૧૮ |
| (૧૬) | રસુલુલ્લાહ (સલ.)ના કાકા હઝરત અબ્બાસ (રઝિ.) રાવી છે કે મૃત્યુ સમયે હઝરત અબુતાલિબ (અલ.)ને મેં મારા કાનો વડે કલિમએ શહાદત પઢતા સાંભળ્યા છે. | ૧૨૦ |

| | | |
|---|---|---|
| (૧૭) | હઝરત અબુ તાલિબ (અલ.)એ મહબ્બત અથવા ઈશ્કે રસૂલમાં સમગ્ર અરબસ્તાનને પોતાનું દુશ્મન બનાવી દીધું હતું. | ૧૨૩ |
| (૧૮) | હઝરત અબ્બુતાલિબ (અલ.)નું વસીય્યતનામુ | ૧૨૭ |
| (૧૯) | હઝરત અબુતાલિબ (અલ.)ના ઈન્તિકાલ પછી પેગંબરે ઈસ્લામ (સલ.)ની મુસીબતો | ૧૩૭ |
| (૨૦) | શું એક વ્યક્તિ ઈસ્લામથી અલિપ્ત રહીને આ કાર્યો કરી શકે છે ? | ૧૪૪ |
| (૨૧) | મોમીનને કલિમાનું રટણ કરવાની જરૂર નથી. આપ પેદાઈશી મોમીન હતા. | ૧૫૦ |

| | | |
|---|---|---|
| (૨૨) | હજી નમાઝ વાજીબ થઈ ન હતી | ૧૫૭ |
| (૨૩) | હજી નમાઝે જનાઝા વાજીબ થઈ ન હતી | ૧૫૯ |
| (૨૪) | હઝરત અબુતાલિબ (અલ.)ને કફન દફન | ૧૬૨ |
| (૨૫) | જો આ કુફ્ર છે તો પછી મુસલમાન હોવું કોને કહીશું ? | ૧૬૫ |
| (૧) | વસીલો કુર્આન અને હદીસની રોશનીમાં | ૧૮૨ |
| (૨) | અવલીયાએ ખુદા અંબિયા અને અઈમ્માથી મદદ માગવી શીર્ક નથી પણ ખાસ ઈબાદત છે | ૧૮૬ |
| (૩) | હઝરત આદમ (અલ.) રસુલુલ્લાહ (સલ.)ને વસીલો બનાવે છે. તોબાની કુબુલીયત | ૧૯૫ |

| | | |
|---|---|---|
| | વસીલાથી | |
| (૪) | જનાબે નૂહુ (અલ.)એ પંજતને પાકને વીસલો બનાવ્યો | ૨૦૦ |
| (૫) | હઝરત ઈબ્રાહીમ (અલ.)નું ઈમ્તેહાન (પરીક્ષા) કલેમાત દ્વારા | ૨૦૭ |
| (૬) | શીર્ક ક્યારે બને છે ? | ૨૧૦ |
| (૭) | રૂહ કદી મરતી નથી | ૨૧૨ |

# મોમીને કુરૈશ

# હઝરત અબુતાલિબ (અલ.)

## પ્રસ્તાવના

### બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

હઝરત અબુતાલિબ (અલ.) એક એવી મઝલૂમ ઈસ્લામીક હસ્તી છે કે જેમને કાફિર ગણવામાં - કહેવામાં મુસલમાનોને મજા આવે છે. મુસલમાનોએ તો વળી પોતાના નાના બાળકોના મદ્રસાના અભ્યાસક્રમમાં પણ આ વાત દાખલ કરી દીધી છે. નાના બાળકોને પઢાવવામાં આવે છે કે હઝરત અબુતાલિબ (અલ.) કાફિર મૃત્યુ પામ્યા છે. પોતાના ૫૦ ટકા આલિમોના મંતવ્યો હઝરત અબુતાલિબ (અલ.)ને ઈમાનવાળા કહેતા હોવા છતાં બુખારી મુસ્લિમને છાતીએ લગાવીને ફરતા સવાદે આઝમના આલિમો બીજી કિતાબોની

હદીસોને જાણે કોરાણે મૂકી તે કિતાબોના રાવીઓની સહીહ સનદો હોવા છતાં જિદ કરીને માનવા તૈયાર નથી. કારણો છે. તે હું કિતાબમાં લખી ચૂક્યો છું. સરસ રીતે જણાવી ચૂક્યો છું.

મુસલમાનોની હાલત ઉપર અલ્લાહ જ રહમ કરે, દરેક ફિરકો બીજા ફિરકાને કાફિરનો ફતવો આપે છે, આ જોયા પછી વિશ્વમાં કોઈ મુસલમાન રહેતું જ નથી. મુસલમાનોની કિતાબો રસુલુલ્લાહ (સલ.)ના મા-બાપને પણ જહન્નમી ગણાવે છે. હદીસોમાં પેગંબર (સલ.)ના વાલીદ મોહતરમાને કબરનો અઝાબ થતાં બતાવાયાં છે. આ જોતાં આ આલિમો બીજાઓને કાફિર બનાવે તેમાં શું નવાઈ ?

વિશ્વમાં અત્યારે બરેલ્વી ફિરકો મુસલમાનોમાં સૌથી વધુ બહુમતિ ધરાવે છે.

હિંદુસ્તાનના લઘુમતિ દેવબંદીઓ બરેલ્વી અને એહલે હદીસ બંનેને કાફિર કહે છે. બરેલ્વીઓ દેવબંદીઓને તથા એહલે હદીસોને કાફિર કહે છે. વળી સઉદી અરબના એહલેહદીસો દેવબંદી કે બરેલ્વી બધાંને કાફિર કહે છે કારણ કે તેઓ તકલીદને માનતા નથી. હરામ સમજે છે. કોઈની પણ તકલીદ કરનારને આ લોકો ઈમાનવાળાઓમાં ગણતા જ નથી.

ચાલો હિંદુસ્તાન પુરતી તો માથાકૂટ જ મટી ગઈ. કોઈ મુસલમાન જ ન રહ્યું.

પરંતુ અલહમ્દોલિલ્લાહ અમો શીયા ઈશ્નાઅશરી - બારા ઈમામી મોમીનો તે તમામ લોકોને મુસલમાન ગણીએ છીએ જેઓ “લાઈલાહા ઈલ્લલ્લાહ, મોહંમદુર્રસુલુલ્લાહ” નો કલિમા પઢે છે. પેગંબરે ઈસ્લામને આખરી રસૂલ માને છે અને

કયામતમાં વિશ્વાસ ધરાવે છે. મતલબ આ ત્રણ મુદ્દા "તવહીદ", "રિસાલત" અને "કયામત"માં માનનારા સર્વે લોકોને અમે મુસલમાન ગણીએ છીએ. તેમના ઝબીહાને હલાલ ગણીએ છીએ.

અમારા ભરૂચ જિલ્લામાં તો અલ્લાહના ફઝલથી ઘણાબધા મદ્રસાઓ (દારૂલ ઉલૂમો) છે. આ મદ્રસાઓમાં નવા નવા આલિમો આવે છે ને જાય પણ છે. નવા આલિમ આવે એટલે એકદમ પ્રભાવ પાડે, તકરીરોનો (આપણે મજલીસો કહીએ છીએ) સિલસિલો શરૂ થઈ જાય, મૌલાના સમાજમાં વખાણ પામે એટલે મૌલાનાની ટોપી પણ ઊંચી થતી જાય. જોશ વધતો જાય. વળી તેમની આસપાસ કટ્ટરપંથીઓની ટોળી ફરતી થઈ જાય. મૌલાનાને પણ વળી હુંફ જેવું તો લાગે જ. મૌલાનાનો જોશ વધતો જ જાય.

ભરૂચ અને તેની આસપાસ આવા મૌલાનાઓ આવે એટલે કોઈ શિક્ષક મિત્ર કે રમૂજી દોસ્ત મને ફોન કરે અથવા ભરૂચમાં રૂબરૂ મળતાં ડરાવે કે એક નવી ટોપી આવી છે. નજીક ફરતા માણસો મારાથી વાકેફ કરી દે એટલે પછી મૌલાનાઓના મોંમાથી ફતવા છૂટે.

અહીં ટોપીની વાત આવી તો મને ટોપી યાદ આવી. ટોપી મને ખાસ્સો હેરાન કરે છે. હું પણ ઊંચી દિવાલની જાડી અને મોટી ઝિન્નાહ કેપ પહેરતો તે તો હવે ફાવતી નથી. ભારે લાગે છે. કપડાની ટોપી પહેરતો નથી. સિવાય કે નમાઝ વખતે. આ કારણે કંઈ મોત મય્યતમાં જવાનું થાય તો ટોપી યાદ રહેતી નથી.

કોઈ મય્યતમાં ભૂલી જવાયું હશે. મારા એક દૂરના સગા જેમને હું નાના કહેતો તેમણે મને વગર

ટોપીએ કબ્રસ્તાનમાં જોઈ લીધો. મારી પાછળ લાકડી અડાડી મને બોલાવ્યો. દૂર લઈ ગયા. પછી ખૂબ ધમકાવ્યો : ભાણા, તમે કેટલા બગડી ગયા છો? ઉઘાડા માથે જનાઝાની નમાઝ પઢી ? બધા કહેતા હતા તે હું માનતો ન હતો. મેં નરમ થઈ કહ્યું કે નાના ભૂલી ગયો ને રૂમાલ પણ ગજવામાં નથી. જાન છૂટી, પરંતુ વાત આટલેથી ન પતી. ઘરે આવી એક ડાહ્યા પતિ તરીકે મિસિસને પણ “નાના” ના ધમકાવવાની વાત કહી દીધી. વળી પાછો મને મિસિસે પણ ધમકાવ્યો કે “તમે શા માટે ટોપી નથી પહેરતા ? રિવાજ છે તો તમારે ટોપી પહેરવી જ જોઈએ ને !

બજાર જવાનું થતાં પાંચ ટોપી લઈ આવ્યો. ટોપીઓ દરેક રૂમમાં દેખાય એમ મૂકી.

જ્યારે મોત મય્યતમાં જવાનું થાય તો હવે ટોપી ભૂલાતી નથી.

હવે આપણે માઈન્ડ ફ્રી કરી આવ્યા, એટલે કિતાબના વિષય તરફ આવીએ. આ વિષય ઉપર નાની કિતાબ લખવાનો ઈરાદો તો ઘણા સમયથી હતો જ. વળી અમૂક દોસ્તો પણ મારું આ બાબત ધ્યાન દોરતા હતા. અલ્લાહની રહમતથી આ નાની કિતાબ તૈયાર કરી છે. ઉમ્મીદ છે કે બહુમતિ મુસલમાન બિરાદરોની સમજમાં આ વાત આવી જશે. તેઓ પોતાની ભૂલ સુધારશે એવી અલ્લાહની પાકઝાતથી મજબૂત ઉમ્મીદ છે.

વસીલો કુર્આન અને સુન્નતની રોશનીમાં

દુઆઓમાં પેગંબરે ઈસ્લામ અને અંબિયા-અવલીયાનો વસીલો માંગવાના વિષયમાં વિશ્લેષણ

વહાબીઓ દુઆઓમાં કોઈનો વસીલો માંગતા નથી. આ એમનો પોતે બનાવેલો પોતાનો દીન છે. શીર્ક બિદઅતના વિષયમાં આ લોકો બધા જાતે જ પી.એચ.ડી બની બેઠા હોય છે.

ઉત્તર ગુજરાતમાંથી એક મિત્રે મને દુરૂદ શરીફ લખેલો એક કાગળ મોકલ્યો. જેમાં પેગંબરે ઈસ્લામનો વસીલો માગવામાં આવ્યો હતો. તેની સાથે વહાબી મૂફતી સાહેબોનો ફતવો પણ હતો કે આ દુરૂદ શરીફ માન્ય નથી. આ મિત્રે મને વિનંતી કરી કે આ વિષયમાં હું કંઈક લખું. જેથી મેં નીચેનો એક લેખ તૈયાર કરી મોકલી આપ્યો હતો. આ નાની કિતાબમાં વાંચકોના ફાયદા માટે એને સમાવી લઉં છું.

**નાચીજ**

# વાંચકો પ્રથમ દુઆ કરો

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન, અર્રહમા નિર્રહીમ, માલેકિયવ મિદ્દિન ઈય્યાકનઅ્બોદુ વ ઇય્યા કનસ્તઇન એહદીનસ્સેરાતલ મુસ્તકીમ સેરાતલ્લઝીનઅ્ અનઅમ્ત અલયહીમ ગયરિલ મગઝુબે અલયહીમ વલઝ્ઝાલ્લીન.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ

યા અલ્લાહ ! યા રહમાન ! યા રહીમ ! આ કિતાબ જે જે મરહુમોની રૂહોની બક્ષિસ માટે છાપવામાં આવી છે. તેઓને અમારો ઉપરોક્ત

તોહફો કબૂલ કરીને બક્ષી આપ. યા અલ્લાહ મોહંમદ અને આલે મોહંમદના સદકામાં અમારી દુઆને કબૂલ ફરમાવ.

અલ્લાહે આ કિતાબમાં એટલી બરકત આપી કે નામોની સંખ્યા સાથે રકમ પણ વધતી ગઈ. પ્રથમ મેં વિચાર્યું કે આ કિતાબની પંદરસો કોપીઝ માટેના જરૂરી નાણા લઈ બાકીની રકમના નામો હું હવે પછીની મજાલિસે ખ્વાતીનમાં લઉં, પરંતુ મને આ વાત યોગ્ય ન લાગી, કે જે કિતાબના નામ સાથે નાણા લીધાં છે. તે સિવાયની બીજી કિતાબમાં નામો લખું. જેથી બંને કિતાબોમાં બધાં જ નામો ફરીથી સામેલ કરવાનો નિર્ણય લીધો. આ કિતાબમાંથી બચતી રકમ હવે પછીની મજાલિસની કિતાબમાં સામેલ કરતાં કદાચ છ સાત હજાર રૂપિયા જેટલી રકમ ઘટશે. તો “અલ્લાહ” છે. તે

આ જરૂરત પૂરી કરી દેશે. આમ વિચારી મેં આ જન્નતનસીન મરહુમોને ખુશખબરી પણ આપી દીધી કે તમારા નામોની આ જ યાદી હવે પછી પ્રકાશિત થનારી કિતાબમાં પણ છાપવામાં આવશે. ઈન્શાઅલ્લાહ.

તે સાથે હું મોહંમદ અને આલે મોહંમદના સદકામાં દુઆ ગુજારું છું કે પરવરદિગાર ! તુ ગુફૂરરહીમ છે. તારી રહમત અપાર છે. આ તમામ મરહુમીનની પુરેપુરી બક્ષીસ ફરમાવી દે. ખુદા તને તે પ્રેમ અને મહબ્બતનો વાસ્તો જે પ્રેમ અને મહબ્બત હઝરત અબુતાલિબ (અલ.)ને હઝરત મોહંમદ (સલ.)ની સાથે હતી. આ મરહુમોની બાલ-બાલ બક્ષિસ ફરમાવી દે.

આ કિતાબનું પ્રથમ પ્રુફ જનાબ મોહંમદરઝાભાઈએ જોયું છે. તે સિવાય પણ દરેક

કિતાબમાં મારી પુરેપુરી – તમામ પ્રકારની મદદ કરવા બદલ હું ભાઈ મોહંમદરઝા (પ્રિન્ટવેલ પ્રિન્ટર્સ)ના વાલેદૈન તથા દાદા-દાદીની બક્ષિસ માટે અલ્લાહથી ચૌદહ માસુમીનના સદકામાં દુઆ ગુજારૂં છું.

**નાચીજ**

**ઈબ્રાહીમ બી. પટેલ - ભરૂચ**

# પ્રકરણ-૨ : પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ના વાલીદ જનાબે અબ્દુલ્લાહ અલયહિસ્સલામ

જનાબ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ (અલ.)ના વિષયમાં ઈતિહાસકાર અલ્લામા ઈબ્ને જઝરીએ લખ્યું છે કે:

જનાબ અબ્દુલ્લાહ (અલ.) પોતાના ભાઈઓમાં બધાંથી નાના હતા. પરંતુ બાપના સૌથી પ્યારા-વહાલા પુત્ર હતા.

પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ના વાલીદ મોહતરમ જનાબ અબ્દુલ્લાહ (અલ.)ની ખૂબસુરતીનો આ આલમ હતો કે સ્ત્રીઓ જાતે જ શાદીનો પયગામ મોકલતી હતી. અરબના તે સમયના ઉચ્ચોચ્ચ કબીલાની નેક અને સંસ્કારી ખાતૂનો જનાબ અબ્દુલ્લાહ (અલ.)ની સાથે શાદી

રચવાનો ઈરાદો ધરાવતી હતી. પરંતુ આપ એટલા બધા શરમાળ અને ઈઝ્ઝતદાર હતા કે મોઢામોઢ વાત કરવાની મનાઈ ફરમાવતા હતા.

જનાબ અબ્દુલ્લાહ જ્યારે કુરબાનીથી બચી ગયા  ત્યાર પછી જનાબ અબ્દુલ મુત્તલિબે આપની શાદી અંગે ચિંતા શરૂ કરી. કબીલએ ઝેહરાના નેક ખાતુન જનાબ આમેના બિન્તે વહબ સાથે આપ (સલ.)ની શાદી થઈ ગઈ. જનાબ આમેના સલામુલ્લાહ અલયહા પોતાના જમાનાનાં શ્રેષ્ઠ ઈઝ્ઝતદાર અને ઉચ્ચ કુળના નેક ખાતુન હતાં. શાદી વખતે આપ પોતાના કાકા વહબની પાસે રહેતાં હતાં.

જનાબ અબ્દુલ મુત્તલિબ વહબની પાસે તશરીફ લઈ ગયા. પોતાના બેટા અબ્દુલ્લાહ

(અલ.) માટે શાદીનો પયગામ આપ્યો. કબૂલ થઈ ગયો, શાદી થઈ ગઈ.

આ જ સમયે જનાબ અબ્દુલ મુત્તલિબે વહબની એક બેટી સાથે પોતે નિકાહ પઢ્યા, શાદી કરી. જેમનાથી જનાબ હમઝા (રઝિ.)નો જન્મ થયો. જનાબે હમઝા (રઝિ.) નબી (સલ.)ના કાકા થાય છે.

જનાબ અબ્દુલ્લાહ (અલ.) તે જમાનાના કૌટુંબિક રિવાજ અનુસાર ત્રણ દિવસ પોતાની સાસરીમાં રહ્યા પછી પોતાના ઘેર ચાલી આવ્યા. તે વખતે આપની ઉંમર ૧૭ વર્ષની હતી.

જનાબ અબ્દુલ્લાહ (અલ.) વેપારના હેતુસર મુલકે શામ પહોંચ્યા, ત્યાંથી પાછા ફરતાં મદીનામાં રોકાયા. ત્યાં બીમાર પડ્યા અને જન્નતનશીન થઈ ગયા.

જ્યારે આ ગમનાક બનાવની ખબર જનાબ અબ્દુલમુત્તલિબ (અલ.)ને થઈ તો આપે પોતાના મોટા પુત્ર હારિસને આ ઘટનાની જાંચપડતાલ માટે મોકલ્યા. જ્યારે તેઓ મદીના પહોંચ્યા તો જનાબ અબ્દુલ્લાહ (અલ.)નો ઈન્તિકાલ થઈ ચૂક્યો હતો.

જનાબ અબ્દુલ્લાહ (અલ.)એ પોતાના વારસામાં ઊંટ બકરીઓ અને એક કનીઝ છોડ્યાં હતાં. કનીઝનું નામ ઉમ્મે અયમન હતું. આ બધી વસ્તુઓ જનાબે રસૂલે ખુદા (સલ.)ને વારસામાં મળી.

ઉમ્મે અયમનનું અસલ નામ બરકત હતું (સિરતુન્નબી - ભાગ-૧ પેજ નં. ૧૨૨, તારીખે અબુલ ફિદા ભાગ-૨ પેજ નં. ૧ પ્રકાશન અફઘાની પ્રેસ પંજાબ) અલ્લામા ઈબ્ને અસીર જઝરી લખે છે કે જનાબ અબ્દુલ્લાહ (અલ.) એ ૨૫ અથવા ૨૮

વરસની ઉંમરે હઝરત રસૂલે ખુદા (સલ.)ના જન્મ અગાઉ ઈન્તિકાલ ફરમાવ્યો.(જન્મથી અગાઉનો મતલબ આપ(સલ.) પોતાની વાલીદ મોહતરમા જનાબે આમેના (સલા.)ના પેટમાં હતા તે વખતે ઈન્તિકાલ ફરમાવ્યો. જુઓ તારીખે કામિલ ભાગ-૨, પેજ નં. ૪.)

આપ (સલ.)ના જન્મ અગાઉ જ હઝરત અબ્દુલ્લાહ (અલ.)નો ઈન્તેકાલ થઈ ગયો હતો. અને આપ (સલ.) છ વર્ષના થયા ને આપના વાલીદહ મોહતરમા જનાબ આમેના બિન્તે વહબ પણ જન્નતનશીન થઈ ગયાં જેથી આપ (સલ.) દાદા અબ્દુલ મુત્તલિબ (અલ.)ની પરવરિશમાં આવ્યા.

જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.)ને પોતાનો પોત્ર મોહંમદ ખૂબ જ વહાલો હતો. કદીપણ

પોતાની પાસેથી મોહંમદને જુદા થવા દેતા ન હતા. સાથે જ રાખતા, સાથે ખવડાવતા, સુતાં પહેલાં નોંધ કરતા કે બાળક મોહંમદ ક્યાં સૂતા છે ? અડધી રાતે પણ ધ્યાન આપતા, આપને સુતેલા જોઈ આવતા. ઉઠતાંની સાથે જ મોહંમદ (સલ.)ને યાદ રાખતા.

અલ્લામા ઈબ્ને અસીર જઝરી લખે છે કે જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.)ના માટે કાબાની દિવાલના છાંયડામાં ફર્શ બીછાવવામાં આવતી, તે ફર્શ ઉપર આપના બેટાઓમાંથી કોઈ બેટો પણ બેસી શકતો નહીં. હજી હઝરત અબ્દુલ મુત્તલિબ (અલ.) આવ્યા ન હોય, બીજા બધા કુરૈશના આગેવાનો આવી ચૂક્યા હોય. ફર્શની સામે બેસી ગયા હોય અને તે દાદાની જગ્યાએ બેસી જતા. (જેવી રીતે કે મસ્જિદે નબવીના મિમ્બર ઉપર

હઝરત હસનૈન અલ.માંથી કોઈપણ નાનાના મિમ્બર ઉપર નાનાની હાજરી કે ગેરહાજરીમાં બેસી જતા હતા.) આપ (સલ.)ના કાકાઓ આપને બેઠેલા જોઈને હઠાવવા ઈચ્છતા, તો જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.) ફરમાવતા "મારા ફરઝંદને એ જ જગ્યાએ બેસી રહેવા દો, કારણ કે મારા ફરઝંદની શાન ઘણી ઊંચી છે."

જનાબ અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ (અલ.) જનાબ અબ્દુલ્લાહ (અલ.)ના સગા ભાઈ હતા. જનાબ અબ્દુલ્લાહથી ઉમરમાં મોટા હતા. પેગંબરે ઈસ્લામ (સલ.) ઉપર તો ઘણા જ મહેરબાન હતા.

જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.) (દાદા)ની વફાત પછી કાકા જનાબ અબુતાલિબે ખૂબ જ ખૂબી અને નેકી સાથે જનાબ રસૂલે ખુદાની પરવરિશ

કરી. કાકા અબુતાલિબ (અલ.) અને કાકી જનાબે ફાતેમા બિન્તે અસઅદે (અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ના વાલીદહ-મા સાહિબા) પેગંબરે ખુદાનું પાલન પોષણ ખૂબ જ દીલ લગાવીને - લોહી પાઈને ઉછેર કર્યો. જેના દૃષ્ટાંતો આપવા જતાં કિતાબનું સ્વરૂપ મોટું થઈ જાય છે. પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું : જનાબે ફાતેમા મારી મા છે મા થી વધીને છે. જનાબે ફાતેમા બિન્તે અસદ (રઝિ.) પોતે ફરમાવે છે કે જ્યારે જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.) ઉપર મૃત્યુની અસરો દેખાવા લાગી તો આપે પોતાની બધી જ સંતાનોને એકત્ર કરી પછી ફરમાવ્યું :

"મારા ફરઝંદ મોહંમદની દેખભાળ કોણ કરશે ? તેનું પાલનપોષણ કોણ કરશે ? તો બધાંએ કહ્યું કે તેઓ પોતે સમજદાર છે. આપ એમના ઉપર

જ છોડી દો. તેઓ પોતાના પાલન-પોષણ માટે કોઈને શોધી લે. ત્યારે જનાબ અબ્દુલ મુત્તલિબે જનાબ મોહંમદ મુસ્તુફા (સલ.) તરફ મોં કરીને ફરમાવ્યું : “બેટા મોહંમદ હવે તમારા દાદા તમને કયામત સુધીના માટે છોડીને જઈ રહ્યા છે. હવે તમે તમારા કાકાઓ અને ફોઈઓમાંથી કોની પાસે રહેવું પસંદ કરો છો ?

પેગંબરે ઈસ્લામ (સલ.)ની ઉમર શરીફ તે વખતે ૮ વર્ષની હતી. આપ (સલ.)એ બધા કાકા અને બધી ફોઈઓ તરફ જોયું પછી હઝરત અબુ તાલિબ (અલ.)ની બગલમાં જઈને મોં દબાવી દીધું. ઈતિહાસકારો લખે છે કે આપ (સલ.)ની આંખોમાં આંસુ હતાં. પછી જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.)એ આપ (સલ.)ને પોતાની છાતી સરસા દાબી દીધાં. ખૂબ વહાલ કર્યું. પછી જનાબ

અબુતાલિબને ઉદ્દેશ કરીને ફરમાવ્યું “હું તમારી અમાનતદારી અને દયાનતદારીથી ખૂબ જ વાકેફ છું. જુઓ, તમે મોહંમદના માટે એવી જ ઢાલ (તલવાર કે ભાલાના વારને રોકી લેનારૂં હથિયાર) બનીને રહેજો જેવો કે હું રહ્યો છું.” આટલું બોલીને આપની રૂહ મુબારક જન્નત તરફ પરવાઝ કરી ગઈ. આ રીતે જનાબ અબુતાલિબ (અલ.)એ ભત્રીજા મોહંમદને પોતાના રક્ષણમાં પોતાની હિફાઝત અને પરવરિશમાં લઈ લીધા.

## પ્રકરણ-૩ : બહિરા રાહિબની ભવિષ્યવાણી

મૌલાના શિબ્લી નોઅમાની (આ રિવાયત એહલે સુન્નતના આલિમ શીબ્લી નોઅમાનીની છે.) સિરતુન્નબી ભાગ-૧ પેજ નં. ૧૨૮ ઉપર લખે છે કે જનાબ અબુતાલિબ (અલ.) પેગંબરે ઈસ્લામ (સલ.)થી એટલી બધી મહબ્બત કરતા હતા કે આપ (સલ.)ના મુકાબલામાં પોતાની અવલાદ સુદ્ધાંની જરાય પરવા કરતા ન હતા. સુતી વખતે આપ (સલ.)ને સાથે લઈને સૂતા, બહાર તશરીફ લઈ જતા તો આપ (સલ.)ને સાથે લઈને જતા.

આપ (સલ.)ની ઉમર લગભગ બાર વર્ષની થઈ ત્યારે જનાબ અબુતાલિબ (અલ.) પ્રણાલિકાનુસાર વેપારના હેતુસર મુલકે શામ જવા તૈયાર થયા તો સફરની તકલીફ અથવા અન્ય કોઈ કારણસર આપ (સલ.)ને સાથે ન લઈ જવા ઈરાદો

કર્યો. પરંતુ પેગંબરે ઈસ્લામ તો કાકા જ્યારે ઘરની બહાર નીકળ્યા તો આપના દામનમાં લપેટાઈ ગયા. જનાબ અબુતાલિબ (અલ.)એ આપ (સલ.)ની મહબ્બતમાં આપના દીલને તોડવું યોગ્ય ન લાગતાં, આપ (સલ.)ને પણ સાથે લઈ લીધા. તમામ ઈતિહાસકારોના વર્ણાનુસાર બહીરા નામના રાહિબનો (રાહિબ : ઈસાઈ ધર્મના ઈબાદત ગુજાર લોકો જેઓ અલ્લાહની યાદમાં પોતાને જંગલોમાં કે વસ્તીની બહાર કોઈ ગીરજામાં કેદ કરી લે છે. સમાજથી સંબંધ તોડી ખુદાની યાદને જ પોતાનો મકસદ બનાવે છે. તેમને “રાહિબ” કહેવાતા.) જે મશહુર કિસ્સો છે તે આ જ સફરમાં પેશ આવ્યો. આ સફરમાં જનાબ અબુતાલિબનો વેપારી કાફલો બસરા પહોંચ્યો તો એક ઈસાઈ આબિદની (આબિદ એટલે ઈબાદત ગુજાર) ખાનકાહમાં ઊતર્યો. જે

આબિદનું નામ "બહીરા" હતું. તેણે આપ (સલ.)ને જોઈને કહ્યું "અય અબુતાલિબ ! આ છોકરાને અહીંથી જલ્દી પાછા લઈ જાઓ અને એમને યહુદીઓથી બચાવજો. કારણ કે આ કિશોર ઘણો બુઝૂર્ગીવાળો, ઘણી જ શાનોશોકત અને ઉચ્ચોચ્ચ દરજ્જાનો માલિક છે. કંઈ એવું ન બને કે યહુદીઓ એના આ મરતબાને જાણી જાય, જેવી રીતે કે હું વાકેફ છું. કોઈ તેની સાથે શરારત કરે. હું એવો ભય અનુભવું છું. કારણ કે મેં જોયું છે કે જ્યારે તમે પહાડથી ઉતરી રહ્યા હતા ત્યારે ઝાડો અને પથ્થરો બધા જ તેને સિજદો કરવા માટે ઝૂકતા હતા. (તારીખે કામિલ ભાગ-૨ પેજ નં. ૪૩, સીરતુન્નબી-શીબ્લી ભાગ-૧ પેજ નં. ૧૨૯.)

ઉપરોક્ત રિવાયતના કારણે એક વાતનો ફેંસલો ઘણી જ સ્પષ્ટ રીતે, પ્રમાણસિદ્ધ દલીલ સાથે થઈ જાય છે કે :

જે લોકો (મુસલમાનોની બહુમતિ) હઝરત અબુતાલિબ (અલ.)ના કાફિર હોવાનું માને છે. જરા આ વાત ઉપર વિચાર કરે, નસારા કોમનો બહીરા આબિદ આપ (સલ.)ની બાર વર્ષની ઉમરમાં-આપ (સલ.)ની રિસાલતનો ઈકરાર કરે છે, અને હઝરત અબુતાલિબ (અલ.)ને આપ (સલ.)ની હિફાઝત કરવાની તાકીદ કરે છે. પરંતુ અબુતાલિબ (અલ.)ને આપ (સલ.)ની રિસાલતમાં શક રહ્યો !! આ વાત શક્ય જ નથી.

આ કેટલા આશ્ચર્યની વાત છે કે બહીરા રાહિબે તો આપ (સલ.)ને બેચાર મિનિટમાં જોઈને જ નુબુવ્વતના પ્રભાવને ઓળખી લીધો. એના દીલ

ઉપર તીર વાગી ગયું, પરંતુ હંમેશા આપ (સલ.)ની સાથે રહેનાર, આપ (સલ.)નું પાલનપોષણ કરનાર, જનાબ અબુતાલિબ (અલ.) આ વાતથી બેખબર રહ્યા કે મારો ભત્રીજો અલ્લાહનો રસૂલ છે.

વળી હઝરત અબ્દુલ મુત્તલિબ (અલ.)ની વસીય્યત જે બાપે પોતાના વહાલા બેટા અબુતાલિબને કરી હતી કે આ (મોહંમદ) ઘણી શાનો શોક્ત અને ઉચ્ચોચ્ચ દરજ્જાનો માલિક દીકરો છે. એની હિફાઝત કરજો, જેવી રીતે કે મેં તેની હિફાઝત કરી છે. ઢાલ બનીને રહેજો.

હઝરત અબુતાલિબ (અલ.) મિલ્લતે ઈબ્રાહીમીની પેરવી કરતા હતા. આ એક મશ્હુર રિવાયત છે. મિલ્લતે ઈબ્રાહીમીનું અસલ નામ જ ઈસ્લામ છે. કુર્આન પણ કહે છે કે અય નબી તમારી

મિલ્લત મિલ્લતે ઈબ્રાહીમ છે. આપ (સલ.) પણ ફરમાવે છે કે મારી મિલ્લત મિલ્લતે ઈબ્રાહીમી છે.

પેગંબરે ઈસ્લામના દરજ્જાની આપ (સલ.) નબી હોવાની વાતની જાણ બહીરા આબીદને થઈ જવાથી જનાબ અબુતાલિબ (અલ.)ને ચિંતા પેઠી કે જો મારા આ ભત્રીજાના નબી આખેરૂજમાં હોવાની વાત સમાજમાં ફેલાઈ જાય તો દુશ્મનો અને ખાસ તો યહુદીઓ આપને કોઈ તકલીફ પહોંચાડે.

સવાદે આઝમના આલિમોએ ઉપરોક્ત ઘટનાથી આંખ-આડા કાન કર્યા છે. જાણ્યું અજાણ્યું કરીને હઝરત અબુતાલિબ (અલ.)ને કાફિર સાબિત કરવાની એક પ્લાનબદ્ધ યોજના ઘડી છે.

## પ્રકરણ-૪ : વો શમાઅ્ કયા બુઝે જિસે રોશન ખુદા કરે, મુસલમાનોના આલિમો આ બાબત શું કહે છે ?

કારણ કે હઝરત અબુતાલિબ (અલ.)નું મોહંમદની હિમાયત કરવું પેગંબરે ઈસ્લામની હિફાઝતની બાંહેધરી હતી. ઝિમ્મેદારી હતી. કારણ કે હઝરત અબુતાલિબ (અલ.) રસૂલેખુદા ઉપર એટલા વધુ પ્રમાણમાં પ્રેમ વરસાવતા હતા - એટલી બધી મહબ્બત કરતા હતા કે એટલી મહબ્બત પોતાની પેટની અવલાદથી પણ કરતા ન હતા.

મુસલમાન આલિમો મૌ. શિબ્લી અને મો. નઝીર અહમદ લખે છે કે જ્યારે રસુલે ખુદાએ ઈસ્લામની તબ્લીગ શરૂ કરી, ત્યારે આપ (સલ.)ના કાકા અબુતાલિબ જીવતા હતા. પરંતુ તેમણે

જાહેરમાં ઈસ્લામ કબૂલ નથી કર્યો. પરંતુ દીલમાં ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામને સાચા માની ચૂક્યા હતા. જો તેઓ કેટલાક લોકોના ખોટા ખ્યાલ (ગલત સમજ)ના અનુસાર કાફિર હતા. તો તેમનું કુફ્ર આપણા લોકોના ઈસ્લામથી બેહતર હતું. કારણ કે તેમના ઝાહેરી કુફ્રનો ઈસ્લામ આજ સુધી કૃતજ્ઞ (આભારી) છે. એહસાનમંદ છે. કારણ કે આપ પેગંબરે ઈસ્લામ અને ઈસ્લામ ઉપર દરેક ઘડીએ પોતાની અને પોતાની અવલાદની જાન કુરબાન કરવા માટે તૈયાર રહેતા હતા. (ઉમ્મહાતુલ ઉમ્મહ પેજ નં. ૭૯)

(આ જગ્યાએ મુસલમાનોને મો. નઝીર અહમદ જેઓ ડેપ્યુટી હતા. યુ.પી. સ્ટેટના કર્મચારી હતા તેમની ટૂંકમાં ઓળખ આપું છું. એમણે કુર્આનનો તરજુમો પણ લખ્યો છે. તે સિવાય

“ઉમ્મહાતુલ ઉમ્મહ” ઉમ્મતની માઓના વિષય ઉપર એક મોટી કિતાબ લખી છે. પેગંબરે ઈસ્લામની વફાતના ચાર-પાંચ દિવસ અગાઉના ગુરુવારે જે કાવતરાબાજી થઈ, જેમાં રસુલુલ્લાહ (સલ.)ને કાગળ-કલમ આપવામાં ન આવ્યાં. આ કાવતરામાં ચાર પાત્રો ખાસ પ્રખ્યાત છે. હઝરત અબુબકર, હઝરત ઉમર, માતાજી આયશા અને હફસા. આ સમગ્ર ઘટનાના અનુસંધાનમાં ડેપ્યુટી નઝીરઅહમદ સાહેબ પોતાની કિતાબ ઉમ્મહાતુલ ઉમ્મહમાં લખે છે કે : “ગુરુવારના દિવસે આપ (સલ.)ની તબીયત થોડી સારી હતી. જેથી આપ (સલ.)એ ફરમાવ્યું : “મને કાગળ-કલમ આપો, હું એક દસ્તાવેજ લખી આપું જેથી મારા પછી તમે ગૂમરાહ ન થઈ જાઓ.” હુજરામાં સહાબાની હાજરી હતી. અંદરોઅંદર આંખોમાં ઈશારા થતા હતા.

હઝરત ઉમર બોલ્યા “કાગળ-કલમ આપવાની કંઈ જરૂર નથી, કુર્આન અમારા માટે કાફી છે. બે જાતના પોકારો ઊઠ્યા. કાગળ-કલમ આપો, રસૂલ માગે છે. આપણે ગૂમરાહ ન થઈ જઈએ તે માટે લખાણ કરવા ઈચ્છે છે. હઝરત અબુબકર તથા ઉમરના ફેવરના બહુમતિ સહાબાઓએ ઉહાપોહ કર્યો કે કાગળ-કલમ આપશો નહિ.” ડૉ. નઝીર અહમદ સાહેબ લખે છે કે અબુબકર, ઉમર, આયશા અને હફસાના દીલોમાં પેગંબર બીમાર થઈ પથારીમાં પડ્યા ત્યારથી જ ખિલાફતની ખીચડી પાકતી હતી. આ લોકોએ ધીંગા મસ્તી દ્વારા આખી વાત જ ઉડાડી દીધી. આ દેવબંદી ગ્રુપના પ્રખ્યાત આલિમના શબ્દો છે : આ હદીસ કાગળ - કલમનું માંગવું સહીહ બુખારીમાં સાત જગ્યાએ રિવાયત પામી છે. પોતાની અલફારૂક કિતાબમાં શિબ્લી સાહેબે પણ

બુખારીના હવાલાથી નોંધી છે. ડેપ્યુટી નઝીર અહમદ સાહેબને અલ્લાહ જઝાએખેર આપે આપના બે શબ્દપ્રયોગો મને ખૂબ જ પસંદ પડ્યા છે. જ્યારથી વાંચ્યું છે ત્યારથી મગજમાં ટેપ થઈ ગયું છે. ખિલાફતની ખીચડી અને ધીંગામસ્તી, બહુ જ યોગ્ય શબ્દપ્રયોગો છે.)

મુલ્લા મોઈનુદ્દીન કાશિફીએ મઆરેજુન્નબુવ્વતના ભાગ-૧માં પ્રકરણ ચાર ઉપર લખ્યું છે જેને અમે તફસીર-અનવારૂલ કુર્આનની પ્રસ્તાવનામાંથી વાચકો માટે રજૂ કરી રહ્યા છીએ.

એક વખત હઝરત અબુતાલિબ (અલ.) એ જનાબે સરવરે દો આલમ (સલ.)ને એક મેદાનમાં જોયા કે નમાઝમાં મશગુલ છે. અને આપના બુલંદ દરજ્જા ફરઝંદ જનાબ શેરે ખુદા અલી (અલ.) નિગરાની કરી રહ્યા છે. સંરક્ષણ કરી રહ્યા છે. વળી

મોહંમદ ઈબ્ને ઈસહાકની રિવાયત પ્રમાણે બંને બુઝુર્ગો (મોહંમદ સલ. અને અલી અલ.) નમાઝમાં મશગુલ છે.

નમાઝથી પરવાર્યા પછી જનાબ અબુતાલિબ (અલ.)એ જનાબ સરવરે દો આલમને પુછ્યું “બેટા તમે આ શું કરી રહ્યા હતા ? તો આપ (સલ.)એ ફરમાવ્યું “આ તેની ઈબાદત છે જે અમે કરી રહ્યા હતા અને અમે આપને પણ આ દીન તરફ બોલાવીએ છીએ, તેની ઈબાદત કરવાનું સૂચન કરીએ છીએ. આ સાંભળી હઝરત અબુતાલિબ (અલ.) એ ઉત્તર આપ્યો “અય ફરઝંદ! તમે સાચુ કહો છો પરંતુ અમે અમારા પિતાજી અબ્દુલ મુત્તલિબ અને અમારા પૂર્વજો હઝરત હાશિમ, અને હઝરત અબ્દેમનાફ, હઝરત કુસૈઈ એ જ પ્રમાણે નિરંતર હઝરત ઈસ્માઈલ (અલ.) અને

હઝરત ઈબ્રાહીમ (અલ.)ના દીનને નથી છોડી શકતા. પરંતુ તમે જે કામના માટે મોકલવામાં આવ્યા છો તેને દીલ ખોલીને (આઝાદી સાથે, ગભરાયા વગર) કરો. અમે કોઈ ઝાલીમને તમારા ઉપર ઝુલમ કરવાનો મોકો આપીશું નહિ.”

જોકે આ રિવાયત અમારા (શીયા) અકીદાની વિરુદ્ધ છે. કારણ કે પાછલા દીનોમાં નમાઝનો હુકમ કુર્આનથી સાબિત છે. જેને અમે અત્રે કુર્આનથી સાબિત કરીશું. છતાંય આ જુઠી રિવાયત ઘડનાર પોતાની જુઠી-બનાવટી રિવાયતમાં પણ હઝરત અબુતાલિબનું ઈમાન સાબિત કરે છે. કહે છે કે “તમે જે કામના માટે મોકવામાં આવ્યા છો” એટલે કે નુબુવ્વત સાથે નબી બનાવીને. (અલી અલ.ની દુશ્મનીમાં આ હદીસ ઘડનાર આ વાત ભૂલી જાય છે કે પોતે

હઝરત અબુતાલિબ અલ.ની ઝબાનથી જ નુબુવ્વતને સાબિત કરે છે. હઝરત અબુતાલિબ અલ. એમ નથી કહેતા કે તમે તે કામ માટે (નુબુવ્વત) મોકલવામાં આવ્યા નથી. જે કામ માટે જનાબ ઈસ્માઈલ અને ઈબ્રાહીમ અલ. મોકલવામાં અવ્યા હતા.) અહીં હઝરત અબુતાલિબ (અલ.) પેગંબરે ઈસ્લામની નુબુવ્વતનો ઈકરાર કરે છે.

## પ્રકરણ-૫ : અમારો અકીદો, હઝરત અબુતાલિબ (અલ.) પયદાઈશથી જ બાઈમાન હતા. આપના તમામ પૂર્વજો પણ હઝરત આદમ (અલ.) સુધી બાઈમાન હતા.

હઝરત અબુતાલિબ (અલ.) પોતાના બાપદાદાના દીન ઉપર હોવાથી નમાઝ પણ અદા ફરમાવતા હતા.

**અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે :**

રબ્બના ઈન્ની અસકન્તો મિન ઝુર્રીય્યતી બેવાદીન ગયરઅ ઝીઝરઈન ઈન્દઅ્ બયતેકલ મોહર્રમ, રબ્બના લે યોકુમુસ્સલાતઅ્

(સુરા ઈબ્રાહીમ આયત નં. ૩૭)

**અર્થાત્** : અય અમારા પરવરદિગાર ! નિ:સંશય મેં મારી ઓલાદમાથી કેટલાકને જ્યાં ખેતીવાડી જેવુ કંઈ નથી એવી જગ્યાએ તારા

પવિત્ર ઘરની પાસે વસાવ્યા છે. એટલા માટે કે તેઓ નમાઝ પઢ્યા કરે.

**અક બીજી જગ્યાએ ઈરશાદે ઈલાહી છે.**

વ અવસાની બિસ્સલાતે વઝ્ઝકાતે માદુમ્ત હય્યા

(સુરા મરિયમ, આયત નં. ૩૧)

**અર્થાત્** : "અમને નમાઝ પઢવાનો અને ઝકાત આપતા રહેવાનો હુકમ આપ્યો છે. જ્યાં સુધી અમે જીવતા રહીએ."

ઉપરોક્ત આયતોના પ્રકાશમાં વિચારવામાં આવે તો હઝરત અબુતાલિબ પણ ઈબાદતે ઈલાહી કરતા હતા. કારણ કે અમે સાબિત કરી ચૂક્યા છીએ કે હઝરત અબુતાલિબ (અલ.) પોતાના પૂર્વજોના દીન ઉપર હતા.

હઝરત રસૂલે ખુદા (સલ.) ઈરશાદ ફરમાવે છે કે ખુદાની કસમ ! મારા કાકા ખુદાના નેક અને સાલેહ બંદાઓમાંથી હોઈ અમે તેમના માટે દરેક પ્રકારની ભલાઈના ઉમ્મીદવાર છીએ.

હઝરત અલી (અલ.) ઈરશાદ ફરમાવે છે કે ખુદાની કસમ ! જો મારા પુર્વજો સમગ્ર વિશ્વની શફાઅત માગે, તો ખુદાતઆલા બધાંને બખ્શી આપશે. શું મારા બાપ જહન્નમમાં જઈ શકે છે ?!! જોકે અમે તો જન્નત અને જહન્નમના વહેંચનારા છે. કસમ ખુદાની કયામતના દિવસે મારા વાલીદ બુઝૂર્ગવાર અબુતાલિબનું નૂર પંજતન અને બાકી અઈમ્માના નૂર સિવાય તમામ નેક ઈન્સાનોના નૂર ઉપર પ્રભુત્વશાળી રહેશે.

હઝરત સાદીક આલે મોહંમદ ઈરશાદ ફરમાવે છે જનાબ અબુતાલિબ (અલ.) અંબિયા,

સિદ્દીકીન, શોહદા અને સાલેહીનના સાથીદારોમાંથી હશે.

હઝરત ઈમામ રઝા (અલ.) ઈરશાદ ફરમાવે છે જો તમે હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાનનો ઈકરાર નહીં કરો તો જહન્નમમાં જશો. (શરહ ઈબ્ને અબીલહદીદ ભાગ-૨, પેજ નં. ૧૧૬, ઈકતેબાસ મુકદ્દમા-૧૯ તફસીર અનવારૂલ કુર્આન)

એક વખતની ઘટના છે કે હઝરત અબુતાલિબ (અલ.) બીમાર પડ્યા. પેગંબરે ઈસ્લામ (સલ.) આપની બીમારપુરસી માટે તશરીફ લઈ ગયા તો હઝરત અબુતાલિબ (અલ.)એ કહ્યું "અય બેટા ! ખુદાએ આપને પેગંબર બનાવ્યા છે. શું તમે એનાથી મારી શફાઅત માટે દુઆ નથી માગતા. પછી આપ (સલ.)એ દુઆ ફરમાવી અને હઝરત અબુતાલિબ (અલ.) સારા થઈ ગયા. પછી

હઝરત અબુતાલિબે કહ્યું કે ખુદા જરૂર તમારી દુઆને સાંભળે છે. આપ પેગંબરે ખુદા છો. તો રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : હા, જો આપ પણ ખુદાની ફરમાબરદારી કરશો તો ખુદા આપની દુઆ પણ સાંભળશે. (સરતુન્નબી ભાગ-૧ પેજ નં. ૧૮૨)

સુન્ની આલિમ શિબ્લી નોઅમાની કિતાબની ઉપરોક્ત રિવાયતમાં આ વાતનો ઉલ્લેખ બે વખત કરે છે કે બેટા આપ અલ્લાહના પેગંબર છો, ખુદા તમારી દુઆ કબૂલ કરે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે હઝરત અબુતાલિબ (અલ.)નું રસૂલે ખુદા ઉપર ઈમાન હતું. વાચકોને હું વિચારવાનું કહું છું કે તેઓ વિચારે કે બીમારીમાંથી તંદુરસ્તી મેળવ્યા પછી આપ (સલ.) ઉપરના હઝરત અબુતાલિબના ઈમાનમાં કેટલી મજબૂતાઈ આવી ગઈ હશે ! ઈમાનમાં કેટલો વધારો થયો હશે !

વિશ્વાસપાત્ર સનદો દ્વારા હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)થી નકલ છે કે આપે ઈરશાદ ફરમાવ્યો : ખુદાની કસમ! ન તો મારા પિતાજીએ બુતોની પુજા કરી, ન મારા પુર્વજ જનાબ અબ્દુલ મુત્તલિબે, ન તેમના પિતાજી બુઝૂર્ગવાર જનાબ હાશિમે, ન તો તેમના પિતાજી જનાબ અબ્દેમનાફે. બલકે મારા બધા જ પૂર્વજો ખાનએ કાબાની તરફ મોં રાખીને નમાઝ પઢતા હતા. તેઓ બધા જ હઝરત ઈબ્રાહીમ (અલ.)ના દીન ઉપર હતા.

શાહ અબ્દુલ્લહક મોહદ્દીસ દહેલવીએ શરહ મિશ્કાત ફારસીમાં લખ્યું છે કે હઝરત રસૂલે ખુદાના તમામ પૂર્વજો બાપ-દાદાઓ હઝરત આદમ (અલ.)થી હઝરત અબ્દુલ્લાહ સુધી એકેએક કુફ્ર અને શીર્કની ગંદકીઓથી પાક પાકીઝા હતા.

ઉપરોક્ત હદીસમાં પેગંબરે ઈસ્લામ (સલ.) ફરમાવે છે કે હું અને અલી એક જ નૂરમાંથી પેદા કરવામાં આવ્યા છીએ. હઝરત અલી (અલ.)નું નૂર જે નૂરે રિસાલતનો એક ભાગ છે. હઝરત અબુતાલિબ (અલ.)ની પાક-પાકીઝા પીઠમાં રહ્યું. આ કેવી રીતે શક્ય છે કે એક વસ્તુનો ભાગ નાપાકીમાં હોય અને આખા નૂરને પાક હોવાનો હુકમ લાગુ કરવામાં આવે. આ તો સિદ્ધાંત છે કે એક ભાગની - એક હિસ્સાની નાપાકીના કારણે કુલની (આખા હિસ્સાની) પાકી નાકીસ-અધુરી રહેશે. ખામીવાળી ગણાશે. વળી કોઈ વસ્તુના બધા જ ભાગો પાક હશે તો તો કુલ વસ્તુ જ પાક થઈ જશે. બલકે પાક ગણાશે. આવી પરિસ્થિતિમાં ખામી કે ભૂલભાલ દૃષ્ટિમાન થતી નથી. આ પણ એક

સિદ્ધાંત છે કે પાક વસ્તુ નજીસ - નાપાક વાસણમાં આવ્યા પછી નાપાક થઈ જાય છે. અથવા જો આમ કહેવામાં આવે કે નાપાકના એકત્ર થવાથી પાક પણ એકત્ર થઈ જાય છે.

**અલ્લાહતઆલા સુરા તા-હા આયત નં. ૧,૨માં ઈરશાદ ફરમાવે છે.**

**તા-હા મા અન્ઝલના અલયકલ કુર્આનઅ્ લેતસ્કા.**

**અર્થાત્** : અય પાક અને પાકીઝા, અમે કુર્આન તારા ઉપર એટલા માટે નથી ઉતાર્યું કે તમે તમારી જાતને મુસીબતમાં નાખો.

માલુમ પડે છે કે અલ્લાહતઆલાએ પોતાના પેગંબરને અય પાક-પાકીઝા કહીને સંબોધન કર્યું. આપ પાક-પાકીઝા પેગંબરના આદમથી લઈને જનાબ અબ્દુલ્લાહ સુધીના જેટલા

પાત્રો-વાસણો-હ્યદયો જેટલીય પીઠો પૂર્વજોની હતી તે બધી જ પાક હતી, મોમીન હતી, જન્નતી હતી.

**એહલેબયત રિસાલતના વિષયમાં કુર્આન આ રીતે કસીદહ પઢે છે. જેને અમો આયતે તતહીર કહીએ છીએ.**

**ઈન્નમા યોરીદુલ્લાહો લેયુઝહેબઅ્ અનકોમુર્રીજસ અહલલ બયતે વયોતર્હેરઅ્કુમ તતહીરા**

(સુરા અહઝાબ આયત નં. 33)

**અર્થાત્** : અય અહલેબયત ! સિવાય તેના કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતાને દૂર કરી દે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે.

ઉપરોક્ત આયત દ્વારા પણ આ વાત સાબિત થાય છે કે એહલેબયતે રિસાલતના જેટલાં

વાસણોમાંથી (જેટલી પીઠો અને જેટલી માઓના પેટોમાંથી) આ રૂહો પસાર થઈ તે એકએક પાક-પાકીઝા હતા. હવે તેના સિવાયના જેઓ હશે તેઓ મહેનત અને કોશીશના પાત્ર ગણાશે. જાતી કે પૈદાઈશી નહીં ગણાય. કારણ કે આવા પાત્રો જેઓને ઈતિહાસના પાને ચમકાવવા માટે મુસ્લિમ આલિમોએ અવ્વલથી જ અસત્યનો આશરો લીધો છે. તેઓ બધાના મા-બાપો કાફિર હતાં. આયતે તતહીર તેઓ માટે નથી, જેઓ એહલેબયતે રસૂલ નથી. અહીં તો હઝરત આદમ (અલ.)થી આવતી નસ્લ પેગંબરે ઈસ્લામ અને આપના તમામ પૂર્વજો જેમાં મા-બાપ, દાદા-દાદી, પરદાદા-પરદાદીઓ સામેલ ગણાશે.

બહારના નૂત્ફાથી રસૂલના ઘરના સભ્ય બનેલી કોઈપણ વ્યક્તિ આ આયતમાં ગણાશે નહિ.

આપ (સલ.)ની પત્નીઓ પણ આમાં સામેલ ગણાશે નહિ. (ચાલાક આલિમો રસૂલ સલ.ની પત્નીઓને પણ આ આયતમાં સામેલ કરે છે.) તે સિવાય તે લોકો પણ આમાં સામેલ નહીં ગણાય જેમણે રસુલુલ્લાહ (સલ.)ના હાથ ઉપર ઈમાન લાવીને ઝાહેરી પાકી પ્રાપ્ત કરી.

## પ્રકરણ-૬ : હંમેશા ઈમામત નુબુવ્વતની કફીલ રહી છે નુબુવ્વતની જામિન રહી છે. નુબુવ્વતની પાલકપોશક રહી છે

અમારી ઉપરોક્ત સમજની પુષ્ટિ અલ્લાહનું કલામ કરે છે. દ્રષ્ટાંતરૂપે હઝરત ઈબ્રાહીમ (અલ.) ઈમામ હતા અને હઝરત ઈસ્માઈલ (અલ.) નબી હતા

આ વાત સ્પષ્ટ છે કે હઝરત ઈસ્માઈલ (અલ.)ના કફીલ હઝરત ઈબ્રાહીમ (અલ.) હતા.

હઝરત મુસા (અલ.) અને હઝરત ઈસા (અલ.) રસૂલ હતા. અને હઝરત ઈબ્રાહીમ એમના પૂર્વજ ઈમામ હતા. અમારા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.) સાહેબે શરીઅત અને સાહેબે કિતાબ-શરીઅત અને કિતાબના માલીક હતા. પરંતુ ઈમામતના માલિક હઝરત અબુતાલિબ (અલ.) આપ (સલ.)ની પરવરિશ કરનાર આપના કફીલ હતા.

ઉપરોક્ત દલીલો દ્વારા આ વાત સાબિત થઈ ચૂકી છે કે ખાનદાને નુબુવ્વત અને ઈમામત હંમેશા એક જ રહ્યું છે. વળી છેલ્લે જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.) (પ્યારા નબી હઝરત મોહંમદ સલ.એ અમીરૂલ મોઅમેનીન હઝરત ઈમામ અલી ઈબ્ને અબીતાલિબ અલ.ના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબ અલયહિસ્સલામ.) ની પીઠમાં ખાનદાને નુબુવ્વત પણ હતી અને આપની પીઠમાં ઈમામત પણ હતી. અને આ પાક-પાકીઝા ઓરત આખી ઉમ્મતના મા - જનાબ ફાતેમા મખઝીમા નુબુવ્વત અને ઈમામતના દાદી - હઝરત અબ્દુલ મુત્તલિબ (અલ.)ના અહલીયા મોહતરમાનું મુબારક રહમ (પેટ) આ બંને નૂરોનું સંરક્ષક રહ્યું. આ મા ના પેટમાં નૂરે નુબુવ્વત પણ હતું અને નૂરે ઈમામત

પણ હતું. આ મા ફાતેમા મખઝીમાએ બે પુત્રોને જન્મ આપ્યો (૧) હઝરત અબુતાલિબ (અલ.) હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)ના પિતાજી અને (૨) હઝરત અબ્દુલ્લાહ (અલ.), પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ના પિતાજી.

અલ્લાહની પોતાની મસલેહત કે આ નૂર એક જ હતું. તેને બે ભાગમાં વહેંચી દીધું. એક નૂરને જનાબ અબ્દુલ્લા (અલ.)ની પીઠમાં અને બીજા નૂરને હઝરત અબુતાલિબ (અલ.)ની પીઠમાં વહેંચી દીધું.

શાયદ આટલા માટે પણ હોઈ શકે કે માસુમાના નિકાહ માસુમ સાથે જ થઈ શકે. ગયર-મઅસુમની સાથે નથી થઈ શકતા. કારણ કે જનાબ ફાતેમા સલામુલ્લાહ અલયહા માસુમા હતાં, તેથી જ


amillibrary.com

જનાબ અબુતાલિબ (અલ.)ની પીઠમાંથી હઝરત અલી (અલ.) પેદા થયા.

આ જ કારણથી પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું : જો અલી ન હોત તો ફાતેમાનો કોઈ કુફ્ન ન હોત. હઝરત ફાતેમા (સલા.)ના જેવા, એમને લાયક, યોગ્ય ન હોત.

જ્યારે આ પાંચેય નૂરોને (મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન સલવાતુલ્લાહે અલયહીમ) અલ્લાહે એક ચાદરમાં ભેગાં કરી દીધાં તો દરરોજ આવવાવાળો મલક (ફરિશ્તો) પણ ન ઓળખી શક્યો કે આ કોણ લોકો છે ? બલકે અલ્લાહને પુછ્યું. ખુદાવંદે આલમે હઝરત જિબ્રઈલને આ અનવારની ઓળખ જનાબ ફાતેમા અલયહિસ્સલામના ઝરીઆથી કરાવી. પવિત્ર ચાદર ઉપર આયતે તતહીરની મોહર લગાવી દીધી.

અમારા આ વર્ણનથી સાબિત થાય છે કે જનાબ અબુતાલિબ (અલ.) મોમીને કામિલ હતા. જેથી જેઓએ અબુતાલિબના ઈમાનમાં શક કર્યો તેઓ મઝહબે ઈસ્લામને જ હજી સુધી ઓળખી શક્યા નથી. બલકે તેઓ બાનીએ ઈસ્લામને ઓળખવાથી પણ હજારો કિલોમીટર દૂર છે.

હઝરત અબુતાલિબ (અલ.) ઉમરમાં જનાબ રસૂલેખુદાથી ૩૫ વરસ મોટા હતા. આપ (સલ.)ની મહબ્બતમાં તમામ અરબસ્તાનને પોતાનું દુશ્મન બનાવી દીધું.

કુરૈશના પ્રતિનિધિમંડળો અનેક વખત હઝરત અબુતાલિબ (અલ.)ની પાસે પેગંબરે ઈસ્લામની ફરિયાદ લઈને આવ્યાં. દરેક વખતની કુરૈશના આગેવાનોની ફરિયાદનો સૂર લગભગ એક જ હતો.

(૧) તમારા ભત્રીજાને કહો કે અમારા ખુદાઓને (મૂર્તિઓને) બુરુંભલું ન કહે. અમારી ઈબાદતને બેકાર-વ્યર્થ ન કહે.

(૨) તબ્લીગ ન કરે, પ્રચાર ન કરે, પોતે પોતાનો અમલ કરીને ઘરમાં બેસી રહે. નહીં તો તમે વચ્ચેથી ખસી જાવ, અમે છીએ ને મોહંમદ છે.

(૩) જો આ નવા દીનની સ્થાપનાથી મોહંમદનો મકસદ બાદશાહત, આગેવાની, માલદવલત હોય તો તે પણ આપી દઈએ.

(૪) જો એને જીન આવતો હોય, અથવા મગજ ખરાબ થઈ ગયું હોય તો અમો તેનો ઈલાજ કરાવીએ.

હઝરત અબુતાલિબ (અલ.) એક પ્રતિભાશાળી અને બુદ્ધિશાળી વ્યક્તિ હતા. આપ સમજતા હતા કે મક્કાના લોકોનો આટલો ભારે

વિરોધનો મુકાબલો કરવો સાધનસામગ્રી અને માનવબળ વગર ઘણું જ મુશ્કેલ કાર્ય છે. જેથી આ લોકો શાંત રહે એવો જવાબ આપી ઈસ્લામની તબ્લીગ ચાલુ રાખી પોતે પણ ગુપ્ત રીતે ખામોશી સાથે અલીને પ્રોત્સાહિત કરીને નબીના કાર્યને વેગ આપતા રહ્યા. સાથે એક વડીલ તરીકે કુરૈશના ઝાલીમોને પોતાના બુદ્ધિબળથી કંટ્રોલમાં રાખતા રહ્યા. કુરૈશના પ્રતિનિધિમંડળની ફરિયાદ વખતે આ લોકો જીદ ઉપર જવાથી પેગંબરે ઈસ્લામને બોલાવી પ્રતિનિધિમંડળની સામે પેગંબરે ઈસ્લામને સૂચિત કર્યા કે બેટા ! આ તમારી કોમના આગેવાનોની આ ફરિયાદ છે. તમે માનો તો ઠીક છે. જ્યારે પેગંબરે ઈસ્લામે ઈન્કાર કર્યો અને પ્રતિનિધિમંડળના માણસો ગુસ્સામાં એલફેલ બોલતા ભાગી ગયા. ત્યારે આ બહાદુર પુરુષે

નબીને કહ્યું. બેટા, તમે જે કરો છો તે કરતા રહો. હું છું ત્યાં સુધી આપનો કોઈ વાળ પણ વાંકો કરી શકશે નહિ.

એક બીજા મોકા ઉપર પ્રતિનિધિમંડળના અતિશય ગુસ્સાને ઠારવા પેગંબરે ઈસ્લામને બોલાવ્યા અને કહ્યું બેટા ! કાકાની જાન (શબ્દ પ્રયોગ છે) મારી ઉપર એટલો બધો બોજ ન નાખો કે હું ઉપાડી ન શકું. પેગંબર (સલ.) તો કાકાને પાકા, ખૂબ જ પાકા મુસલમાન સમજતા હતા, છતાંય પેગંબર ઈસ્લામ પોતાનો બુદ્ધિચાતુર્યભર્યો ઉત્તર આપીને ઝાલીમોને પોતાની અડગતાનો ખ્યાલ આપે છે. પોતાના અડગ ઈરાદાનો ઉલ્લેખ કરતાં કહે છે કે :

કાકાજાન ! અગર આ લોકો મારા એક હાથમાં સૂર્ય અને બીજા હાથમાં ચંદ્ર પણ લાવીને

આપી દે, તો પણ હું મારા આ કાર્યમાં જરાય પાછીપાની કરીશ નહિ. જે કાર્ય મારા અલ્લાહે મને સોંપેલું છે. જે કાર્ય મારી જવાબદારી છે.

રસૂલ કાકાને આમ નથી કહેતા કે તમારાથી ભાર ન ઊઠાવાય તો તમે મને છૂટો કરી દો. તમે મારાથી અલગ થઈ જવાનું એલાન કરી દો. મને તમારી કોઈ જરૂર નથી.

મારા ભાઈઓ ! મારા પ્રિય વાચકો ! આપણી બુદ્ધિ નબીઓની હિકમતને-ઈમામોની હિકમતને નથી સમજી શકતી. કાકા નબીને કહે છે કે મારા ઉપર એટલો ભાર ન નાખો કે હું જે ઉપાડી ન શકું, અને નબી સૂરજ, ચંદ્રની વાત કરે છે. આમાં એક હિકમત છે. બુદ્ધિશક્તિ છે, સમજદારી છે. ઝાલીમોને ઠંડા રાખવાની કાકા-ભત્રીજાની એક નીતિરીતિ છે.

કારણ કે ઈસ્લામ તેના આરંભકાળમાં હતો. ઈસ્લામનો એકડો ઘુંટાતો હતો. બહાદુરીપૂર્વકનો હાઉ ટકાવી રાખવાનો હતો. બે ચાર માણસો સહનશક્તિ ગુમાવી હથિયારો લઈને નીકળી પડે તો ઈસ્લામી તેહરીક તેના અવ્વલકાળમાં જ કચડાઈ જાય. અનેક વખત તો હઝરત અબુતાલિબ (અલ.)એ કુરૈશના નાના પ્રતિનિધિમંડળોને (એકાદ બે ચાર માણસોની શિકાયતોને) નરમી સાથે સમજાવી પતાવીને રૂખશત કરી દીધાના ઐતિહાસિક દૃષ્ટાંતો છે.

## પ્રકરણ-૮ : ખાનદાને નુબુવ્વતનો બાયકોટ

અતિશય ઉગ્ર, વિરોધ, સામનો કરવાની અશક્તિ, બાયકોટના કારણે જીવન જીવવા માટે પડતી મુશ્કેલીઓ, મુસલમાનો સાથેનો કુરૈશનો બાયકોટ તો કેવો !! ઈન્સાની બુદ્ધિ જેને સમજી પણ ન શકે. હાથમાં પૈસા હોવા છતાં દુકાનદાર કોઈ મુસલમાનને સોય-દોરો વેચાતો ન આપે. એવો બાયકોટ કે પ્યાસે મરતી વ્યક્તિને ઘુંટ પાણી ન પાય. આવી પરિસ્થિતિમાં મોહર્રમ ૭ નુબુવ્વતથી (બેઅસતથી) (નુબુવ્વતના સાતમાં વર્ષથી) અબુતાલિબ ચાલીસ માણસોના ઈમાનવાળા કાફલા સાથે શોઅબે અબીતાલિબમાં કેદ થઈ જાય છે. તમામ ઈતિહાસકારોના વર્ણાનુસાર જેમાં શીયા-સુન્નીનો કોઈ ઈખ્તેલાફ નથી. પુરા ત્રણ વર્ષનો સમયગાળો કેદ ભોગવે છે. જે બધા જ બની હાશિમ

ખાનદાને રસૂલ છે. તે સર્વેના વડા - જનાબ અબુતાલિબ (અલ.) આખા કુટુંબના અગ્રેસર, ઝઈફીની હાલતમાં હોવા છતાં શોઅબે અબીતાલિબમાં કેદ રહે છે. જ્યાં ભૂખ-પ્યાસ બધું જ વેઠવું પડયું છે. બની હાશિમના બાળકોના ભૂખથી રડવાના અવાજો રાતના સન્નાટામાં કાબાની દિવાલો સાથે ટકરાય છે. ખટુમડા ઝાડોના પાંદડા આ લોકોને ખાવા પડયા છે.

આ અબુતાલિબ બની હાશિમનો વડલો પુરુષ જેની બુદ્ધિશક્તિ અને ઈસ્લામ પ્રેમ ઉપર અમારો જાન અને માલ કુરબાન. જેની રૂહ મુબારકને અમારા લાખો દુરૂદો સલામ. નબીને સુવડાવીને પાસે સૂઈ જાય છે. અડધી રાતે નબીને ઉઠાડીને જગ્યા બદલાવે છે. અને નબીના બીસ્તરા ઉપર પોતાના બીજા કોઈ પુત્રને પકડી લાવીને

ઊંઘમાં લથડીયા ખાતા બીજા બેટાને - ઘણે ભાગે તો હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને સુવડાવી દે છે. એક બે અઠવાડિયા નહિ, માસ બે માસ નહિ હઝરત, અબુતાલિબ (અલ.) આ ક્રિયા પૂરા ત્રણ વર્ષ કરે છે. નબીની જાન બચાવવાની ચિંતા જે વ્યક્તિ આટલી બધી કરતા હોય, જેણે નબીનું પાલનપોષણ કર્યું હોય તેને મુસલમાનો જહન્નમમાં મોકલે છે. કહે છે કે ઈમાન નથી લાવ્યા. મુસલમાનોની કિતાબોમાં જુઠી હદીસો ઘડીને મૂકી દેવાય છે. આ તે કેવો બુગ્ઝ, કેવો કીનો અને કેટલો કપટ !! આ કપટ શા માટે ?

૭ બેઅસ્ત - નુબુવ્વતની જાહેરાતના સાતમાં વર્ષની પહેલી મહોર્રમથી લઈ, ૧૦ બેઅ્સત - નુબુવ્વતની જાહેરાતના દસમાં વર્ષે, હજના જમાનામાં આ લોકો બહાર આવે છે. શોઅબે

અબીતાલિબ બે પહાડો વચ્ચેની ઘાટીમાં આ લોકો કેદ થઈ જાય ગયા હતા.

કુરૈશના સર્વે આગેવાનોના હસ્તાક્ષર સાથેનું એક દસ્તાવેજી લખાણ કાબામાં ચીપકાવેલું હતું કે કોઈએ બની હાશિમ સાથે કોઈપણ જાતના લેવડ-દેવડ, ખરીદ-વેચાણ કે અન્ય કોઈપણ પ્રકારના સંબંધ રાખવા નહિ. આ વાતોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિને પણ આ જ રીતે બાયકોટ કરવામાં આવશે.

આ બાયકોટ સૌપ્રથમ હઝરત અબુતાલિબ (અલ.) સાથેનો છે. કારણ કે આ સૌથી મુખ્ય વડીલ છે. પોતાના નાના-મોટા તમામ બાલબચ્ચાં સાથે આ ઝઈફ વ્યક્તિ ઈસ્લામને ખાતર કેદમાં રહે છે.

ઈતિહાસકાર ઈબ્ને સઅદની રિવાયત છે કે બની હાશિમના બાળકો જ્યારે ભૂખથી રડતાં તો

એમની અવાજો આ પહાડોની વચ્ચેથી બહાર આવતી. આ અવાજો સાંભળી કુરૈશ ખુશ થતા. આ સન ૧૦ નબવીની ઘટનાઓ છે.

(સિરતુન્નબી શિબ્લી નોઅમાની ભાગ-૧ પેજ નં. ૧૮૦ આલીમે એહલે સુન્નત)

અલ્લામા હલબી લખે છે કે હઝરત અબુતાલિબનો આ નિયમ હતો કે દરરોજ રાતે રસૂલે ખુદાને ફરમાવતા. મારી પાસે જ મારા બિસ્તરા ઉપર સૂઈ રહો. જ્યારે રસૂલુલ્લાહ (સલ.) સૂઈ જાય પછી આપ (સલ.)ને આ જગ્યાએથી હઠાવી દેતા. પછી પોતાના દીકરાઓ અને સગા ભાઈઓમાંથી કોઈકને હુકમ આપતા કે મોહંમદની જગ્યા ઉપર જઈને સૂઈ જાઓ. કારણ આ હતુ કે રાતના કોઈ દુશ્મન દગા ફટકાથી પેગંબરની

 amillibrary.com

સૂવાની જગ્યા જાણી લઈ કતલ કરી નાખે. (સીરતે હલબીયાહ ભાગ-૧ પેજ નં. ૩૪૨)

શું ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામની હિફાઝત કરનાર આ વયોવૃદ્ધ વડીલ હઝરત અબુતાલિબ (અલ.)ને મુસલમાનો કાફિર કહેશે ? હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાનની સાબિતીઓના ઈતિહાસકારોના ૩૦૦૦ થી ઉપર પેજોના વાંચન પછી આ નેવુ જેટલા પેજો લખી રહ્યો છું. હઝરત અબુતાલિબ (અલ.)ની જિંદગીના હાલાતને વાંચતા પથ્થરદીલનો માણસ પણ આપની મહબ્બતમાં રડી પડે.

એક વખત શોઅબે અબીતાલિબમાંથી રસૂલ બહાર ચાલી ગયા તબ્લીગ માટે, હજનો જમાનો હતો. તંબુઓમાં અથડાતા-પછડાતા જ્યારે ફરી શોઅબમાં આવ્યા ત્યારે આપ (સલ.) ખરે જ

રડતા હતા. ગમે તેમ શું મુશ્કેલી પેશ આવી હશે. કેવી આફતોનો સામનો પડ્યો હશે. પરંતુ રસૂલ પોતાના કાકાથી આ વાત છુપાવવા માગતા હતા. જેથી બને એટલા વ્યવસ્થિત દેખાય એ રીતે આપ ઘાટીમાં દાખલ થયા. હઝરત અબુતાલિબ તો પોતાના બેટાની એક એક પળ રાહ જોતા બેઠા હતા. હજી તો આપ જમ્યા પણ ન હતા. વયોવૃદ્ધ હતા. વૃદ્ધાવસ્થામાં પણ રસૂલની સામે દોડતા આવ્યા. વ્યવસ્થિત થયા હોવા છતાંય રસૂલની આંખના ખૂણામાંથી આંસુ ટપક્યું. આ આંસુ હાથની મુબારક આંગળી ઉપર લેતાં હઝરત અબુતાલિબ (અલ.) બહાદુરીપૂર્વક બોલ્યા બેટા ! તું કેમ ગભરાઈ જાય છે. હજી તો હું તારો કાકો બેઠો છું. આવા કાકાને મુસલમાનો કાફિર કહે છે. રડવું આવી જાય છે.

આવા હાલાત વાંચતાં આપણને રડવું આવી જાય છે. ત્યારે આપણા હ્દયને આપણે પૂછવું પડે છે કે તું શેના ઉપર રડે છે. હઝરત અબુતાલિબ (અલ.)ની ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામની મહબ્બત ઉપર રડે છે કે પેગંબરે ઈસ્લામની તકલીફો ઉપર રડે છે ?

શીયા બિરાદરી હઝરત અબુતાલિબ (અલ.)ને સાચા પાકા મોમીન માને છે. બલકે ઓલમાએ ઈમામીયાનો એક વર્ગ તો સ્પષ્ટપણે સાબિતીઓ સાથે કહે છે કે રસૂલે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) અને અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ના તમામ પૂર્વજો હઝરત આદમ (અલ.) સુધીના કાં તો નબી હતા અથવા નબીઓના વસી હતા. નબીઓના વજીર હતા. નબીઓના ઉત્તરાધિકારી એવા ઈમામ હતા. કેટલાક

તો એવા ઈમામ હતા કે તેઓએ તેમની આગળના નબીઓની શરીઅત ઉપર ફક્ત અમલ કરવાનો હુકમ હતો. તબ્લીગ કરવાનો હુકમ ન હતો.

પહાડીની ઘાટીમાં બાયકોટના ત્રણ વર્ષ પૂર્ણ થયાં, ત્યારે એક દિવસ રસુલુલ્લાહ (સલ.)એ જનાબ અબુતાલિબ (અલ.)ને કહ્યું : ચચાજાન ! મારા ઉપર અલ્લાહની વહી નાઝિલ થઈ છે કે આપણને બાયકોટ બનાવેલા કુરૈશના અહદનામાને ઉધઈ ખાઈ ચૂકી છે. સિવાય નામે ખુદા, એમાં હવે કંઈપણ બચ્યું નથી. (આ અહદનામાને અનેક પ્રકારના ચામડામાં સીવીને હુકુમત જેમ પોતાના કોઈક કાયમી દસ્તાવેજને વરસો સુધી દાગ પણ ન લાગે એટલો ભારે એહતેમામ કરે છે. તેવી જ વ્યવસ્થા આ લોકોએ કરી હતી. લંબાણના ભયે વિસ્તાર ટૂંકાવું છું.) આ સાંભળી હઝરત અબુતાલિબ

(અલ.) કુરૈશની પાસે ગયા તેઓને પરિસ્થિતિથી માહિતગાર કર્યા, તેઓથી અહદ લીધો કે જે વાત મારા ભત્રીજાએ કહી છે. જો તે સાચી નીકળે તો અમારી સાથે આવા બેરહમીભર્યા વર્તાવથી પરહેઝ કરો. અને જો જુઠ નીકળે તો ચોક્કસ હું મારા ભત્રીજાને તમને સોંપી દઈશ. દસ્તાવેજ જોતાં આ વાત તદ્દન સાચી સાબિત થઈ. તો કેટલાક તો વધુ ઝુલમ ઉપર ઉતરી પડ્યા. ગુસ્સામાં ઉકળી ઊઠ્યા. ઉધઈ ખાઈ ચૂકેલા દસ્તાવેજના ચીથરેચીથરાં કરી નાખ્યાં. જ્યારે કેટલાક બની અબ્દુલ મુત્તલિબ સાથે સંમત થઈ ગયા. બની હાશિમના આ મઝલુમોને પુરા ત્રણ વર્ષ પછી બાયકોટથી છુટકારો મળ્યો.

તારીખે અબુલ ફીદા ભાગ-૨, પેજ નં. ૧૭ પ્રકાશન અફઘાની પ્રેસ અમૃતસર ઈ.સ. ૧૯૦૧ - નોંધાયેલ છે. ઉપરોક્ત ઘટનાથી પણ હઝરત અબુતાલિબના ઈમાનવાળા હોવાની સાબિતી મળે છે.

હઝરત અબુતાલિબ (અલ.)ના મુબારક મોંએથી નીકળેલા આ શબ્દો "મારો ભત્રીજો કદી જુઠું બોલતો નથી. એ અલ્લાહનો રસૂલ છે." (અલઅઆલા - ભાગ-૭, પેજ નં. ૧૧૩) અનેક ઈતિહાસકારોએ નોંઘેલા છે.

આપ પોતાના ફરઝંદો અલી અને જઅફરને વારંવાર રસૂલેખુદાની તાબેદારી કરવાનો હુકમ આપતા હતા. તેમની સાથે નમાઝ પઢવાની ફરમાઈશ કરતા હતા. પોતાના ભાઈ હમઝાના ઈમાન લાવવાથી તો આપ ઘણા જ ખુશ થયા હતા. હંમેશા મક્કાના તમામ સમાજને ઉઘાડે ચોગ કહેતા હતા કે હાં ! હાં ! મોહંમદ આપણને ખેર અને ભલાઈની તરફ બોલાવે છે. તમે દીને મોહંમદીને મજબૂતીથી પકડી રાખો. (તારીખે કામિલ - ભાગ - ૨ પેજ નં. ૨૧)

## પ્રકરણ-૯ : હઝરત અબુતાલિબ (અલ.) ઉપર આ ઝુલ્મ શા માટે ? તેઓનો ગુનોહ શું છે ?

હઝરત અબુતાલિબ (અલ.) મોમીને કુરૈશ હતા. આપનું ઈમાન તે જમાનાના તમામ લોકો કરતા શ્રેષ્ઠ હતું. અંબિયાના દીનની વિરાસત આપની પાસે હતી. ખુદા અને તેની વહ્દાનિયત, પેગંબરે ઈસ્લામની રિસાલત અને ઈમામત પર આપનું કામિલ યકીન હતું, કયામત અને જન્નત-જહન્નમ ઉપર આપ પુરું યકીન ધરાવતા હતા. આપના અનેક બોધવચનો પણ આ બાબત જોવા મળે છે. આપ પોતે ફક્ત મોમીન કામિલ ન હતા. પરંતુ સ્વયં ઈસ્લામના રક્ષક હતા.

સમજમાં નથી આવતું કે આટલા મોટા પ્રમાણમાં આપના ઈમાન અંગેની દલીલો હોવા છતાં શા માટે લોકો આપના મુસલમાન હોવા

માટેના મુનકીર - ઈન્કારી છે ? આ બાબત મુખ્ય કારણ તો આ જ માલુમ પડે છે કે તેઓ હઝરત અલી (અલ.)ના વાલીદ-બુઝુર્ગવાર છે. હઝરત અબુતાલિબ (અલ.)ના ગુનો જ આ છે.

હઝરત અલી (અલ.)નો દરજ્જો કેવી રીતે ઘટાડવો ? જ્યારે અન્ય ખલીફાઓ પોતે જ મુનાફિક હતા. જેમના નિફાક માટે બુખારી-મુસ્લિમના દૃષ્ટાંતો જ પુરતાં છે. વળી તેઓના બાપો મુશરીક હતા. જેમના ઈમાન લાવ્યાની જુઠી રિવાયતો પણ આ લોકો પેદા કરી શક્યા નથી.

વળી જે બુખારી - મુસ્લિમે પેગંબરે ઈસ્લામના મા-બાપને જહન્નમી બતાવી દીધાં, આવી જુઠી રિવાયતો પણ બનાવી લીધી. તે લોકો હઝરત અબુતાલિબ (અલ.)ને શા માટે છોડે ?

ગમે તેમ મઆવીયા અને યઝીદથી તો એમને ખૂબ જ પ્રેમ છે. મઆવીયાને તો ખાલુલ મુસ્લેમીન બનાવ્યો છે. ખાનદાને રસૂલથી (ખાનદાને અલી એક જ છે - બંનેના દાદા એક જ છે.) તો આ લોકોને દુશ્મની છે. જે ખાનદાને રસૂલનો દુશ્મન તે વહાબી મુસલમાનોનો દોસ્ત. યઝીદ લાનતુલ્લાહ.

આટલા મોટા હઝરત અબુબકર ! કેટલા મોટા !! તેમની બેટી માતાજી આયશા વળી તે પણ રસૂલને પણ કેટલાં પ્યારાં ! રસુલના વહાલા પત્ની મુસલમાન આલિમોએ તો ચહીતી બીબીના નામના કસીદા પઢેલા છે. કિતાબોમાં જોઈ શકાય. માતાજી આયશાના પૂજ્ય નામની આગળ આલિમો પૂછડું તો લગાવી જ દે છે કે “રસુલકી ચહીતી બીબી ફરમાતી હૈ” આ ચહીતી બીબીના સગાભાઈ “મોહંમદ ઈબ્ને અબુબકર” જેઓ અલીના ચાહક હતા. જમલની જંગમાં

માતાજી આયશાના - પોતાની સગી બેનના વિરુદ્ધ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ સાથે રહીને જંગ લડ્યા હતા. તેઓ ખાલુલ મુસ્લેમીન કેમ નહિ ?

મુસલમાનોની કિતાબો અજીબોગરીબ - નવાઈ પમાડે એવી હદીસો વર્ણવે છે. જેમાં રસૂલને પણ ઈન્સાફના કઠેડામાં ઊભા કરી દે એવી વાતો છે. રસૂલની ચહીતી બીબી આયશા શબ્દ પ્રયોગો જોવા મળે છે. તો શું અન્ય માઓને રસૂલ ચાહતા ન હતા ? અથવા ઓછી ચાહતા હતા. શું નબીઅલ્લાહ માટે આ વાત યોગ્ય છે ? કે તે કોઈ પત્નીને વધારે ચાહે અને કોઈ પત્નીને ઓછી ચાહે. જોકે અલ્લાહ કુર્આનમાં પત્નીઓમાં ઈન્સાફ કરવાનો હુકમ આપે છે. અને હદીસની કિતાબોમાં માતાજી આયશા વર્ણવે છે કે રસૂલ મને સૌથી વધારે ચાહતા હતા. આ વાત નબીની શાનના વિરુદ્ધ છે.

## પ્રકરણ-૧૦ : કેટલીક એવી અહાદીસનું વર્ણન જેમાં જનાબ અબુતાલિબ (અલ.) મોમીને કામિલ હોવાનો ઉલ્લેખ મળે છે.

હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.) ફરમાવે છે : હઝરત રસૂલેખુદાના બાપ-દાદાઓ - તમામ પુર્વજો જન્નતમાં એવી રીતે જશે જેમાં અબ્દુલમુત્તલિબ પણ હશે કે તેઓમાં અંબિયાઓનું નૂર હશે. તેમનો જમાલ-રોનક-પ્રતાપ બાદશાહો જેવો હશે. હઝરત અબુતાલિબ પણ આ જ લોકોમાંથી હશે.

(અસાબા ભાગ-૭ પેજ નં. ૧૧૫)

ઉપરોક્ત કથનના સમર્થનમાં તારીખે અઈમ્મામાંથી કેટલીક વાતો આવે છે.

આપણે જાણવું જોઈએ કે તમામ ઓલમાએ ઈમામીયા આ વાત ઉપર એકમત છે કે હઝરત

રસૂલેખુદા (સલ.)ના મા-બાપ અને તમામ પૂર્વજો હઝરત આદમ (અલ.) સુધી બધા જ મોમીન હતા. બલકે નેક સાલેહ અને શ્રેષ્ઠ મોમીન હતા. વળી આપ (સલ.)નું નૂરમુબારક કદીપણ કોઈ મુશરીક પુરુષ કે મુશરીક સ્ત્રીની પીઠ કે રહમમાં ગોઠવાયું નથી. બલકે પાક સુલ્બોમાંથી (પીઠોમાંથી) પાક રહેમોમાં આ નૂર આવતું રહ્યું. અહીં સુધી કે આપ (સલ.)નો જુહુર થયો.

આપ (સલ.)ના બાપ-દાદાઓ અને માઓ-દાદીઓના વંશમાં કોઈ શંકા-કુશંકાને જરાય સ્થાન નથી. વિશિષ્ટ અને સામાન્ય તમામ બુઝૂર્ગોના અતૂટ વર્ણનો આ બાબત સાબિતીરૂપ છે કે આપ (સલ.)ના બાપ-દાદા બધા જ અંબિયા અને અવસીયા તથા દીને ઈસ્લામનો ભાર ઉઠાવનારા હતા. વળી હઝરત ઈસ્માઈલ (અલ.)ની નસલોના

સિલસિલામાં આપ (સલ.) જે જે બાપ-દાદાઓ ગુજર્યા બધા જ મક્કાના સરદાર અને ખાનએ કાબાનો વહીવટ કરનાર હતા. કાબાનું સમારકામ, સાચવવું, રક્ષણ કરવું, વ્યવસ્થા કરવું વગેરે સર્વે કામગીરી તેઓની સાથે જ સંબંધીત હતી. તે બધાનો મરજઅ છે. તેઓની વચ્ચે મિલ્લતે ઈબ્રાહીમ હતી. બધા જ શરીઅતના સંરક્ષક હતા. આપ (સલ.)ના તમામ પૂર્વજોએ એકબીજાને વસીય્યત કરી અને આષારે અંબિયા-અંબિયાની નિશાનીઓ એકબીજાને સોંપી. અહીં સુધી કે આ સિલસિલો જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.) સુધી પહોંચ્યા અને જનાબ અબ્દુલ મુત્તલિબ (અલ.)એ જનાબ અબુતાલિબ (અલ.)ને પોતાની વસી બનાવ્યા.

જનાબ અબુતાલિબ (અલ.)ના ઈન્તિકાલનું વર્ષ રસુલુલ્લાહ (સલ.)ને એટલું દુ:ખદાયક ગુજર્યું કે આપ (સલ.)એ એ વર્ષનું નામ આમૂલ હુઝ્ન-દુ:ખનું વર્ષ રાખ્યું. કારણકે એ જ વર્ષમાં બે ચાર દિવસના અંતરે આપ (સલ.)ના અહલીયા મોહતરમા જનાબ ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હા પણ જન્નતનસીન થયાં હતાં.

જનાબ અબુતાલિબ (અલ.) તથા જનાબ ખદીજા (રઝિ.) બંનેના ઈન્તિકાલથી અરબોમાં ખુશીની લહેર દોડી ગઈ. બેરહમ બનીને રસુલુલ્લાહને સતાવવા લાગ્યા.

(સીરતુન્નબી ભાગ-૧ પેજ નં. ૧૮૨)

# પ્રકરણ-૧૧ : જનાબ ફાતેમા બિન્તે અસદ રઝિયલ્લાહો તઆલા અનહા

જનાબ અબુતાલિબ (અલ.), જનાબ ખદીજા (રઝિ.)ના સિવાય પેગંબરે ઈસ્લામનાં એક મોહસીન જનાબ ફાતેમા બિન્તે અસદ પણ હતાં. રસૂલે જેમને પોતાના મા કહ્યાં છે. જનાબ ફાતેમા બિન્તે અસદ (રઝિ.) પોતાના પેટની અવલાદ કરતાં પણ રસૂલને વધારે મહત્ત્વ આપતાં હતાં.

આપનું નામ મુબારક ફાતેમા હતું. આપના વાલીદ મોહતરમનુ નામ અસદ ઈબ્ને હાશિમ ઈબ્ને અબ્દેમનાફ હતું. આપની શાદી અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ ઈબ્ને અબ્દેમનાફ સાથે થઈ.

જનાબ ફાતેમા બિન્તે અસદ હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાનનું એક સાક્ષાત અને

પ્રકાશિત સુબુત છે. ઈતિહાસકારો આ વાતનો ઈકરાર કરે છે કે જનાબ ખદીજા (રઝિ.)ના પછી સ્ત્રીઓમાં આપ સૌથી પ્રથમ ઈમાન લાવનારીઓમાંથી હતાં. બેઅ્સત એક નબવીમાં નુબુવ્વતની જાહેરાતના પ્રથમ વર્ષમાં મોહતરમાએ પોતાના ઈસ્લામનો ઈઝહાર કર્યો. રસૂલેખુદાના કાકી હોવાથી આપ પેગંબર ઉપર મા થી વધારે મહેરબાન હતાં. મોહતરમા ફાતેમા બિન્તે અસદ (રઝિ.) એ હઝરત અબુતાલિબ (અલ.) પછી છ વર્ષ બાદ ઈન્તેકાલ ફરમાવ્યો. મતલબ મદીના શરીફમાં હિજરીસન ૪માં વફાત પામ્યા.

જનાબ ફાતેમા બિન્તે અસદ (રઝિ.) બેઅ્સતના પ્રથમ વર્ષથી લઈને દસ વર્ષ સુધી હઝરત અબુતાલિબ (અલ.)ના નિકાહમાં રહ્યાં.

મઆઝલ્લાહ અલ્લાહ માફ કરે, અલ્લાહ માફ કરે જો હઝરત અબુતાલિબ (અલ.) કોઈ સમયગાળામાં પણ કાફિર હોત તો જનાબ ફાતેમા બિન્તે અસદે તેમને તેમના કાફિર હોવાના કારણે છોડી દેવા જોઈતા હતા. તેમના નિકાહમાંથી અલગ થઈ જાત અથવા તો જનાબ અબુતાલિબ જ જનાબ ફાતેમા બિન્તે અસદ (રઝિ.)ના ઈમાન લાવ્યા પછી તેમનાથી પોતે અલગ થઈ જાત. અરે ! રસુલેખુદા જ પોતે આ બંનેને અલગ કરી દેત. કે મોમેના ઈન્કારીના (ઈનકારી = કાફિર) નિકાહમાં નથી રહી શકતી. મતલબ કે જનાબ ફાતેમા બિન્તે અસદ મોમેના હોવા છતાં દસ વરસ જે લાંબી મુદત જનાબ અબુતાલિબ (અલ.)ના નિકાહમાં રહ્યાં. ત્યાં સુધી જનાબ અબુતાલિબ (અલ.)ની વફાત થઈ.

તારીખે કામિલ અને તારીખે તબરીના સેંકડો દૃષ્ટાંતો દ્વારા ઉપરાંત બીજી અનેક તારીખની કિતાબો દ્વારા તથા હદીસ અને સીરતની અનેક કિતાબો દ્વારા આ વાત બંને ફિરકાના આલિમોમાં સર્વસામાન્ય છે કે જનાબ ફાતેમા બિન્તે અસદ રઝિયલ્લાહો તઆલા અનહા બા ઈમાન મોમીના હતાં. ઉપરાંત ઉપરોક્ત તમામ પ્રકારની કિતાબોમાં આ બાબતના સૂબૂત પણ મળે છે કે,

"રસુલુલ્લાહ (સલ.)ના જમાનામાં મુસલમાન પુરુષો બિનમુસ્લિમ સ્ત્રીઓથી અલગ થઈ જતા હતા, તો પછી મોમેના સ્ત્રી બિનમુસ્લિમ પતિથી કેમ અલગ ન થઈ જાય. અબુ અમરૂ અલઅદસનું વર્ણન છે કે હું મક્કાની બહારના ગામડાઓમાં ફરતો હતો. તે દરમ્યાન હું ઈસ્લામ લાવ્યો. ઈસ્લામ લાવ્યા પછી હું મક્કા આવ્યો. મારી

પત્ની મક્કામાં રહેતી હતી. મારી પત્ની મારી પાસે આવી તો મેં તેને કહ્યું : હવે તમે મારાથી દૂર રહો. કારણ કે હવે હું તમારો પતિ નથી અને ન તમે મારી પત્ની છો. એકદમ ચોંકી ઊઠી, પુછ્યું કે તમે શા માટે આ પ્રકારનું બોલો છો. મેં કહ્યું ઈસ્લામે તમને મારાથી અલગ કરી દીધી છે. હું મુસલમાન થઈ ગયો છું. તેણે જવાબ આપ્યો તો જે તમારો ધર્મ છે તે મારો ધર્મ છે. ત્યારે મેં કહ્યું કે જાઓ. ગુસલ કરો (નાહી નાખો) જ્યારે તે ગુસલથી પરવારીને આવી તો મેં તેને ઈસ્લામની મોટી મોટી વાતો શીખવી. પછી તો તે પણ મુસલમાન થઈ ગઈ.

ઉપરોક્ત કિસ્સો કેટલો સરસ છે. વિચારો... તે સમયના સમાજમાં ઈમાન વગરની પત્નીને અડકવાની છૂટ ન હતી. સમાજમાં કેટલી નેકી અને

ભલાઈ હતી. યુવાન બહારથી ઘેર આવીને પણ પત્નીને પોતાનાથી દૂર રહેવા જણાવે છે. ઈસ્લામ તરફનું આ કેટલું તીવ્ર આકર્ષણ હતું. તે શુદ્ધ અને સદાચારી સમાજ ઈસ્લામની હદોને ઓળંગવાનું પસંદ કરતો ન હતો.

તમે વિચારો કે જનાબ ફાતેમા બિન્તે અસદ રઝિયલ્લાહો તઆલા અન્હા બારહ માસુમોના મા છે, અને તે બિન મુસ્લિમ પતિની પાસે રહે ?!! વળી વધારે આશ્ચર્યની વાત તો આ છે કે તે કાફિર પતિ પણ બારહ ઈમામોના બાપ છે.

આ વાતમાં કોઈ શકનો સવાલ જ નથી કે જનાબ અબુતાલિબ (અલ.) મોમીને કુરેશ હતા.

બેહારૂલ અનવાર ભાગ-૬ પેજ નં. ૩૨ ઉપર અલ્લામા મજલિસી અલયહેરહમતે લખ્યું છે કે જનાબ ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ને

જનાબ અબુતાલિબ (અલ.)ના ઈમાનના વિષયમાં પ્રશ્ન કરવામાં આવ્યો. તો આપે ફરમાવ્યું કે આ પ્રશ્ન જ અસ્થાને અને વ્યર્થ છે. ખુદાએ પોતાના રસૂલને હુકમ આપ્યો હતો કે મુસ્લિમ સ્ત્રીને તેના કાફિર પતિના તાબામાંથી અલગ કરી દેવામાં આવે. માટે જો હઝરત અબુતાલિબ (અલ.) કાફિર હોત આપ (સલ.)એ પોતાની કાકી જનાબ ફાતેમા બિન્તે અસદ (રઝિ.)ને જે અવ્વલ સમયથી જ ઈસ્લામ લાવી ચૂકેલી ઓરત હતાં, જનાબ અબુતાલિબ (અલ.)થી કેમ અલગ ન કરી દીધાં ? જ્યારે હઝરત અબુતાલિબ (અલ.) રસુલુલ્લાહની દરેક વાતને હક (સત્ય) માનતા હતા.

## પ્રકરણ-૧૨ : જોઈએ કલામુલ્લાહ શું કહે છે ?

આ બાબત માટે અમે કુર્આનની એક આયત પેશ કરીએ છીએ.

સુરા શોઅરાની આયત નં. ૨૧૭, ૨૧૮, ૨૧૯ અને ૨૨૦ જુઓ.

**વતક્કલ અલલ અઝીઝીર્રહીમ**
**અલ્લઝી યરાકઅ્ હીનઅ્ તકુમ**
**વતકલ્લોબઅ્કઅ્ ફીસ્સાજેદીન**
**ઈન્નહુ હોવસ્સમીઉલ અલીમ**

અને તમે મોટા ઝબરદસ્ત રહમ કરવાવાળા ખુદા ઉપર ભરોસો રાખો તે તમને જુએ છે જ્યારે કે તમે ઊભા થાઓ છો અને તમારૂં સિજદા કરનારાઓની સુલ્બોમાં (સુલ્બ : પીઠ (બાપની પીઠ) દરેક બાળકનો નૃત્ફો જે બાપની

પીઠમાં હોય છે. ત્યાંથી માના રહમમાં પેટમાં આવે છે.) ફેરવાવું પણ (જુએ છે.)

યકીનન તે ઘણો સાંભળવાવાળો, બધું જ જાણનાર છે.

તફસીરે સાફી પેજ નં. ૩૬૯ ઉપર તફસીર મજમઉલ બયાનના હવાલાથી ઈમામ મોહંમદ બાકિર (અલ.) અને ઈમામ જઅફર સાદીક (અલ.)થી નકલ છે કે :

આ આયતોનો મતલબ આ છે કે અલ્લાહ આપને અંબિયા અલયહેમુસ્સલામની સુલ્બોમાં ફેરવતો રહ્યો. મતલબ આ છે કે નબીનુ નૂર એક નબીમાંથી બીજા નબીમાં બા કાયદા હલાલ પહોંચતું રહ્યું. એટલે કે નિકાહ દ્વારા ફેરવાતું રહ્યું, અહીં સુધી કે આપને આપના વાલીદ માજીદની પીઠમાંથી કાઢવામાં આવ્યા અને હઝરત આદમ (અલ.)થી

લઈને છેવટ સુધી કોઈ વાત ખુદાના હુકમ વગર બની જ નથી. (તફસીરૂલ મુત્તકીન પેજ નં. ૪૭૮ તરજુમો અને તફસીર બંને.)

અલ્લાહ કહે છે કે અલ્લાહ તો નબીના નૂરને સિજદા કરનારાઓની પીઠોમાંથી ફેરવાતું જોતો હતો. જે નૂર એક સીજદો કરનારામાંથી બીજા સિજદા કરનારાની પીઠમાં ફેરવાતું હતું.

સિજદો કરનારાથી મતલબ અંબિયા અને અવસીયા છે. સૈયદુલ ઉલમા અલહાઝ અલી નકી નકવી પણ પોતાની તફસીર તફસીરૂલ કુર્આન ભાગ-૫ પેજ નં. ૪૫૭, ૪૫૮ ઉપર લખે છે કે આપ (સલ.)નું એક પીઠમાંથી બીજી પીઠમાં ફરવું તે બધા સિજદાગુજાર હતા. તવહીદ પરસ્ત અને બાઈમાન હતા. જનાબ ઈબ્ને અબ્બાસે પણ એનાથી મળતી એના જેવી જ તફસીર કરી છે.

મૌલાના સૈયદ મકબુલ અહમદ સાહેબના તરજુમાના શબ્દો પણ આ જ છે. જેનું ઉપર વર્ણન થયું છે.

અદીબે આઝમ મૌલાના ઝફરહસન સાહેબ અમરોહવીએ પોતાની તફસીર તફસીરૂલ કુર્આનમાં ઉપરોક્ત આયત "**તકલ્લોબઅ્કઅ્ ફીસ્સાજેદીન**" ના બે ત્રણ અર્થ લખ્યા છે. જેમાંનો એક અર્થ આ પ્રમાણે છે.

"અય રસુલ ! તમારા નૂરને અમે સિજદો કરનારા નિ:સ્વાર્થ ખાલિસ, મુખ્લીસીનમાં ગિરદીશ દેતા રહ્યા. મતલબ ફેરવતા રહ્યા. મુખ્લીસીન બંદાઓથી મતલબ અંબિયા અને અવસીયા.

ઉપરોક્ત આયતથી આ વાત સાબિત થાય છે કે નૂરે નુબુવ્વત અને નૂરે ઈમામત હંમેશા પાક-પાકીઝા રહમોમાં (માનું પેટ બહુવચન અરહામ -

રહમો.) અને અસલુબોમાં (પીઠની હડ્ડી ખભાથી નીચે સુધીનો ભાગ - અસલુબ બહુવચન) મુન્તકીલ થતું રહ્યું છે આ સિદ્ધાંત ઉપરથી એક વાત આ પણ સાબિત થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અલ.)નો બાપ આઝર નથી બની શકતો. કારણ કે આઝર બુતોનો બનાવનાર બુતશિલ્પ અને બુતપરસ્ત હતો. જેથી કુર્આન અને હદીસની રોશનીમાં આઝર નબીનો બાપ નથી બની શકતો. હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાનવાળા હોવાની સમગ્ર ચર્ચાનો નિચોડ પણ આ જ નીકળે છે.

# પ્રકરણ-૧૩ : હઝરત ઈબ્રાહીમ (અલ.)નો બાપ આઝર નથી હોઈ શકતો ?

એક સામાન્ય બુદ્ધિથી પણ આપણે વિચારીએ ! નબીના બાપનું કાફિર અને મુશરીક હોવું એ નબી માટે તો શરમરૂપ છે જ, તે સિવાય નુબુવ્વતના એક ઉચ્ચતમ કાર્ય માટે પણ શરમરૂપ છે. આપણે કઈ વાતને રડીશું. આ તો ઓલમાની અક્કલનો અંધાપો છે. આ નાબાલિગ આલિમો હજી બુલુગત સુધી પહોંચ્યા જ નથી. એમનું અધકચરું ઈમાન બીજાઓને કાફિર બનાવવાનું જ સમજે છે.

સમગ્ર હિંદુસ્તાનમાં અને ખાસ તો ગુજરાતમાં સેંકડોની સંખ્યામાં નહીં પરંતુ હજારોની સંખ્યામાં દારૂલ ઉલૂમો ખૂલેલા છે. આ કારખાનાઓમાં કાફિર શબ્દનું ઉત્પાદન બહુ થાય છે. અહીંના મૌલાનાઓ ખરેખર હજી બાલિગ થયા

નથી. વિશ્વ સ્તરે પણ એકએક મસઅલામાં ગોથાં ખાય છે. પોતે તો આ રીતે બહુમતિ હિંદુબિરાદરીમાં હાંસીપાત્ર બને જ છે. પરંતુ સાથે સાથે દીને ઈસ્લામ જેવા ઈલાહી દીનને પણ હાંસીપાત્ર અને બેઈઝ્ઝત કરે છે.

જો કોઈને પણ અનુભવ કરવો હોય તો દેવબંદી આલિમને બરેલ્વીઓ વિશે અને બરેલ્વી આલીમને દેવબંદીઓ વિશે મસઅલો પૂછી જુઓ. આવા નાબાલિગ આલિમોની સંખ્યા પણ સેંકડોને આંબી જાય એટલી છે. હિંદુસ્તાનમાં મોટાભાગે હનફી ફિકહને અનુસરનારા બે પ્રકારના અકીદાના લોકો વસે છે. બરેલ્વી અને દેવબંદી. જ્યારે ત્રીજો ફિરકો અહલેહદીસ હિંદુસ્તાનની ઘણી નાની લઘુમતિ છે. ગેરમુકલ્લીદ, વહાબી કે એહલેહદીસ તરીકે પ્રખ્યાત આ અકીદાના ચાહકો સઉદીઅરબ

તથા તેની આસપાસના તમામ અરબ દેશોમાં વસે છે. ત્યાં એમની સંખ્યા ઠીકઠીક છે. અકીદામાં તો દેવબંદી-તબ્લીગી ગ્રૂપ તથા એહલેહદીસ સરખા જ છે. થોડો પણ તફાવત નથી. પરંતુ અમલોમાં, ઈબાદતો બજાવી લાવવામાં દેવબંદી ગ્રુપો અને તબ્લીગી ગ્રૂપો હનફી ફિકહને અનુસરે છે. પોતાને અસલ એહલેસુન્નત વલ જમાતમાં ગણાવે છે. જ્યારે એહલેહદીસની ફિકહ અલગ છે. બરેલ્વી બિરાદરો તવસ્સુલમાં માને છે. બુઝૂર્ગોની રૂહાનિયતમાં વિશ્વાસ ધરાવે છે. પંજતને પાકથી મહબ્બત કરે છે. વસીલામાં વિશ્વાસ ધરાવે છે. હનફી ફિકહ ઉપર અમલ કરે છે.

પરંતુ આ બધાં જ ટોળાંઓ એકબીજા ઉપર ફતવાબાજી કરે છે. એકબીજાને કાફિર, ગૂમરાહ, બદદીન કહેતા રહે છે. વળી આ અંદરોઅંદર

એકબીજાને કાફિર કહેનારા શીયા બિરાદરીને પણ છોડતા નથી. શીયાઓને પણ કાફિર કહે છે.

જોકે બીજાઓને કાફિર કહેવું ઘણી બુરી વાત છે. અને આવી ગાળ દેતા પહેલાં વિચારવું જોઈએ.

આપણે શીયા ઈસ્નાઅશરી બિરાદરો કોઈને પણ કાફિર કહેતા નથી. સિવાય તે લોકો જેઓ કલિમાશરીફમાં તવહીદ અને રિસાલતના ઈન્કારી છે. આપણે તમામ તે લોકો જેઓ લાઈલાહ ઈલ્લલ્લાહ પઢે છે. તવહીદ, રિસાલત અને કિયામતમાં માનનારા તમામ લોકોને મુસલમાન ગણીએ છીએ. તેમનો ઝબીહો પણ ખાઈએ છીએ. તેમના હાથના ખાવા-પીવાનો પણ ઉપયોગ કરીએ છીએ. આપણે ઈસ્લામી એકતામાં માનીએ છીએ. ન

આપણે બરેલ્વીઓને કાફિર કહીએ છીએ, ન તો તબ્લીગી-દેવબંદી ગ્રૂપોને કાફિર ગણીએ છીએ.

આઝર હઝરત ઈબ્રાહીમ (અલ.)નો કાકો હતો.

**અલ્લાહતઆલાનો ઈરશાદ સુરએ ઈન્આમમાં આ પ્રમાણે છે:**

**વઈઝકાલઅ્ ઈબ્રાહીમઅ્ લેઅબીહે આઝરઅ્ અત્તખેઝો અસનામન આલેહતન. ઈન્ની અરાકઅ્ વ કૌમકઅ્ ફી ઝલાલીમ મોબીન.**

આયાત નં. ૭૪

**અર્થાત્** : અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમે પોતાના કાકા આઝરને કહ્યું શું તમે મૂર્તિઓને ખુદા તરીકે માનો છો ? ખરે જ હું તમને અને તમારી કોમને ઉઘાડી ગૂમરાહીમાં જોઉં છું.

ઉપરોક્ત આયતનો અગર શાબ્દિક તરજુમો ઈતિહાસની જાણકારી વગરનો કરવામાં આવે તો :

"અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમે પોતાના બાપ આઝરને કહ્યું."

આ પ્રમાણે થાય છે. પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલ.)ના વિશે આ વાત તદ્દન ગલત છે કે આપ આઝરના પુત્ર હતા.

ખુદાએ કદીપણ કોઈ એવી વ્યક્તિને પોતાનો નબી નથી બનાવ્યો, જેનો જન્મ કોઈ શીર્ક કરનાર વ્યક્તિના નાપાક નુત્ફાથી થયો હોય. આ તો ખુદાની રિસાલતની તોહીન છે કે એક કાફિરના બાળકને આ હોદ્દો આપવામાં આવે.

આ વાત સાબિત થઈ ચૂકી છે કે આઝર હઝરત ઈબ્રાહીમ (અલ.)નો કાકો હતો. પરંતુ સામાન્ય રીવાજ મુજબ કાકાને બાપ તરીકે

સમજવામાં આવે છે. એવી પરિસ્થિતિમાં ખાસ કે જ્યારે બાપના મૃત્યુ પછી છોકરો જો કાકાની પરવરિશમાં હોય ત્યારે તો સમાજમાં પાલક વ્યક્તિને બાપ બોલવાનો રિવાજ છે જ. બલકે સમાજની અજાણ વ્યક્તિઓ તો પાલક વડીલને તેનો છોકરો જ સમજતી હોય છે.

વળી આ રિવાજ પણ છે કે બાળકો કાકાને "છોટે અબ્બા" અને બાપના મોટા ભાઈને "બડે અબ્બા" પણ કહે છે.

હઝરત ઈબ્રાહીમ (અલ.)ના પિતાજીનું નામ "તારૂખ" હતું. જેઓ બાઈમાન અને તવહીદ પરસ્ત હતા. "તોરૂખ" હઝરત ઈબ્રાહીમ (અલ.)ની વિલાદત-જન્મના પહેલા જન્નતનસીન થયા હતા. આઝરે કાકાની હૈસિયતથી હઝરત ઈબ્રાહીમ (અલ.)ની પરવરિશ કરી હતી. હઝરત ઈબ્રાહીમ

(અલ.) એ તો પોતાના પિતાજીને જોયા પણ ન હતા. આપ કાકાને જ બાપ કહેતા હતા. જેથી આપની ઝબાનના શબ્દોને જ અલ્લાહે પોતાના કલામમાં લઈ લીધા.

આઝર ફક્ત કાફિર જ ન હતો બલ્કે કાફિરોનો ગુરુ, મૂર્તિઓ બનાવનાર હતો. મૂર્તિઓ બનાવવાની ફેક્ટરીનો માલિક હતો. એનો આ એક ધંધો હતો. વેપાર હતો.

તફસીરૂલ મુત્તકીનમાં તફસીર મજમઉલ બયાનના હવાલાથી નકલ છે કે ઈલ્મે ઈન્સાબના (નસ્બ-વંશાવલીના માહીરો-નિષ્ણાતો) જાણકારો આ વાત ઉપર સંપૂર્ણ રીતે એકમત છે કે હઝરત ઈબ્રાહીમ (અલ.)ના પિતાજીનું નામ તારૂખ હતું. આઝર હઝરત ઈબ્રાહીમ (અલ.)નો કાકો યા નાનો થતો હતો. વધારે પડતી રિવાયતો કાકો કહે છે.

ઓલમાએ ઈમામીયાની દ્રષ્ટિમાં આ વાત પણ સાબિત થઈ ચૂકી છે કે રસુલલ્લાહ (સલ.)ના બાપ અને દાદાઓ તમામ પૂર્વજો હઝરત આદમ (અલ.) સુધીના બધા જ તવહીદના ઈમાનદાર હતા. પાકા નેક સાલેહ મુસલમાન હતા. નબીઓ હતા અથવા નબીઓના વસીઓ હતા.

આપ (સલ.)ની પ્રખ્યાત હદીસ છે કે અલ્લાહતઆલા હંમેશા મને પાકીઝા પિઠોમાં રાખતો આવ્યો છે. અને પાકીઝા રહેમોમાં (માના પેટમાં) ફેરવતો આવ્યો છે. અહીં સુધી કે તમારા આ જમાનામાં ઝાહેર કર્યો. મને જાહીલીય્યતની કોઈપણ નાપાકી સાથે જરાય સંબંધ નથી.

જો પેગંબરે ઈસ્લામના બાપ-દાદાઓમાંથી કોઈ એકપણ કાફિર હોત તો આપ જરૂર બતાવત, અને પોતાના વંશનો આ ગુણ ન વર્ણવત. કિતાબ

તવરેતમાં પણ હઝરત ઈબ્રાહીમ (અલ.)ના પિતાજીનું નામ "તોરૂખ" વર્ણવાયું છે. (કિતાબ તવરેતમાં - ભાગ પૈદાઈશ - ૧૨મું પ્રકરણ આયત ૨૬મી જેમાં લખ્યું છે કે તોરૂખથી ઈબ્રાહીમ પેદા થયા.)

કેટલાક જાહીલો પોતાની જહાલત અથવા જિદ અથવા ખલીફાઓની વફાદારી-મઆવીયા યઝીદની વફાદારી-હઝરત રસૂલે મકબુલ (સલ.) તથા અમીરૂલ મોઅમેનીન સાથેની દુશ્મની સાબિત કરવા કહે છે કે કુઆર્ને તો અબ (બાપ) શબ્દ વાપરેલો છે. તો પછી આપણે શા માટે "અબ" ને "અમ્મ" સમજવું.

તેઓને અમારો પ્રશ્ન છે કે તમે કોને મુસલમાન રહેવા દીધા છે. બતાવો અમને. બીજાઓ ઉપર કુફ્રના ફતવા આપી આપીને આજે ચૌદશો

વર્ષથી તમો પણ કાફિર થઈ ગયા છો. તમે તો નબીના બાપ-દાદાઓ હઝરત મોહંમદ (સલ.)ના બાપ અને મા શુદ્ધાંને મુસલમાન નથી રહેવાં દીધાં. તમારી સિહાહ સિત્તા નબી અને અલીની દુશ્મનીના કારણે જ તો સિહાહ સિત્તા (સૌથી વધારે સાચી) કહેવાય છે. જે કિતાબોમાં સેંકડો રિવાયતો કટ્ટર મુનાફિકોની છે. અરે મુનાફિકોના સરદાર ઉબય બિન ખલફની હદીસો આ કિતાબોમાં હઝરત અલી (અલ.)ની રિવાયતવાળી હદીસો કરતા વધારે છે. તમો લોકોને રસૂલ અને રસૂલની અવલાદથી કેટલી નફરત છે કે આ દરબારી લેખકોએ - મુલ્લાઓએ તે સમયના રાજકારણના દબાવવશ ગદીરે ખૂમની ઘટનાને સમૂળગી જ છોડી દીધી છે ત્યારે જ તો આ કિતાબો સિહાહ સિત્તા બની છે. અફસોસની વાત તો આ છે કે તમો બાગે ફિદક માટે કુર્આનના વારસાના

નિયમોનું ખુલ્લું ઉલ્લંઘન કરી-કુર્આનના ખુલ્લા ઈન્કારી બની સિહાહ સિત્તાના મુનાફિકો, અલ્લુ ટપ્પુ જેવા જુઠ્ઠા રાવીઓની રિવાયતોને સાચી માનો છો.

કુઆર્ને પાકને સમજવામાં, તેમાં સંશોધન કરવામાં આજે ચૌદશો વર્ષથી જે મહેનત ઓલમાએ શીયાએ કરી છે તેનો એક ટકો પણ અન્યો કરી શક્યા નથી. ત્યારે જ વિશ્વસ્તરના તમારા ફતવાઓની છડેચોક હાંસી ઊડી રહી છે. કારણ કે મુસલમાન બાદશાહોએ ઈસ્લામના નામથી તલવારનો ભરપુર ઉપયોગ કર્યો છે. સમગ્ર વિશ્વમાં આંતક ફેલાવેલો છે. તમો ચીખી ચીખીને ઈસ્લામની પવિત્રતા ઈન્સાનિયત સમક્ષ રજૂ કરવાની કોશીશ કરો છો, પરંતુ તલવારો દ્વારા સમગ્ર વિશ્વમાં આંતક મચાવનાર ખલીફાઓ, બાદશાહો, સુલતાનોનો દામન તમારાથી છૂટતો નથી. આ જ કારણથી તો

ન નમાઝ કામ આવે છે. ન તસ્બીહ, ન ઝિક્ર, ન ઝભ્ભાઓ, ન દાઢીઓ કામ આવે છે. પરંતુ તમો કશું જોવા કે વિચારવા જ તૈયાર નથી.

ખલીફાઓનું કુર્આનના હુકમનું અવગણના કરવું “લાઈકરાહઅ્ ફિદીન” દીનમાં કોઈ ઝબરદસ્તી નથી. વગર કારણે શાંત વસ્તીઓ ઉપર હુમલા કરી વિસ્તારવાદી નીતિ ઈખ્તિયાર કરવી. શાંત વસ્તીઓને ખેદાનમેદાન કરી નાખવી, દરિયાપારના દેશો જેમનાથી કોઈ ખતરો પણ નથી, ન તો તેઓ કોઈ ચંચુપાત કરે છે. બલકે તેઓ સુલેહ માટે તમારી પાસે આવે છે. છતાંય તમો તેમના ઉપર હુમલા કરી તેઓને બરબાદ કર્યા છે. પછી ઈસ્લામ અમનનો મઝહબ ક્યાંથી રહ્યો !

ઈસ્લામમાં હુમલાખોર જંગને કોઈ સ્થાન જ નથી. ખલીફાઓના લોહીયાળ ઈતિહાસથી તમારા

દામનને ખંખેરી નાખો. પછી જુઓ કે વિશ્વ ઈસ્લામને સમજવાની કોશીશ કરે છે કે નહિ.

ઈસ્લામના નૂરાની અને પવિત્ર ચહેરાને બગાડનારા, દાગદાર બનાવનારા ખલીફાઓની તારીફ કરવાનું છોડી દો, તેમનાથી તમારી અલિપ્તતા જાહેર કરી દો. બાદશાહોએ, ખલીફાઓએ પોતાના ઉલ્લુ સિદ્ધ કરવા બનાવેલા જુઠ્ઠા અને વેચાતા, જેઓને રસૂલના ખાનદાનથી કોઈ સંબંધ નથી તેવા ઈમામોની તાબેદારી પણ છોડી દો. જે ઈમામની તમો તકલીદ કરો તો જરા જુઓ કે તે ઈમામનો સંબંધ પેગંબરે ઈસ્લામના લોહીથી છે કે નહીં ! તે જ ફિકહની તાબેદારી કરો જે ફિકહનો પ્રવર્તક રસુલુલ્લાહ (સલ.)ના ખાનદાનથી હોય. અત્યારે તમારી પાસે જે કંઈ છે તે અર્ધસત્ય છે. એમાં અસત્યનું મિશ્રણ છે, ભેળસેળવાળું છે.

**અલ્લાહતઆલા ફરમાવે છે કે :**

**વઈઝકાલઅ્ ઈબ્રાહીમો એલબીહે આઝરઅ્**

(સુરા અનઆમ આયત નં. ૭૪)

**અર્થાત્ :** અને (તે સમયને યાદ કરો) જ્યારે કે ઈબ્રાહીમે પોતાના કાકા અઝરને કહ્યું અહીં તમે “અબ”નો અર્થ કાકા લીધો છે.

**એક બીજી જગ્યાએ અલ્લાહતઆલા ફરમાવે છે કે,**

**કાલુ નઅ્બોદો એલાહકઅ્ વ એલાહઅ્ આબાએકઅ્ ઈબ્રાહીમઅ્ વ ઈસ્માઈલઅ્ વ ઈસ્હાકઅ્ એલાહંવ વાહેદહ.**

(સુરા બકરહ આયાત નં. ૧૩૩)

**અર્થાત્ :** તેઓએ કહ્યું કે અમે આપના મઅબુદ અને આપના બાપદાદાઓ ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાકના મઅબુદ (એવા) ખુદા વાહિદની ઈબાદત કરીશું.

ઉપરોક્ત આયતમાં "આબાએકમ્" શબ્દ પ્રયોગ છે. અહીં આ શબ્દ ફક્ત બાપ માટે નથી વપરાયો. બલકે કાકા માટે પણ બાપ શબ્દ વપરાયો છે. હઝરત ઈસ્હાક (અલ.) યાકુબ (અલ.)ના તો બાપ હતા પરંતુ હઝરત ઈસ્માઈલ (અલ.)ના તો કાકા થતા હતા. તેમને પણ "આબાઅ્" બાપોમાં સામેલ કરવામાં આવ્યા.

આ દલીલ કુર્આનથી છે. કે કુર્આનમાં જ બાપ શબ્દ કાકા દાદા માટે પણ વપરાય છે.

# પ્રકરણ-૧૪ : એહલે સુન્નત તરીકાથી રિવાયત પામેલી કેટલીક હદીસો

જેમાં પેગંબરે ઈસ્લામનું નૂર પાક-પાકીઝા સુલ્બોમાંથી ફેરવાતું ફેરવાતું હઝરત અબ્દુલ મુત્તલિબની પીઠમાં આવ્યું. ત્યાંથી આ નૂર બે ભાગમાં વહેંચાયું. હું મારા વાલીદ અબ્દુલ્લાહ (અલ.)ની પીઠમાં આવ્યો, અને અલી હઝરત અબુતાલિબ (અલ.) મારા કાકાની પીઠમાં આવ્યા.

(૧) મારી વિલાદત હઝરત આદમ (અલ.)થી લઈને બાકાયદા નિકાહના ઝરીઆથી થતી રહી. અહીં સુધી કે મારૂં નૂર મારા મા-બાપ સુધી પહોંચ્યું. હું વંશ અને કુટુંબમાં સર્વે લોકોથી અફઝલ છું. મારાં મા-બાપ અને દાદા-દાદી (અહીં પેગંબરે ઈસ્લામના દાદા આવી જાય પરદાદા પણ આવી જાય છે. તેથી હઝરત અબુતાલિબ (અલ.) અને હઝરત અમીરૂલ

મોઅમેનીન પણ આવી જાય છે.) તમારા લોકોના પૂર્વજોથી અફઝલ છે, અને અશરફ પણ છે. (કન્ઝુલ અમ્માલ ઝિલ્દ ૬ પેજ નં. ૧૦૦)

(૨) ફરમાવ્યું રસુલેખુદા (સલ.)એ કે ખુદાવંદે આલમે અવલાદે ઈસ્માઈલમાંથી કનાનાને ચુંટી કાઢ્યા અને કનાનામાંથી કુરૈશને પસંદ કર્યા. કુરૈશમાંથી બની હાશિમને ચૂંટી શ્રેષ્ઠતા બક્ષી અને મને બની હાશિમમાંથી ઈઝ્ઝત બક્ષી. (કન્ઝુલ અમ્માલ ઝિલ્દ-૬ પેજ નં. ૧૦૫)

(૩) પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું જિબ્રઈલે મને જણાવ્યું કે મેં દુનિયાને પૂર્વથી પશ્ચિમ ખૂબ જ જાંચપડતાલ કરી પરંતુ હઝરત મોહંમદ (સલ.)થી બેહતર એટલે કે આપથી બેહતર અને અફઝલ મને કોઈ દેખાયું નહિ અને વિશ્વમાં મેં પૂર્વથી પશ્ચિમ ખૂબ જ શોધખોળ કરી પરંતુ આપના ખાનદાન

બનીહાશિમથી વધુ અફઝલ અને અશરફ કોઈ ખાનદાન ન દેખાયું. (કન્ઝુલ અમ્માલ ઝિલ્દ-૬ પેજ નં. ૧૦૩)

(૪) ફરમાવ્યું જનાબ રસુલુલ્લાહ (સલ.) એ હું મોહંમદ બિન અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું. જ્યારે ખુદાવંદે મખલુકને પેદા કરી તો તેમનામાં જે સૌથી વધારે શરીફ લોકો હતા. તેમની સુલ્બોમાં (પીઠોમાં) મારું નૂર રાખ્યું. પછી ખુદાવંદે આલમે તે લોકોને બે ભાગમાં વહેંચ્યા. તે વખતે મારું નૂર સૌથી સારા - નેક લોકોમાં રાખ્યું. પછી તેઓને કેટલાય કબીલાઓમાં વહેંચ્યા. મારું નૂર બેહતરીન અને સૌથી શ્રેષ્ઠ અશરફ ખાનદાનમાં રાખ્યું. મારું ખાનદાન તમારા સૌના ખાનદાનથી અફઝલ અને ઉચ્ચ છે, માટે હું અને મારા પૂર્વજો

તમારા સૌ કરતાં અફઝલ છીએ. (કન્ઝુલ આમાલ ઝિલ્દ-૬ પેજ નં. ૧૦૪)

ઉપરોક્ત હદીસોથી આ વાત સાબિત થાય છે કે ખાનદાને હાશિમ જે અસલમાં ખાનદાને નુબુવ્વત અને ઈમામત છે. ફક્ત અરબમાં જ નહિ પરંતુ તમામ વિશ્વ ઉપર ઉચ્ચતા, શ્રેષ્ઠતા ધરાવે છે.

# પ્રકરણ-૧૫ : ઈસ્લામી ઈતિહાસની એક મઝલૂમ હસ્તી મોમીને કુરૈશ હઝરત અબુતાલિબ (અલ.)

શીયા બિરાદરી હઝરત અબુતાલિબ (અલ.)ને પાકા અને સાચા મુસલમાન માને છે. જ્યારે બહુમતિ સુન્ની મુસલમાનો પોતાની બુખારી અને મુસ્લિમ કિતાબોની રિવાયતોના આધારે આપને કાફિર માને છે.

અલ્લામા શિબ્લી પોતાની કિતાબ સિરતુન્નબીમાં લખે છે કે “હઝરત અબુતાલિબની વફાતના સમયે પેગંબરે ઇસ્લામ (સલ.) આપની પાસે તશરીફ લાવ્યા. અબુ જહલ અને અબ્દુલ્લાહ બિન ઊમય્યા પ્રથમથી જ ત્યાં હાજર હતા. આપ (સલ.)એ ફરમાવ્યું : કાકા, મરતાં મરતાં લાઇલાહા ઇલ્લલ્લાહ કહી દો, જેથી હું ખુદાને ત્યાં તમારા

ઇમાનની ગવાહી આપી શકું. અબુ જહલ અને ઇબ્ને ઉમય્યાએ કહ્યું : શું તમે અબ્દુલ મુત્તલિબના દીનથી ફરી જશો ? છેવટે અબુતાલિબે કહ્યું : હું અબ્દુલ મુત્તલિબના દીન ઉપર મરી રહ્યો છું. પછી આપ (સલ.)ને ઉદ્દેશીને બોલ્યા. “હું તે કલિમા કહી દેત. પરંતુ કુરૈશ કહેશે કે મોતથી ડરી ગયો. આપ (સલ.)એ ફરમાવ્યું : “હું આપના માટે દુઆએ મગફિરત કરીશ. જ્યાં સુધી કે ખુદા મને તેનાથી મના નહીં કરશે.”

આ જ બુખારીમાં હઝરત અબુતાલિબના કલિમએ શહાદત પઢયાની રિવાયત પણ છે.

## પ્રકરણ-૧૬ : રસુલુલ્લાહ (સલ.)ના કાકા હઝરત અબ્બાસ (રઝિ.) રાવી છે કે મૃત્યુ સમયે હઝરત અબુતાલિબ (અલ.)ને મેં મારા કાનો વડે કલિમએ શહાદત પઢતા સાંભળ્યા છે.

બુખારી અને મુસ્લિમમાં ઈબ્ને ઈસહાક રાવી છે કે મૃત્યુ સમયે જનાબ અબુતાલિબ (અલ.)ના હોઠ હાલી રહ્યા હતા. હઝરત અબ્બાસ જેઓ તે વખતે ઇનકારી હતા (કાફિર હતા) કાન લગાવીને સાંભળ્યું. તો આપ (સલ.)ને કહ્યું તમે જે કલિમા માટે કહ્યું હતું અબુ તાલિબ તે જ કલિમો પઢી રહ્યા છે.

સુન્ની બિરાદરી મોટાભાગે આપના કલિમાનો અસ્વીકાર કરવાની રિવાયતને વધુ સાચી માને છે. જો કે એનો એક રાવી મુસય્યબ જે ફતહે મક્કા પછી મુસલમાન થયો. તે હઝરત અબુ તાલિબની વફાત

વખતે ત્યાં હાજર પણ ન હતો. આ રિવાયત જ ઝઈફ ગણાય છે. અલ્લામા અયનીએ આ હદીસની શરહમા લખ્યું છે કે આ રિવાયત મુરસલ છે. (મુરસલ-ઝઈફ રિવાયતનો એક પ્રકાર છે. હદીસો અંગેની વિસ્તૃત જાણકારી માટે જુઓ અમારી કિતાબ હ. અલી (અલ.)નું મુબારક જીવનચરિત્ર - ભાગ-૩માં હદીસના બધા જ પ્રકારોની સંપૂર્ણ સમજ આપતો કોઠો.)

જ્યારે એની ઉપરની ઈબ્ને ઈસહાકવાળી રિવાયત જેમાં હઝરત અબુ તાલિબ (અલ.)એ વફાત સમયે કલિમા પઢ્યો. એના બે રાવીઓ પાકા-વિશ્વાસપાત્ર છે. પરંતુ એ રિવાયતમાં પણ એક વચ્ચેનો રાવી ગાયબ છે. નદારદ.

આ ઉપરથી સાબિત થાય છે કે એહલે સુન્નતની જ. હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાન

અને કુફ્ર અંગેની બે રિવાયતોમાં બંનેનું વજન સરખું છે. છતાંય આલિમોનું આ બાબત નકારાત્મક દિશામાં વલણ રહ્યું છે. સામાન્ય સુન્ની બિરાદરીને તો આ વાતની ખબર સુદ્ધાં નથી કે હઝરત અબુતાલિબ (અલ.)ના બાઇમાન હોવાની રિવાયતો પણ બુખારીમાં છે. આ બાબત પ્રથમથી જ આલિમોનું એવું નકારાત્મક વલણ રહ્યું કે સામાન્ય જનસાધારણ બીજી દિશામાં વિચારે જ નહિ. જાણે કે કોઈ ખાસ બુગ્ઝ કીનો કપટને કારણે એના મુકાબલાની એટલી જ વજનદાર રિવાયતને જમીનમાં દાટી દીધી.

ખેર ! ઈન્સાફ તો અલ્લાહને કરવાનો છે. પરંતુ બાઈમાન લોકોની સીફત આ છે કે દરેક વાતને તે ઈન્સાફથી તોલે.

## પ્રકરણ-૧૭ : હઝરત અબુ તાલિબ (અલ.)એ મહબ્બત અથવા ઈશ્કે રસૂલમાં સમગ્ર અરબસ્તાનને પોતાનું દુશ્મન બનાવી દીધું હતું.

હઝરત અબુતાલિબ (અલ.) એ પેગંબરે ઇસ્લામ માટે જે કુરબાનીઓ આપી, પોતાનો જાન ન્યોછાવર કરી દીધો તેનો કોણ ઈન્કાર કરી શકે છે? પોતાના પેટની અવલાદને પણ આપ (સલ.) ઉપર ન્યોછાવર કરી દેતા હતા. આપે પેગંબરની મહબ્બતમાં તમામ અરબસ્તાનને પોતાનું દુશ્મન બનાવી લીધું હતું. પેગંબરના વાસ્તે શોઅબે અબી તાલિબમાં પોતાના બચ્ચાં સહિત બની હાશિમની સાથે (પોતે પણ બની હાશિમના સરદાર તો હતા જ) પેગંબરની સાથે કેદ રહ્યા. પુરા ત્રણ વરસ (નુબુવ્વતનું સાત, આઠ, અને નવ) કેદ રહ્યા. ભૂખે મર્યા. ઝાડોના પાંદડાં ખાવા પડ્યાં. શહેરમાં કંઈ

ખરીદી કરવા આવે તો ધક્કા મારી મારીને બહાર કાઢવામાં આવતા. બની હાશિમની સંતાનો ઉપર અનાજ-પાણી બંધ રહ્યાં. શું આ મહબ્બત અને જાંનિસારી બેકાર અને વ્યર્થ-નકામી થઈ જશે ?

હઝરત અબુતાલિબ આપ (સલ.)થી ૩૫ વરસ મોટા હતા. રસુલુલ્લાહ (સલ.)ને તેમની સાથે ઘણી જ મહબ્બત હતી. એક વખત તેઓ બીમાર પડ્યા. આપ (સલ.) તેમની બીમાર-પુરસી માટે ગયા. તો જનાબ અબુતાલિબ (અલ.) એ ફરમાવ્યું : ભત્રીજા ! અલ્લાહે તમને પેગંબર બનાવીને મોકલ્યા છે. બલકે તમને તમામ નબીઓના સરદાર બનાવીને મોકલ્યા છે. બેટા ! મારા માટે દુઆ માગો કે અલ્લાહ મને શીફા આપે. આપ (સલ.) એ દુઆ કરી, કાકા ખરેખર સારા થઈ ગયા. (સીરતુન્નબી ભાગ-૧ પેજ નં. ૧૮૩)

હઝરત અબુતાલિબના ઈમાનવાળા હોવામાં તો ઘણી બધી કિતાબો લખાઈ છે. અત્યારથી સેંકડો વરસ અગાઉથી લખાઈ ચૂકી છે. સ્વયં સ્વાદે આઝમના (સુન્ની બહુમતિ) મોટા મોટા આલિમોએ, હદીસવેત્તાઓએ આ વિષયમાં એટલે કે અબુતાલિબ મોમીન હોવાના વિષયમાં વિરોધીઓની બધી જ ગલતફહમીઓને દલીલ સાથેના વિસ્તારથી જવાબો આપી રદ કરી છે. હવે આ બાબતમાં કોઈને પણ વાદવિવાદ કરવાનો કોઈ અધિકાર નથી. (દૂરના જુના સમયના આલિમ જલાલુદ્દીન સિયુતી સિવાય નજીકના ભૂતકાળના ઓલમાના ઉમદતુલ મતાલિબના કર્તા, મોહંમદ બિન તલહા સાની. મતાલિબુસ સોઉલ અને તવઝીહુદ્દલાએલના કર્તા મોહંમદ બિન યુસુફ અને સુન્નીયુલ મતાલિબ ફી નજાત અબી તાલિબ અલ.ના કર્તા મુફતી અહમદ

બિન ઝયની દહલાન-મુતવલ્લી, મસ્જિદુલ હરામ મક્કા મોઅઝઝમાં જેઓ ઈમામુલ હરમૈન સૈયદ મોહંમદ બિન રસૂલ શહેરી તે સિવાય અલ્લામાં બરઝનજીની કિતાબનો ખુલાસો - સમજ છે. આ બધી જ કિતાબો આ જ વિષય ઉપર પ્રકાશ નાખે છે. બલકે અબુતાલિબ (અલ.)ના ઈમાનને સાબિત કરે છે.)

# પ્રકરણ-૧૮ : હઝરત અબ્બુતાલિબ (અલ.)નું વસીય્યતનામુ

હઝરત અબુ તાલિબ (અલ.)એ એહલેઅરબને ઈસ્લામની દઅ્વત આપી-હિદાયત કરી તે વસીય્યતનામુ હઝરત અબુતાલિબ (અલ.)ના ઈમાનની ખુલ્લી સાબિતી છે.

ઉપરોક્ત બધી જ બાબતો તદ્દન સત્ય હોવાં છતાં ઓલમાએ ઈસ્લામનો એક મોટો વર્ગ જિદ્દી બનીને હઝરત અબુતાલિબના ઈમાનનો ઈન્કાર કરે છે. એકાદ બે જુઠ્ઠી હદીસો રજૂ કરે છે. જે તે સમયના રાજકારણને વશ ઘડવામાં આવી છે.

આ વસીય્યતનામાને મહાન સુન્ની આલીમ કાજી ઝહબીની કિતાબ અસ્સુન્નીયુલ મતાલિબ પેજ નં. ૧૭૭ ઉપર નોંધેલ છે. તેમાંથી કેટલાંક અંશ અત્રે પ્રસ્તુત છે :

અય કુરૈશના લોકો ! અલ્લાહે તમારા મુલકને ઈઝ્ઝત બક્ષી છે. તમે કાબતુલ્લાહના મુજાવર છો, સાચુ બોલો, ઈમાનદારી, અમાનતદારી અને સુલેહ રહમી ઈખ્તિયાર કરો. બગાવત, નાફરમાની, ઝુલમ અને ઝિના તથા શરાબનૌશી જેવા મોટા ગુનાહોથી દૂર રહો.

હું મોહંમદ (સલ.)ના અનુસંધાનમાં તમને વસીય્યત કરૂં છું. તેઓ કુરૈશના અમીન છે અને સિદ્દકે અરબ છે. જે વાતોની મેં તમને વસીય્યત કરી છે તે બધી જ વાતો તેમનામાં છે. તેઓ જે અમ્રે ઈલાહી લઈને આવ્યા છે. દીલ તેને કબૂલ કરે છે. હું તે ગરીબ અને નાદાર કમજોર લોકોને જોઈ રહ્યો છું જેમણે મોહંમદે લાવેલા અમ્રને કબૂલ કરી લીધો તો અલ્લાહે તેઓને ઈઝ્ઝત બક્ષી છે. લોકો

મોહંમદની નજીક આવી રહ્યા છે. એને બરહક માની રહ્યા છે.

જે લોકોએ મોહંમદની વાત માની લીધી છે. તેઓ સઈદ બની ગયા છે. જો મારી જિંદગી હજીય લાંબી હોત તો હું દીનેખુદા માટે દરેક પ્રકારની મુસીબતો અને તકલીફોને મોહંમદથી દૂર રાખત.

જ્યાં સુધી તમે મોહંમદની વાતોને સાંભળતા જશો, તે વાતો ધીરે ધીરે તમારા દીલમાં ઊતરતી રહેશે. જો તમે મોહંમદે ચિંધેલા માર્ગ ઉપર ચાલશો તો તે તમારા માટે બેહતરમાં બેહતર રહેશે. જેથી તેમની તાબેદારી કરો, કામ્યાબ થઈ જશો.

(કાજી ઝૈની દહલાન- અસ્સુનીયુલ મતાલિબ પેજ નં. ૧૭૭)

હઝરત અબુતાલિબ (અલ.)ના શબ્દો જે વસીય્યતમાં છે તે સ્પષ્ટ બતાવી રહ્યા છે કે આ

શબ્દોનો ઉચ્ચાર બિન મુસ્લિમ નથી હોઈ શકતો. પુરી કોમને ઉદ્દેશીને લખાયેલ આ વસીય્યતનામાના અમૂક અંશો જ અમોએ લીધા છે, અબુતાલિબ કુરૈશના વડીલ વ્યક્તિ હતા. સરદારોમાંથી હતા.

ઈસ્લામની દરેક ઘટનાને હદીસમાં જોયા પછી ઇતિહાસમાં પણ તે ઘટનાને જોવી જોઈએ. જે વ્યક્તિ મોતના બિસ્તરા ઉપર છે, બની હાશિમના તો વડીલ છે. કોમના ઇઝ્ઝતદાર લોકો તેને હંમેશ માટે વળાવવા આવેલા છે. તેવા સમયે તે નરમ ભાષામાં, ખૂબી સાથે, સમજાવે છે. પોતે કટ્ટર મુસ્લિમ તરીકે વાત નથી કરતા કારણ કે તેઓ જે શ્રોતાઓને પોતાની વસીય્યત કરી રહ્યા છે. તેઓનો મોટો ભાગ તો બિન મુસ્લિમ છે.

આપણે આ બધી જ ઘટનાઓને સીરત અને તારીખની (ઇતિહાસ) રોશનીમાં જોવી જરૂરી

છે. હદીસ અને તફસીરની કિતાબોમાં ન જોવી જોઈએ. જો તમે પ્રમાણિકતાનો દામન પકડીને વિચારશો - સમજવાની કોશીશ કરશો તો સિરતે ઈબ્ને ઈસ્હાક જે તમામ અહાદીસની કિતાબો જેમાં બુખારી અને મુસ્લિમ પણ આવી જાય તેમનાથી જુની છે. આ બધાથી અગાઉ લખાયેલી કિતાબ છે. આવી જુની કિતાબો ઉપર સૌથી વધુ વિશ્વાસ કરવો જોઈએ. કારણ કે આ જુની કિતાબો તે સમયના રાજકારણીઓના ઇશારે લખાયેલી નથી.

ઈમાન હઝરત અબુતાલિબ(અલ.) અને સિરત ઈબ્ને ઈસ્હાક

ઈબ્ને ઈસ્હાકની રિવાયત દ્વારા ઈમાને અબુતાલિબની એક બીજી સાબિતી

ઈબ્ને ઈસ્કાહની રિવાયતોથી જનાબે અબુતાલિબ (અલ.)નું ઈમાન સાબિત થાય છે.

કારણ કે ઈબ્ને ઈસ્હાકના રાવીઓ બુખારી, મુસ્લિમના રાવીઓના મુકાબલામાં વધુ સાચા સાબિત થાય છે.

દુ:ખની વાત તો આ છે કે મુસ્લિમ અને બુખારી તો હઝરત અબુતાલિબ (અલ.)ના પિદરે મોહતરમ હઝરત અબ્દુલ મુત્તલિબ (અલ.) (પેગંબરે ઈસ્લામના સગા દાદા) માટે પણ ઈમાનવાળા હોવાનો ઈન્કાર કરે છે. આ કેટલી ગઝબની વાત છે. અલ્લાહ માફ ફરમાવે.

જો કે બુખારી અને મુસ્લિમના આવા કથનો બહુમતી સુન્ની મોહદ્દેસીન અને આલિમોના કથનોથી પણ વિરૂધ્ધ જાય છે. શરહ ઝરકાનીએ જનાબ અબ્દુલ મુત્તલિબના બાઈમાન હોવા ઉપર એક લાંબી બહસ લખી છે. કિતાબના લગભગ પાંત્રીસ પેજ આ બાબતની સાબિતીઓ માટે આ વિદ્વાન

આલિમે લખ્યા છે. આ વાદવિવાદનો સારાંશ આ છે કે જનાબ અબ્દુલ મુત્તલિબની આખી જિંદગી - તમામ ઉંમર બાઈમાન-દીને હનીફ ઉપર હોવાનું સાબિત થાય છે. પેગંબરે ઈસ્લામના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબ પૈદાઈશથી જ દીને હનીફ અને તવહીદ ઉપર કાયમ હતા. અસહાબે ફીલની ઘટના અને બાદશાહ અબ્રહાનો પરાજય આપને ફક્ત બાઈમાન જ નહિ બલકે કરામતના માલીક સાબિત કરે છે. ઈબ્ને નદીમે લખ્યું છે કે મેં મામૂન રશીદના કુતુબખાનામાં એક દસ્તાવેજ જોયો હતો જે અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમના (પેગંબરે ઇસ્લામના દાદા) હાથ મુબારકથી લખેલો હતો. જેના શબ્દો નીચે પ્રમાણે હતા.

“હું અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ, મક્કાનો રહેવાસી છું. ફલાણી વ્યક્તિ... ઈબ્ને ફલાણી

વ્યક્તિ... ઈબ્ને ફલાણી વ્યક્તિ અમીરી પર મારું કરઝ છે જે સનઆ (યમન દેશ)નું પાટનગર શહેરનો રહેવાસી છે. આ ચાંદીના એક હજાર દિરહમ છે. જ્યારે પણ તેની પાસે માગવામાં આવશે. તે પરત આપશે. તેને અદા કરવા પડશે. ખુદા અને તેના બે ફરિશ્તા ગવાહ છે."

આ દસ્તાવેજ અને એના જેવાં સેંકડો લખાણો કિતાબોમાં નોંધાયા છે. જેનાથી આપના તવહીદપરસ્ત અને બાઈમાન હોવાની સાબિતી મળે છે.

હવે જ્યારે જનાબ અબતાલિબ (અલ.) એ ઈન્તિકાલ ફરમાવ્યો ત્યારે બુખારી મુસ્લિમના કર્તા પોતે લખે છે કે અબુતાલિબ બોલ્યા હતા કે હું દીને અબ્દુલ મુત્તલિબ ઉપર મરું છું. (નઉઝુબિલ્લાહ) આ

વાત તેમના કાફિર મરવાની કેવી રીતે દલીલ બની શકે છે ?

કારણ કે દીને અબ્દુલ મુતલિબ જ્યારે દીને હનીફ અને તવહીદે શરીઅત સાબિત થઈ ચૂક્યો છે, અને આ વાત તેઓના બાઈમાન-બા શરીઅત હોવા માટે પુરતો માનવામાં આવ્યો. તો પછી દીને ઈમાને અબ્દુલ મુત્તલિબ માટે કોઈને શા માટે શકમાં નાખવામાં આવે છે ?

તેહકીક માટે નીચેની કિતાબો જે ઓલમાએ એહલે સુન્નતની જ લખેલી છે, જોવામાં આવે.

ઉમદતુલ મતાલિબ, મતાલિબુસ સઉલ, સુન્ની મતાલિબ ઈમામ સબુકી કરતબી, શોઅરાની અલા મશીમી અને અલ્લામા સિયુતીની આ બાબતની એક પુસ્તિકા પેગંબરે ઈસ્લામના “આબાએ ઈકરામ”નો અભ્યાસ કરવામાં આવે.

બુખારી મુસ્લિમની જુઠ્ઠી હદીસો ઉપર શા માટે વિશ્વાસ કરવામાં આવે છે ? તે અમને સમજાતું નથી. કારણ કે આ સમયગાળો ખાનદાને રસૂલના દુશ્મનોની સત્તાનો હતો. જેઓ રસૂલ્લાહનો કલિમો પઢીને તેમના મિમ્બરનો ભરપૂર ઉપયોગ કરીને પણ દીલથી મુનાફિક હતા. તે સમયગાળામાં હુકુમતોના ઈશારે આ કિતાબો લખાઈ છે.

# પ્રકરણ-૧૯ : હઝરત અબુતાલિબ (અલ.)ના ઈન્તિકાલ પછી પેગંબરે ઈસ્લામ (સલ.)ની મુસીબતો

એક પછી તરત બીજો એમ બે સદમાઓ આપ (સલ.)ને પહોંચ્યા. બાપથી વધીને કાકા હઝરત અબુતાલિબ (અલ.) જે આપ (સલ.) માટે બિસ્મીલ્લાહનો ગુંબઝ હતા. તેમના ઈન્તિકાલ પછી તરત જ જનાબે ખદીજા (રઝિ.) જેવાં પ્રિય અહલીયા મોહતરમા જેમની બધી જ દવલત આપે તબ્લીગે ઈસ્લામ માટે વાપરી નાખી હતી. એકલોતી પ્યારી બેટી જનાબે ફાતેમા (સલા.) ના મા - આ ઉમ્મતના મા રસૂલને છોડીને ચાલી ગયાં. આ બંને દુ:ખોએ આપ (સલ.)ની મુસીબતોમાં ઘણો જ વધારો કરી દીધો. રસૂલનું તો ઘર ઉજ્જડ થઈ ગયું. રસુલ્લુલાહ ઘણાય વખત રડતાં રડતાં કહેતા

 amillibrary.com

કે કેવી ઠરેલ ઓરત. હું થાક્યો-પાક્યો, ઝાલિમોના ઝુલ્મને સહન કરીને ઘરમાં દાખલ થતો તો મારું બધુ જ દુ:ખ અને થાક ભૂલી જતો. આ ઠરેલ અને ખાનદાની-બાઅખ્લાક ઓરતનો ખુશનુમા ચહેરો મને મારી મુસીબતો ભૂલાવી દેતો. ઘરનાં આગણામાં દાખલ થતા આ મા (જનાબે ખદીજા) સાથે ખુબસુરત નાની પ્યારી પ્યારી સુરતવાળી બચ્ચી ફાતેમાને માના પેહલુમાં ઉભેલી જોતો, સાથે મા નો હાથ બચ્ચીના માથા ઉપર ફરતો જોઈ મને મારું દુ:ખ ભૂલાવી દેતો. બંને મા-બેંટી દરવાજામાં મને આવકારતા. રસૂલના બે મુરબ્બી આ દુનિયાથી ઊઠી ગયાં.

હઝરત અબુતાલિબ (અલ.)ની આપને મદદ, આપથી મહબ્બત, આપની હિફાઝત વગેરેને કારણે આપ (સલ.) યતીમ અબ્દુલ્લાહની જગ્યાએ

યતીમ અબુતાલિબથી પ્રખ્યાત હતા. તેમના મૃત્યુથી વિરોધીઓને આપ (સલ.)ને સતાવવવાની ખુલ્લી આઝાદી મળી ગઈ. હલકી મનોવૃત્તિના સમાજના તદ્દન નીમ્ન સ્તરના લોકો પણ આપ (સલ.)ને સામી છાતીએ સતાવતા થઈ ગયા. અબુતાલિબ (અલ.)ની હયાતીમાં તો કુરૈશના મુછળાઓ પણ હલકટ પ્રકારની વર્તણુક કરવાથી ડરતા અને સતામણી પણ, છુપાઈને પોતે ખુલ્લા ન પડી જવાય, આ વાતનો ડર રાખી કરતા. હવે તો આ લોકોમાંથી પણ આ ડર-ખોફ ચાલ્યો ગયો.

હઝરત અબુતાલિબ (અલ.) કુરૈશના બુઝૂર્ગોમાંથી હતા. સામાજિક ઈઝ્ઝત અને પ્રભાવશાળી વ્યક્તિત્વના માલીક હતા. કેટલીય વખત આમ બનેલું કે હઝરત અબુતાલિબ (અલ.) પોતાના કામેથી ઘેર આવે અને મોહંમદ (સલ.)ના

કોઈ સમાચાર ન જાણવા મળે, વળી કોઈ કહે કે મક્કાના ફલાણા ફલાણા લોકો તમારા ભત્રીજાને હેરાન કરતા હતા. તેઓ કાબા તરફના મકાનોના ઓટલાઓ ઉપર બેઠેલા છે. તો આપ તરત જ માથા ઉપર તાંબા કે કાંસાની તાંસણી (વાડકા જેવું પાતળી પરંતુ મજબૂત ધાતુ) મૂકતા, ઉપર પાઘડી વીંટાળી તેનો છેડો લટકતો રાખતા, હાથમાં મોટી ડાંગ કે ભાલો લઈને તે તરફ જતાં જ્યાં આ શેતાનો બેઠા હોય - ગામગપાટા મારતા હોય. જ્યારે આ વૃદ્ધ બહાદુર વ્યક્તિ પયંગબરની મહબ્બતમાં આ રીતે ઘરમાં દાખલ થતાં અગાઉ આંગણામાંથી હથિયાર સાથે કુરૈશના બદમાશોને મારવા જતા ત્યારે મહોલ્લાની સ્ત્રીઓ પોતાના મકાનના દરવાજા અને બારીઓમાંથી જોઈ રહેતી. કહેતી કે આજે કોઈની ખેર નથી. આપ પ્રથમ તો પેંગબર (સલ.)ને

તલાશ કરતા, મળી જતા તો છાતી સાથે લગાવતા. પૂછતા : બેટા, આ બદમાશોએ તમને કંઈ સતાવ્યા છે ? રસુલુલ્લાહ (સલ.)ના ના કહેવા પછી આ વડીલ ઘરે આવતા, પાણી પીતા. આ તો કેવી મહબ્બત. ખરેખર તો આ દીને ઈસ્લામની જ મહબ્બત હતી. હઝરત અબુતાલિબ મોહંમદ (સલ.)ને યુવાન થઈ ગયા પછીથી તમે-અમે માનવાચક સંબોધનથી બોલાવતા. બેટા ! તમે ખાધું ? આ રીતનું સંબોધન કરતા.

ઈતિહાસ કહે છે કે અમે આ બહાદુર પુરુષ અબુતાલિબને મક્કાની શેરીઓમાં દોડતા માણસની જેમ ઝડપથી ચાલતા જોયા છે. પૂછતાં ખબર પડતી કે હઝરત મોહંમદ (સલ.)ને કોઈ હેરાન કરતું હતું. તેવા સમાચાર મળતાં આ વડીલ હાથમાં હથિયાર સાથે તેની પાસે જાય છે.

સમગ્ર મક્કા આપ (સલ.)નું દુશ્મન હોવા છતાં મક્કાના ઝાલિમોના (કુરૈશના ખાસ) પ્રતિનિધિમંડળો વારંવાર હઝરત અબુતાલિબની મુલાકાતે આવતાં, સુલેહના પ્રસ્તાવ રજૂ કરતાં. વેવલાપણું દેખાડતા. આ ઉપરથી સાબિત થાય છે કે આ લોકો ઉપર હઝરત અબુતાલિબ (અલ.)ની કેટલી ધાક હતી. દરેક વખત આમ બોલતાં સંભળાયા છે કે અમે તમારી લીધે મોહંમદને કશું કહેતા નથી. અમને તમારો ખ્યાલ આવે છે. હવે આ વડીલ હયાત ન હતા. જેથી આ શેતાનોને પેગંબરને સતાવવાનો છૂટો દોર મળી ગયો. આ લોકો રસૂલને સતાવવામાં હદથી વધી ગયાં. અહીં સુધી કે રસૂલના માટે મક્કામાં રહેવું મુશ્કેલ બનાવી દીધું. જેથી પેગંબર (સલ.) ફરમાવતા હતા :

"ઓ મારા બુઝૂર્ગ કાકા, તમારા પછી જે મુસીબતો મારા ઉપર આવવાની હતી તે કેવી જલદી આવી ગઈ !"

(સુન્ની અલમતાલિબ પેજ નં. ૬૬ દિલ્હી પ્રકાશન)

આ જ કારણથી તો આપ (સલ.)એ આ વર્ષને દુ:ખોનું વર્ષ "અમુલ હુઝન" નામ આપ્યું. જે નામ શીયા સુન્ની તમામ ઈતિહાસકારોની નોંધોમાં આજદિન સુધી ચાલ્યુ આવે છે.

(તારીખે તબરી અને ઈબ્ને હિશ્શામ)

## પ્રકરણ-૨૦ : શું એક વ્યક્તિ ઈસ્લામથી અલિપ્ત રહીને આ કાર્યો કરી શકે છે ?

આ વાત ઘણી જ આશ્ચર્યજનક છે કે એક તરફ તો આ કબૂલ કરવામાં આવે છે કે હઝરત અબુતાલીબની બહાદુરી, મદદ અને કોશીશોના પરિણામે ઈસ્લામની અવાજ બુલંદ થઈ. ઉપરાંત આ પણ કબૂલ કરવામાં આવે છે કે તેમણે પૂરી દૃઢતા, ધૈર્ય અને ઉત્સાહ સાથે પોતાના જીવનનો એક લાંબો હિસ્સો આપ (સલ.)ની મદદ કરવામાં ખર્ચી નાખ્યો. જ્યારે બીજી બાજુ આપના કાફિર હોવા ઉપર પણ બળપૂર્વક વળગી રહેવામાં આવે છે. આપની તમામ ખિદમતોને નકામી બનાવવાની પણ કોશીશ કરવામાં આવે છે. જેઓ બીજાઓ માટે તો અતિ કમજોર સંબંધો અને ગવાહીઓને પણ ઈમાનના માટે પુરતી સમજે છે. જ્યારે કેટલાક

લોકો માટે કે જેઓ હંમેશા નુબુવ્વતમાં શક કરતા રહ્યા. તેમના ઈમાન વિશે શક પણ નથી કરતા. જ્યારે અહીં હઝરત અબુતાલિબ માટે વાસ્તવિક્તાઓનો પણ અસ્વીકાર કરીને બુદ્ધિ અને વિચારધારાનો બીજો રસ્તો ઈખ્તિયાર કરીને ઈસ્લામના આ જાંબાઝ સિપાહીને તેમની કોશીશો, દીની ખિદમતોના જાણ્યા જોયા પછી પણ ઈરાદાપૂર્વક તેમને ઈસ્લામના દાયરામાંથી ખારીઝ માનવામાં આવે છે.

જો તટસ્થાપૂર્વક તંદુરસ્ત દિમાગ સાથે ફિરકા પરસ્તીથી પર થઈને આપના કલામો, કથનો, ઉદ્બોધનો ઉપર દષ્ટિ નાખવામાં આવે, તો તેમાં સંપૂર્ણ તવહીદ (અલ્લાહને એક વાહીદ માનવું) અને રીસાલતનો ખજાનો દેખાશે. આ ઈકરાર પછી આપના કાર્યો, અને અમલો એવા છે

કે તેમાનું એક પણ કાર્ય અમલમાં પણ ઈસ્લામના વિરુદ્ધ સાબિત નથી કરી શકતા.

આપનો એક એક અમલ નુબુવ્વતના ઈકરારનો આયનો હતો. ઈસ્લામની સચ્ચાઈના ઈકરારની જીવંત સાબિતીઓ આપની જિંદગીમાં પળે પળે દેખાઈ આવતી હતી. આપે વાણી અને વર્તન દ્વારા એવી રીતે પેગંબરે ઈસ્લામની મદદ કરી કે તે ઈસ્લામી દૃષ્ટિકોણથી વિરુદ્ધ રહીને શક્ય જ ન હતી. ઈસ્લામના વિરધીઓને ડરાવવા-ધમકાવવા, તેમણે ઊભા કરેલા ઈસ્લામ વિરુદ્ધ ફિત્નાઓનો દટીને મુકાબલો કરવો, કુરૈશની સાંઠગાંઠ જોડતોડ અને ષડયંત્રોનો સામી છાતીએ મુકાબલો કરવો. શું એક વ્યક્તિ ઈસ્લામથી અલિપ્ત રહીને આ સર્વે કાર્યો કરી શકે છે ?

શું આ બુઝુર્ગ મોમીને કુરૈશની આ રીતે બેહદ બેઈજ્જતી કરવાથી - આપને કુફ્રનો ફતવો આપવાથી પેગંબર અને એહલેબયતે અતહારને જુઠલાવવાનો ગુનો લાગુ નહીં પડે ? શું પેગંબરે ઈસ્લામને આપણી આવી વર્તણુક નાપસંદ નહીં પડે? એક અવ્વલ દરજાના મોમીનને કાફિર ગણવામાં આવે ? અને પેગંબરના મદદગારને ! ઈસ્લામના મદદગારને ! ખુદાના દીનની પોતાના જીવની જેમ હિફાઝત કરનારને ! ખુદા - રસૂલનો દુશ્મન-કાફિર કહેવામાં આવે !

આ બધી સાબિતીઓ અને દલીલોને આપણે એક તરફ રાખીએ, તો પણ આ વાતથી તો કોઈને ઈન્કાર નથી કે હઝરત અબુતાલિબ પેગંબરે ઈસ્લામને અનહદ પ્રેમ કરતા હતા. આપના લોહીના એક એક ટીપામાં ઈશ્કે રસૂલ વહેતો હતો.

લોહીમાં ફરતો હતો. આ મહબ્બતે રસૂલ સ્વયં આપના ઈમાનની મજબૂત દલીલ છે. સ્પષ્ટ સાબિતી છે. એટલા માટે કે મહબ્બતે રસૂલ અને બુગ્ઝે ઈસ્લામ એક સાથે કદી હોઈ શકતા નથી. રસૂલથી મહબ્બત અને ઈસ્લામથી નફરત શું ભેગાં થઈ શકે ? જેવી રીતે બુગ્ઝે રસૂલ અને ઈસ્લામ દોસ્તી એકત્ર નથી થઈ શકતા. જો દીલમાં મહબ્બતે રસૂલ છે તો ઈસ્લામ પણ છે. જો દીલ ઈશ્કે રસૂલથી ખાલી છે તો ઈસ્લામનો દાવો કોઈ કરતું પણ હોય તો તે ફક્ત દાવો જ છે. કારણ કે ઈશ્કે રસૂલ જ અસલ ઈસ્લામ છે. રૂહે ઈસ્લામ છે.

મુસલમાનોની એક જમાઅત અક્કલની દૃષ્ટિએ હઝરત અબુતાલિબને કાફિર કહેવા તૈયાર નથી પરંતુ આવા લોકો કેટલીક મોં-માથા વગરની રીવાયતોના આધારે જાહેરમાં તેમના મુસલમાન હોવાનો ઈકરાર પણ નથી કરતા. જો કે આવી બધી જ

રીવાયતો સચ્ચાઈના માપદંડ ઉપર પૂરી નથી ઊતરતી. આવી રીવાયતો તદ્દન જુઠ્ઠી અને બનાવટી હોવા છતાં તેને એવી રીતે ઘડવામાં આવી છે કે તેના બનાવટી હોવાનો કોઈને શક પણ ન થાય. મઆવીયાવાદીઓએ મોહસીને ઈસ્લામ અને મુરબ્બીએ પેગંબરની ખિદમતો ઉપર પરદો નાખવા અને તેમના ફરઝંદ હઝરત અલીના બાપ હોવાની વિશેષતાને નાબૂદ કરવા આવી રીવાયતો બનાવી છે. જેનાથી એમના કુફ્રની સાબીતી મળે અને આવી રીતે હઝરત અલી (અલ.)ને પણ તે લાઈનમાં ઊભા કરી દેવામાં આવે, જેમાં બીજા ઊભા છે, જેમના બાપો જહન્નમી છે. તેઓ પણ અડધી જિંદગી પછી ઈસ્લામના વર્તુળમાં દેખાવ પુરતા, હુકુમત ખાતર દાખલ થયા હતા. હઝરત અલી (અલ.)ની વિશેષતાને ખતમ કરવી છે. હઝરત અબુતાલિબને કાફિર બતાવવા માટે બસ લઈ દઈને અલીની દુશ્મની દેખાઈ આવે છે.

# પ્રકરણ-૨૧ : મોમીનને કલિમાનું રટણ કરવાની જરૂર નથી.

આપ પેદાઈશી મોમીન હતા.

અમો હઝરત અબુતાલિબને મોમીને કુરૈશ ગણીએ છીએ. કુરૈશના અવ્વલ દરજાના મોમીન માનીએ છીએ. એમણે તો કલિમાના શબ્દો જીભથી રટવાની કોઈ જરૂર જ ન હતી. રસૂલના યતીમ હોવાથી આપ બાપથી વધીને બાપ હતા. રસૂલે ઈસ્લામ આપના પાલનપોષણમાં હતા. કોઈપણ રસૂલ કે પેગંબર હોય તેમના માએ, કે બાપે કે સંતાને, કે પત્નીએ પેગંબરનો કલિમો જીભથી પઢવાની જરૂર જ હોતી નથી. જ્યારે કે મા-બાપ, પત્ની કે સંતાનો પેગંબરના વિરોધી નથી, બલ્કે પેગંબરીના કાર્યમાં - અમ્ર બિલ મઅરુફમાં, નબીના મદદગાર છે તો તેઓ મોમીન જ છે. જીભથી

કલિમાનું રટણ કરવાની જરૂર જ નથી. કોઈની ગવાહીની પણ જરુર નથી. જ્યારે ઉપરોક્ત નજીકના સગાંઓમાંથી કોઈક નબીનો વિરોધ કરે તો જ તેનું ઈમાન શકપૂર્ણ ગણાય અને તેણે કલિમા શબ્દોનું જીભથી ઉચ્ચારવું જરૂરી મનાય.

આ તો એવી વાત છે કે હઝરત ઈસ્માઈલ (અલ.) ઝબહ થતા થતા અગાઉ પોતાના બાપ હઝરત ઈબ્રાહીમ (અલ.)ને એમ કહે કે બાપા, થોભો, થોભો, પ્રથમ હું આપ ઉપર ઈમાન લાવું, આપનો કલિમો પઢું, પછી મને ઝબહ કરજો, પછી છરી ચલાવજો, નહીં તો હું કાફિર ઝબહ થઈ જઈશ. અસ્તગફિરુલ્લાહ.

આ તો એવી વાત છે કે જંગે બદરના સહાબા શહીદ થતાં થતાં તીરો કે તલવાર અને ભાલાના ઘા પડ્યા પછી બીજાને બોલાવીને કહે કે

સાંભળો, અમે પેગંબરનો કલિમો પઢીએ છીએ, ઈમાન લાવીએ છીએ. એવી વાત થઈ.

આ જગ્યાએ રડવું આવી જાય છે. જે વ્યક્તિએ પેગંબરની હિફાઝત માટે રાતના પણ કદી સંપૂર્ણ ઊંઘ નથી લીધી. સહેજ ખખડાટ થતાં આ વ્યક્તિ અડધી રાતે પોતાના બિસ્તરમાં બેઠા થઈ જતા, તરતજ મોહંમદની પથારી પાસે જતા. મોહંમદને આરામ કરતા જોઈ આસ્માન તરફ હાથ ઊઠાવી ખુદાનો શુક્ર અદા કરતા, પછી પાછા પથારીમાં આવીને આડા પડતા. ઊંઘ ન આવતાં વળી પાછા મોહંમદની પથારી બદલી નાખવાનો વિચાર કરતા, પોતાના ફરઝંદ અલી કે બીજા કોઈ ફરઝંદને ઊંઘમાંથી ઢંઢોરતા, તે ફરઝંદ લથડાતા પગે બાપ સાથે ચાલી મોહંમદની પથારી પાસે આવતો, આ વ્યક્તિ અબુતાલિબ મોહંમદને

જગાડતા, બેટા બેઠા થઈ જાઓ, મોહંમદ ઊભા થતા, પોતાના ફરઝંદને મોહંમદની પથારી પર સૂવડાવી મોહંમદને છાતી સાથે લગાવી પોતાના ફરઝંદની પથારી ઉપર લઈ જઈ સૂવડાવી દેતા. પોતાના હાથથી મોહંમદના પવિત્ર શરીરને ઢાંકી દેતા. યા અલ્લાહ, યા અલ્લાહ.

કેટલીક વખત રાતના બે વખત હઝરત અબુતાલિબે મોહંમદ (સલ.)ની પથારીઓ બદલી છે. જ્યારથી મોહંમદની જવાબદારી હઝરત અબુતાલિબને સોંપાઈ ત્યારથી આપ કદી શાંતિથી જમી શક્યા નથી. આપ પોતાનો ધંધો રોજગાર પણ સંભાળી શક્યા નથી. ઘરની કોઈ વ્યક્તિ કંઈક ખાવાની વસ્તુ આપ પાસે લઈને આવે અને આપ તેમાંથી બટકું મારે અને આપને મોહંમદ યાદ આવી જાય, તો તે બટકું જેમનું તેમ સ્થિર થઈ જાય. અને

આપ કોઈને પૂછે કે મોહંમદ ક્યાં છે ? જ્યારે જોઈ લે તો પાસે બોલાવી પેલી ખાવાની વસ્તુ મોહંમદને આપે, મોહંમદ તેમાંથી ખાવાનું શરુ કરે ત્યારે આ કાકા પોતાના મોંના બટકાને ચાવીને હલકમાં ઊતારે યા અલ્લાહ, યા અલ્લાહ.

આ જગ્યાએ પથ્થર દીલનો માણસ પણ રડી પડે છે. શું આવી વ્યક્તિએ મોંથી કલિમાનું રટણ કરવું પડશે ? જેના શરીરની એકએક રક્તવાહીનીઓમાં ઈમાન ફરતું હોય, જે ઈમાનની હિફાઝતમાં ચોવીસ કલાક લાગેલો હોય, દિવસે તો દિવસે પરંતુ રાતે પણ જે માણસ ઈમાનની હિફાઝત માટે ઊંઘી શક્યો ન હોય. મોહંમદની યાદ આવી જતાં જે ચાવેલો કોળિયો હલકમાં ન ઊતારી શકતો હોય. શું તેને મુસલમાનો કાફિર કહેશે ?

જો આમ માની લેવામાં આવે કે છેલ્લી ઘડીએ આપ (સલ.) એ કાકાને કલિમો પઢવાનું કહ્યું તે એવું છે. જેવી રીતે દરેક મોમીનને છેલ્લી ઘડીઓમાં કલિમો પઢવાની તલકીન કરવામાં આવે છે. અને તે કાલિમો પઢે છે. તેનો અર્થ એવો નથી થતો હાલ જ તેની પાસેથી તવહીદ અને રીસાલતનો ઈકરાર કરાવીને તેને મુસલમાન બનાવી રહ્યા છીએ.

શું આ શક્ય છે કે ખુદાના પેગંબર ખુદાએ મના કરવા છતા તે કાર્ય કરે અને કુર્આનની પરવા ન કરે. જેથી આ માનવું જરુરી છે કે આ આયતનો (સુરા તોબા-૧૧૩) હઝરત અબુતાલિબની સાથે કોઈ સંબંધ નથી.

પેગંબર (સલ.) હઝરત અબુતાલિબ માટે દુઆએ મગફરત એવી રીતે કરતા હતા જેવી રીતે

કોઈ મોમીન મુસ્લિમ માટે કરવામાં આવે છે. કારણ કે તેમના કાફિર હોવાની હાલતમાં તેમના માટે દુઆએ મગફેરત કર્યા કરવી, નબીની નુબુવ્વત અને અસ્મત ઉપર ઘા થાય છે. એટલા માટે કે અલ્લાહના મના કરવા છતાં કુર્આનની ખિલાફ કરવા તૈયાર થાય ? શું હઝરત અબુતાલિબને કાફિર બનાવવા આવી રીવાયતો સાબિતી રુપે રજૂ કરી શકાશે ? જેનાથી નુબુવ્વતની તોહીન થતી હોય, દામને રિસાલત દાગદાર થતો હોય ?

## પ્રકરણ-૨૨ : હજી નમાઝ વાજીબ થઈ ન હતી

કેટલાક જિદ્દી લોકો જેમને ગમે તે પ્રકારે આ મોમીને કુરૈશ બુઝૂર્ગને કાફિર સાબિત કરવા છે, તેઓ કહે છે કે આપે કદી નમાઝ પઢી હોય એવી કોઈ રીવાયતો મળતી નથી. પ્રથમ વાત તો આ ધ્યાનમાં રાખવામાં આવે કે પેગંબર (સલ.)ના એલાને રીસાલત પછી દસ વર્ષ સુધી હઝરત અબુતાલિબ જીવતા રહ્યા. તે દરમ્યાન નમાઝ ફરજ જ થઈ ન હતી. જે કંઈ ઈબાદત નમાઝની જેમ અદા કરવામાં આવતી હતી, તે બધી મુસ્તહબ અને નફિલ હતી. છતાંય હઝરત અબુતાલિબે એક વખત પેગંબર (સલ.)ની સાથે ફરઝંદ અલીને નમાઝ પઢતા જોયા તો તેના ઉપર પોતાની ખુશી જાહેર કરી હતી, રાજી થયા. આ અમલે નમાઝને અમલે ખયર કહીને અલીને આ બધા કામોમાં પેગંબર

સાથે લાગી રહેવાની તાકીદ કરી, ભલે પોતે ન જોડાયા તેનું ગમે તે કારણ હોઈ શકે, નફિલ કે મુસ્તહબ માટે આપણે કોઈને બળજબરી કરી શકતા નથી. વ્યક્તિની મરજી ઉપર અવલંબે છે.

એક વખત હઝરત અબુતાલિબે હઝરત અલીને પેગંબર (સલ.)ની જમણી બાજુ નમાઝ પઢતા જોયા. તો પોતાના ફરઝંદ જઅફરને કે જેઓ મુસલમાન થઈ ચૂક્યા હતા, કહ્યું “તમે પણ પોતાના ઈબ્ને અમ્મની ડાબી બાજુ ઊભા થઈને નમાઝ પઢો.”

(સીરતે નબવીયા - પેજ નં. ૧૭૭)

જો કે આ તે સમયગાળો હતો કે હજી નમાઝ વાજીબ થઈ ન હતી.

## પ્રકરણ-૨૩ : હજી નમાઝે જનાઝા વાજીબ થઈ ન હતી

વળી કેટલાકની આદત તો અંધાધુંધ સમજ્યા વગર દલીલો કરવાની હોય છે. કહે છે કે પેગંબરે ઈસ્લામે હઝરત અબુતાલિબની નમાઝે જનાઝહ પઢી ન હતી. આ વાત પાયામાંથી જ ગલત છે. એટલા માટે કે નમાઝે મય્યતનો હુકમ હઝરત અબુતાલિબના ઈન્તેકાલ પછી નાઝિલ થયો. તે સમયમાં મૃત્યુ પામેલા કોઈની પણ નમાઝે જનાઝહ પઢવામાં આવી નથી. આવા ઘણા બધા લોકો છે, જેઓના ઈસ્લામમાં કોઈ શકશુબો પણ નથી. બલ્કે અવ્વલ દરજામાં અને અવ્વલ સમયમાં ઈસ્લામ લાવનારા હોવા છતાં તેમની નમાઝે જનાઝહ પઢવામાં આવી નથી. કારણ કે તે સમયે હજી આ હુકમ નાઝિલ થયો ન હતો.

બલ્કે હઝરત અબુતાલિબની વફાત પછી થોડાક જ દિવસમાં મા ખદીજા (રઝિ.)ની વફાત થઈ. તો તેમની નમાઝે જનાઝહ પણ પઢવામાં આવી નથી. જો કે તેઓ સૌ પ્રથમ ઈસ્લામમાં દાખલ થનારાં છે. તમામ શકસુબાથી પણ અલગ છે. બેલાઝરી લખે છે કે :

રસૂલે ઈસ્લામ જાતે હઝરત ખદીજા (રઝિ.)ને દફન કરવા માટે કબરમાં ઊતર્યા હતા. પરંતુ તે વખતે હજી નમાઝે મય્યતનો હુકમ નાઝિલ થયો હતો નહિ.”

અમ્ર બિલ મઅરુફને વાજબી સમજીને અમોએ ઉપરોક્ત ચર્ચા કરી છે. જે લોકો અડીયલ જિદ્દી બનીને, ઈરાદાપૂર્વક ગલત વાતને સહી કરવા મથામણ કરે છે. પોતાની બુદ્ધિશક્તિનો ગલત ઉપયોગ કરીને પોતાના અનુયાયીઓને ગૂમરાહ કરે

છે. તેઓને તો અમે કશું પણ કહેતા નથી. ખુદાને ત્યાં હિસાબ આપવાનો છે. પરંતુ કેટલાક ભલાભોળા મુસલમાનો આલિમોના ગલત પ્રચારથી દોરવાઈ જતા હોય છે. તેમને હિદાયતનો સાચો રસ્તો બતાવવો અમારી ફરજ સમજી અમોએ ઉપરોક્ત મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરી છે. કેટલાકને "કીસ્મત આડે પાંદડુ" ની જેમ એક મુદ્દો સમજમાં આવી જાય તો તેવી વ્યક્તિની દૃષ્ટિએ પોતાના આલેમોની બધી જ વાતો શકપૂર્ણ બની જાય છે. અને અન્ય વાતો આપમેળે સમજમાં આવતી જાય છે. તે વ્યક્તિ હિદાયત ગ્રહણ કરી લે છે.

## પ્રકરણ-૨૪ : હઝરત અબુતાલિબ (અલ.)ને કફન દફન

આ વાત પણ હઝરત અબુતાલિબના ઈમાન માટે એક મજબૂત દલીલ છે. એટલા માટે કે જો (નઉઝોબિલ્લાહ) હઝરત અબુતાલિબ કાફિર હોત તો તેમના ગુસલ કફન - દફનની વ્યવસ્થા હઝરત અલી (અલ.)એ ન કરી હોત. બલકે તેમના હમમઝહબ બેટા અથવા અન્ય કોઈને સોંપવામાં આવત. કારણ કે એક મુસલમાનથી આ ખિદમત નથી લઈ શકાતી કે તે એક કાફિરને ગુસલ આપે, કફન પહેરાવે, મતલબ હઝરત અબુતાલિબને હઝરત અલી (અલ.)એ ગુસલ આપ્યું, કફન પહેરાવ્યું. આપ (સલ.) ત્યાં જ રોકાયેલા હતા. પોતાના કાકા મોહસીને ઈસ્લામને કફનમાં લપેટાયેલા જોઈને ખૂબ રડ્યા. ફરમાવ્યું :

“અય કાકા ! આપે મને બાળપણમાં પાળ્યોપોષ્યો. યતીમીમાં મારી જવાબદારી સાંભળી. મોટો થયો તો મારી મદદ કરી, હિમાયત કરી, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત મારી તરફથી આપને જઝાએ ખૈર દે.”

(તારીખે યાઅકુબી, ભાગ-ર, પેજ નં. - ૩૬)

જ્યારે જનાઝો ઉઠાવીને ચાલ્યા તો આપ (સલ.) કાંધો આપતા સાથે ચાલતા હતા. આપ (સલ.) પોતે આ સબરના પહાડને કોહે હજુનની બગલમાં સિપૂર્દે ખાક કરીને પાછા ફર્યા. દફન ક્રિયાથી પાછા ફર્યા પછી પણ આપ (સલ.) પાછળ ફરીને કાકાની કબર જોઈને રડતા હતા. કારણ કે આપના માટે કાકાની મોત ઘણી મોટી મુસીબત હતી. એક મજબૂત મદદગાર, અરબનો આગેવાન, આપનો મિનિટે મિનિટે ખ્યાલ રાખનાર, આપનું રક્ષણ કરનાર, આ દુનિયાથી ચાલી ગયો. જ્યારે

રસૂલ લોહીના પ્યાસા એવા મક્કાના દુશ્મનોમાં એકલા રહી ગયા. જો કે ઈમાનવાળાઓની સંખ્યા થોડીક હતી પરંતુ અબુતાલિબ જેવો પ્રતિભાશાળી, મોભાદાર, અગ્રેસર તેઓમાં એકપણ ન હતો. જેથી મક્કાના કાફિરોના વધતા ઝુલમનો મુકાબલો કરી શકે.

કાકાની વફાત પછી કાફિરોના ઝુલમમાં વધારો થયો. કારણ કે તેમની હયાતીમાં દુશ્મનોની આટલી હિંમત નહોતી,

**ઈબ્ને હિશ્શામ લખે છે કે :**

જ્યારે અબુતાલિબની વફાત થઈ, તો કુરૈશે આપ (સલ.)ને વધારે તકલીફો આપવાનું શરુ કર્યું. તેમની જિંદગીમાં તેઓની હિંમત ઈસ્લામ દુશ્મનીમાં આટલી વધુ ન હતી.

(સીરતે ઈબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ નં. ૫૮)

## પ્રકરણ-૨૫ : જો આ કુફ્ર છે તો પછી મુસલમાન હોવું કોને કહીશું ?

આ ઉમ્મત તો અલીની દુશ્મન છે. અમારા બાપો કાફિર છે તો અલીના બાપને શા માટે મુસ્લિમ રહેવા દેવા. મઆવીયા યઝીદની વફાદારીના પરિપાક રૂપે એક જુઠ્ઠો બનાવટી ઈતિહાસ મુસલમાનોના હાથ લાગી ગયો. હવે આ જુઠ્ઠા ઈતિહાસને પણ અર્વાચિન આલીમો કોણ જાણે કોની વફાદારીમાં છોડવા તૈયાર નથી. અસ્તગફિરૂલ્લાહ, અસ્તગફિરૂલ્લાહ.

હઝરત અબુતાલિબને કાફિર સાબિત કરવા માટે ગઝબની મેહનત કરવામાં આવી છે. પરંતુ દરેક ક્ષેત્રે અલ્લાહે હકને હકથી સાબિત કર્યું છે. આ મુસલમાનોએ કુર્આન, હદીસ, ઈતિહાસ, વાકેઆત, ઈસાઈ, યહુદી, મોમીન મુનાફિક સર્વેને કામ પર

લગાવી દીધાં કે કોઈપણ રીતે અબુતાલિબને કાફિર બનાવી દો. જેથી કેટલાક મોટાં માથાંઓના દીલની આગ ઠંડી થાય. એ મોટાં માથાઓ તો ક્યારનાયે અલ્લાહને હિસાબ આપતાં થઈ ગયાં. છતાંય પાછળવાળા આ પૂછડું છોડવા તૈયાર નથી. એ મોટાં માથાંઓ સાથે એમનેયે મહબ્બતની ગાઠ બંધાઈ ગઈ છે તે છૂટતી નથી. જો એ લોકો ગુનાહ કરતાં થાકતા નથી. તો અમેય ઈન્શાઅલ્લાહ અમ્ર બિલ મઅરુફ કરતાં કદીય થાકવાના નથી.

એક હદીસ આ વર્ણવવામાં આવે છે. જેને અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ સાથે સાંકળી છે કે તેમણે પેગંબરે ઈસ્લામને પૂછ્યું કે "અબુતાલિબ આપની મદદમાં હંમેશા ખડેપગે રહ્યા છે. શું તેઓને આનાથી કોઈ ફાયદો પહોંચશે ? અથવા તેમની બધી જ મેહનતો-કોશીશો વ્યર્થ થઈ જશે ?

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું “તેઓ ઘુંટીઓ સુધી દોઝખની અંદર રહેશે. જો હું તેમની સિફારીશ ન કરત તો તેઓ જહન્નમના સૌથી નીચેના ભાગમાં હોત.” વાહ હદીસ ઘડનાર વાહ !

આવી રીવાયતોના રાવી જુઠ્ઠા, વાતો ઘડી કાઢનારા, બે ટકાના લુચ્ચા હાકેમોના ચમચા હોય છે. ઉપરોક્ત રીવાયતનો રાવી સુફયાન છે. જેના માટે અલ્લામા ઝહબીએ “મીઝાનુલ એઅતેદાલ” માં લખ્યું છે કે :

તે એક જુઠ્ઠો, સતત બકવાશ કરતો વ્યક્તિ હતો. ગમે તેવા બદમાશોની સોહબતમાં બેસી ગપ્પાં હાંકતો, એની વાત ઉપર વિશ્વાસ કરી શકાય નહિ, કારણ કે એની યાદશક્તિ પણ ચાલી ગઈ હતી.

હવે આપણે આ રીવાયત ઉપર ચર્ચા કરીએ. ઉપરોક્ત રીવાયત કહે છે કે પેગંબરે ખુદાએ પોતાના કાકાના એહસાનોને ધ્યાનમાં રાખી તેમના માટે સિફારીશ કરી, જેથી તેમના અઝાબમાં રાહત થઈ. જો રસૂલ સિફારીશ ન કરતા તો કાકા જહન્નમના સૌથી નીચેના તબક્કામાં હોત. હવે તેમને ઓછામાં ઓછો ઘુંટીઓ સુધી પગ જહન્નમમાં રહે એટલો અઝાબ થશે.

અસ્તગફિરુલ્લાહ ! કુફ્ફાર અને મુશરેકીનના માટે અલ્લાહતઆલા સિફારીશ ન કરવાનો હુકમ આપે, અને રસૂલ ખુદાની નાફરમાની કરીને સિફારીશ કરે. તોબા, તોબા, અલ્લાહના મના કરવા પછી કોઈની પણ સિફારીશ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

ઉપરોક્ત રીવાયત (અબુતાલિબના અઝાબમાં કમી થવાની) સદંતર ગલત છે કારણ કે કુર્આનથી જ આ રીવાયત ટકરાય છે. કાફિરોને પોતાના દુન્યવી નેક અમલોનો બદલો દુનિયામાં જ આપી દેવામાં આવશે. આખેરતમાં તેમના અઝાબમાં કોઈ કમી થશે નહિ. કુર્આનથી ટકરાતી રીવાયતના રાવીઓને જોવાની જરૂર નથી. પરંતુ આ રીવાયતના તો રાવીઓ પણ વિશ્વાસપાત્ર નથી.

એક દલીલ આ પણ છે કે જ્યારે રસૂલ કાકાને જહન્નમના તળિયેથી ઉપર લઈ આવ્યા. હવે ફક્ત ઘુંટીઓ સુધી જ અઝાબ થશે તો પછી આટલું ન કરી શકતા હતા કે એમની ઈસ્લામ અને રસૂલે ઈસ્લામની ખિદમતના બદલામાં બિલકુલ છૂટકારો અપાવી દેત. અગર જહન્નમથી કાઢીને જન્નતમાં ન દાખલ કરાવત તો ફક્ત આઅરાફમાં (જન્નત

જહન્મની વચ્ચેની જગ્યા જ્યાં અઝાબ જેવું કંઈ ન માલૂમ પડે) જ પહોંચાડી દેત જ્યારે કે આવા પ્રકારની રાહત મળવાના ઉદાહરણ નૌશેરવાનના માટે તેમના ન્યાયપ્રિય હોવાના કારણે અને હાતિમતાઈને તેની બેહદ સખાવતના કારણે મુસલમાનોની કીતાબોમાં નોંધાયેલા છે.

નૌશેરવાન કાફિર હોવા છતાં ન્યાયી બાદશાહ હતો. તેથી તેને આઅરાફમાં રાખવામાં આવે, હાતિમતાઈ કાફિર હોવા છતાં સખી હતો તેથી તેને પણ આઅરાફ મળે છે. (આ રીવાયતો સુન્ની બિરાદરોની કીતાબોની છે.) તેમના ઉપર તો અલ્લાહની મેહરબાની થાય, પરંતુ હઝરત અબુતાલિબ ઉપર અલ્લાહની મહેરબાની ન થાય. આ કેવી નવાઈ પમાડે એવી વાત છે. આવી બેહુદી અને બેતૂકી વાતોથી રસૂલે ઈસ્લામનો દરજ્જો

ખામીપૂર્ણ નજરે પડે છે. જે કાકાએ અલ્લાહના પ્યારા નબીનું પાલનપોષણ કર્યું. રક્ષણ કર્યું. પેગંબરની અને ઈસ્લામની આટલી બધી ખિદમત કરી, છતાં અલ્લાહે પોતાના પ્યારા નબીની વાતને-દુઆને સંપૂર્ણ તો કબૂલ ન જ કરી. કાકાને ઈમાન પણ ન આપ્યું જન્નત પણ ન આપી, આઅરાફ પણ ન આપી, ફક્ત જહન્નમના નીચેથી ઉપર લાવી નાખ્યા. છતાં ઘુંટીઓ સુધી તો અઝાબ થશે જ. શું આવી રીવાયતો રસૂલના દરજ્જાને ઘટાડનારી નથી ?!! આશ્ચર્ય પમાડે એવી નથી ?!!

નૌશેરવાન અને હાતિમતાઈએ ઈસ્લામ ખાતર તો કશું કર્યું જ નથી. ફક્ત ન્યાય અને સખાવત આ બંને ગુણોના કારણે અલ્લાહ તેમની ઉપર મહેરબાની કરી તેમને આઅરાફ મળે છે. શું સંપૂર્ણ ઈસ્લામના મુકાબલામાં આ બંને ગુણો વધુ

કીમતી છે ?!! શું આવી બેહુદી બકવાશો જેવી રીવાયતો નોંધીને અલ્લાહને તો પોતાની અદાલતથી વિમુખ નથી કરતા ? હઝરત અબુતાલિબની ઈસ્લામ ખાતરની સંપૂર્ણ જિંદગીની કુરબાનીઓના મુકાબલામાં નૌશેરવાન અને હાતિમતાઈના આ બે ગુણોની શી વિસાત ગણાય ? શું મુસલમાનોએ અલીની દુશ્મનીમાં અલ્લાહને જ પોતાની અદાલતથી વિમુખ નથી કર્યો ?!! અલ્લાહને જ અન્યાય કરનાર બનાવ્યો.

હજી આનાથીયે વધુ નવાઈ પમાડે એવી રીવાયત અમો રજૂ કરીએ છીએ.

અબુ લહબ અને તેની પત્ની ઉમ્મે જમીલ કેટલાં દુશ્મને ખુદા વ રસૂલ હતાં કે આ નાલાયક માટે ખુદાએ કુર્આનમાં તેના નામ સાથે સુરત "લહબ" ઊતારી છે. એનાથી વધુ ગુસ્સો અલ્લાહને

કોનાથી હોઈ શકે ?! પરંતુ ભલું થાય મુસલમાનોનું કે તેમને તો અબુલહબ પણ પ્યારો છે. વહાલો છે. કારણ કે મઆવીયા અને યઝીદના રસ્તેથી જે ઈસ્લામ મુસલમાનો પાસે આવ્યો તે લહબી ઈસ્લામ છે. તલવારવાળો ઈસ્લામ છે. અલી સિવાયના બીજા જે જે રસ્તેથી આપણે ઈસ્લામમાં દાખલ થયા છે તે બધા જ ચોર રસ્તા છે. ગલત રસ્તા છે. નાજાઈઝ રસ્તા છે. નૂર વગરનો ઈસ્લામ છે. રૂહ વગરનો ઈસ્લામ છે. ગુણ વગરનો ઈસ્લામ છે. ઝુલ્મથી ખરડાયેલો ઈસ્લામ છે.

અમને એ ઝુલ્મથી ખરડાયેલા ઈસ્લામમાં કલિમાગો લોકોના હાથે થયેલી રસૂલની શહાદત દેખાય છે. ફાતેમા મઝલૂમાની શહાદત દેખાય છે. અલીની શહાદત દેખાય છે. આવો બેનુરી ઈસ્લામ લહબી ઈસ્લામ છે. આ લહબી ઈસ્લામમાં અબુ

લહબથી ખુદા વધારે રાજી હોય, અબુતાલિબ કરતાં તેમાં નવાઈ શું ? કારણ કે અબુ લહબ અલીનો બાપ નથી. ગુનો જ આ છે અબુતાલિબનો કે તે અલીના બાપ છે. હઝરત અબુબકર અને હઝરત ઉમરના બાપ જહન્નમી હોય તો હઝરત અલી (અલ.)ના બાપને શા માટે જન્નતી રહેવા દેવા ? ગમે તેમ કરીને કાઢી નાખો.

મુસલમાનોના મશહુર આલીમ વહીદુદ્દીન ઝમાન સાહેબ સિહાહ સિત્તાથી નકલ કરે છે કે :

"એક વ્યક્તિએ અબુ લહબને ખ્વાબમાં જોયો. અબુ લહબે કહ્યું કે સોમવારના દિવસે થોડુંક પાણી પીવા માટે મને મળી જાય છે. આ તેનો બદલો છે કે મેં શોયબાને પેગંબરે ઈસ્લામની વિલાદતની ખુશીમાં આઝાદ કરી દીધી હતી."

(લુગાતુલ હદીસ, બાબુઝ્ઝાદ, પેજ નં. ૧૨)

અબુ લહબના અનુસંધાનમાં એક બીજી રીવાયત પણ છે. પેગંબરે ઈસ્લામ (સલ.)એ અબુ લહબને ખ્વાબમાં જોયો. તે  તરસના કારણે તડપી રહ્યો છે. પરંતુ પાસે પાણીની પણ કંઈક વ્યવસ્થા નજરે પડે છે. આપ (સલ.) એ પૂછ્યું કે આ પાણીની વ્યવસ્થા કઈ નેકીના કારણે છે ? તેણે કહ્યું:

"શાયબાએ આપને દૂધ પીવડાવ્યું હતું. અને મેં તેને આઝાદ કરી દીધી હતી. આ તે નેકીનો બદલો છે."

(તારીખે યાઅકુબી, ભાગ-૨ પેજ નં. ૯)

કેટલી નવાઈ પમાડે એવી આ વાત છે કે અબુ લહબ માટે આટલી નાની નેકી ઉપર પાણી આપવામાં આવે છે કે તેણે પોતાની લોંડી શોયબાને આપ (સલ.)ની વિલાદતની ખુશીમાં કે આપ (સલ.)ને દૂધ પીવડાવવાના કારણે આઝાદ કરી દીધી. જો કે અબુ લહબ પેગંબરે ઈસ્લામના

દુશ્મનોની પ્રથમ હરોળમાં હતો. આપને જુઠલાવા, તકલીફો આપવા, મશ્કરીઓ કરવાના કામે આગળ આગળ રહેતો. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કુફ્ર અને શીર્ક ઉપર કાયમ રહ્યો.

અને અબુતાલિબ જેમણે પોતાનું સર્વસ્વ આપ (સલ.)ના રક્ષણ માટે, મદદ માટે, ઈસ્લામના રક્ષણ માટે વકફ કરી દીધું હતું. તેના બદલામાં તેમને આટલું પણ ન મળે કે તેમના માટે થોડી ઘણી રાહત થાય. તેમને કંઈક થોડું મીઠું પાણી મળે. શું આખી જિંદગી રસૂલનું પાલનપોષણ, આપની હિફાઝત, ઈસ્લામની મદદ માટે જાતજાતની તકલીફો ઊઠાવવું. શોઅબે અબીતાલિબની પહાડી ઘાટીમાં ત્રણ વર્ષથી વધુ સમય કૈદ રહેવું. એક કનીઝના આઝાદ કરવાથી પણ ઓછું છે ?!!

વળી રસૂલના શફાઅત કર્યા પછી પણ હઝરત અબુતાલિબના માટે અઝાબનો જે પ્રકાર નક્કી કર્યો છે તેનાથી શું પેગંબરની શફાઅતની કોઈજ કિંમત નથી એવું સાબિત નથી થતું !! બલ્કે આ રીવાયતમાં તો અહીં સુધી કહેવામાં આવ્યું છે કે પેગંબરે ઈસ્લામની શફાઅતના કારણે અબુતાલિબ જહન્નમના બીલકુલ ઉપરવાળા ભાગમાં હશે કે તેમને ઘુંટીઓની નીચેના પગો ઉપર જ અઝાબ થશે. છતાંય આટલા થોડા અઝાબથી પણ તેમનું ભેજું પીગળી પીગળીને તેમના શરીર ઉપર વહેતું હશે. શું શફાઅતે પેગંબર પછી પણ આવા અઝાબની વાત વિચારી શકાય છે ? શું આ વાત બેહતર ન હતી કે હઝરત અબુતાલિબ માટે શફાઅતની વાત જ ન કરવામાં આવત કે જેથી શફાઅતે રસૂલની આવી બેકદરી જાહેર ન થાત.

વળી રસૂલે ઈસ્લામની મદદ અને હિમાયતના કારણે બદલારૂપે અબુતાલિબ માટે અઝાબમાં રાહતની શફાઅત નક્કી કરી, ત્યાં શું એવું ન વિચારી શકાત કે પેગંબર (સલ.) એમના માટે દુઆ કરત કે અલ્લાહ એમને ઈમાનની તૌફીક આપે. જ્યારે આપ (સલ.)ની દીલી ખ્વાહિશ હતી કે મારા કાકાને અલ્લાહ ઈમાન નસીબ કરે. આપ (સલ.) બીજાઓ માટે તો આવી દુઆ કરતા હતા. શાહ વલીઉલ્લાહ સાહેબ લખે છે કે "આપ (સલ.) એ અબુહુરયરાની માના માટે દુઆ ફરમાવી અને તે, તે જ દિવસે મુસલમાન થઈ ગઈ."

(હુજ્જતુલ બાલેગાહ ભાગ-૨, પેજ નં. ૫૭૮)

વાહ ! વાહ ! અભિનંદન આપીએ છીએ રીવાયતો ઘડનારાઓને, બનાવનારાઓને, વિચારનારાઓને, તેમના ઈસ્લામને, તેમની રસૂલે ઈસ્લામથી મહબ્બતને. ખરેખર આ લોકો

અભિનંદનને પાત્ર છે કે અબુ હુરયરાની મા તો પેગંબરની દુઆથી જન્નતમાં જાય, અબુ હુરયરાની માના માટે તો રસૂલની દુઆ કબૂલ મકબૂલ. પરંતુ અબુતાલિબના માટે એની કોઈ જ અસર ન થાય.

ઉમ્મે અબુહુરયરાની કોઈ ખાસ વાત, કોઈ ખાસ કારકીર્દી, કોઈ ખાસ વિશેષતા તો દૃષ્ટિમાન થતી નથી. વધુમાં વધુ તો તે અબુહુરયરાની મા બની. એના મુકાબલામાં હઝરત અબુતાલિબની બીજી બધી ઈસ્લામી ખિદમતોથી અલગ હટીને - બાજુ પર રાખીને જો ફક્ત આ જ ગુણને - વિશેષતાને દૃષ્ટિમાં રાખવામાં આવે કે આપ (સલ.)નું યતીમીના આલમમાં પાલનપોષણ કર્યું. એમ પણ નહિ કે રસૂલ પાસે કોઈ મીલકત કે વારસો હતો. ફક્ત ખુદા વાસ્તાની આપની આ નેકી હતી. યતીમનું ખૂબ જ કાળજીથી પાલનપોષણ કર્યું.

પોતાની અવલાદનો એટલો ખ્યાલ નથી રાખ્યો જેટલો આ પેગંબર યતીમનો રાખ્યો. તો શું આ નેકીના કારણે પણ આપને બક્ષીસ હાસિલ ના થઈ? જો કે પેગંબર (સલ.)નો આ ઈરશાદ તો આપણી કીતાબોમાં જ છે :

"હું અને યતીમનું પાલનપોષણ કરવાવાળો જન્નતમાં સાથે સાથે હોઈશું."

(તીરમીઝી - પેજ નં. ૨૭૫)

આ તો અમે અમૂક રીવાયતોનું વિશ્લેષણ રજૂ કર્યું છે. જેથી તલાશે હકનો અભિલાષી હિદાયતનો રસ્તો પામી શકે.

બાકી અમોને ખૂબ ખબર છે કે આવી જુઠી રીવાયતો કેમ ઘડવામાં આવી, કોણે ઘડી, શા માટે ઘડી ?

હઝરત અબુતાલિબ મોમીને કુરૈશ હતા. આપનું ઈમાન પહાડથી વધુ મજબૂત હતું. જ્યારથી

આપે પેગંબરે ઈસ્લામની યતીમીની હાલતમાં તરબીયત અને પાલનપોષણ શરૂ કર્યું ત્યારથી આપ પેગંબર ઉપર ઈમાન લાવી ચૂક્યા હતા. જ્યારે આપે અરબસ્તાનની અતરાફના રાહીબોની-કાહીનોની ભવિષ્યવાણી સાંભળી ત્યારે આપનો એક જ જવાબ હતો, બેશક હું માનુ છું કે મારો ભત્રીજો અલ્લાહનો સાચો નબી છે. દઅવતે ઝૂલઅસીરાની વ્યવસ્થા તો આપના ઘેરથી થઈ. અલ્લાહની અપાર રહમતો નાઝિલ થાઓ હઝરત અબુતાલિબ ઉપર.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમંદીવ વ આલે મોહંમદ

# પ્રકરણ-૧ : વસીલો કુર્આન અને હદીસની રોશનીમાં

વસીલો નેક અમલ છે. તેનો રિવાજ વિશ્વભરના મુસલમાનોમાં વ્યાપક પ્રમાણમાં છે. આપ (સલ.)ના તબ્લીગે ઈસ્લામની શરૂઆતથી જ વસીલાના શરીઅત મુતાબિક હોવાનું એલાન પણ થયું. વહાબીઓનો અકીદો આ બાબતમાં સદંતર ગલત છે. તેઓનું માનવું છે કે મુસલમાનો અંબિયા, અવલીયા અથવા અને સાલેહીન લોકોથી વસીલો માગે છે. તેઓ કાફિર છે. આ તેમનો જાતે બનાવેલો અકીદો છે. એનાથી ઉલટું કુર્આન અને સુન્નતે રસૂલ આપણને વસીલો તલાશ કરવાનો હુકમ આપે છે.

સુરા બની ઈસરાઈલની ૫૭મી આયતમાં અલ્લાહ ફરમાવે છે : “જેમને તેઓ (મુશરેકીન) પોકારે છે. તેઓ પોતે જ પોતાના પરવરદિગાર

તરફ વસીલો તલાશ કરે છે, કે કોણ અલ્લાહથી વધારે નઝદીકી ધરાવે છે. અને તેની રહમતના ઉમ્મીદવાર છે અને તેના અઝાબથી ડરે છે.”

(૧) શાહ અબ્દુલ કાદિર આ આયતની તફસીરમાં ફરમાવે છે કે કાફિરો જેમની પૂજા કરે છે તેઓ પોતે જ અલ્લાહની તરફ વસીલો તલાશ કરે છે. વસીલો બધાંનો પેગંબર (સલ.) છે.

(૨) અહમદ રઝાખાન સાહેબ લખે છે. અલ્લાહની સમીપતા (નઝદીકી) ધરાવનાર બંદાઓનો બારગાહે ઈલાહીમાં વસીલો બનાવવો જાઈઝ છે. અને અલ્લાહના મકબુલ બંદાઓનો આ જ તરીકો રહ્યો છે.

(૩) મોલાના સૈયદ અલી નકી નકવી લખે છે કે આ આયત ઉપર ચિંતન-મનન કરવાથી માલુમ પડે છે

કે કુર્આન અસલ અને સાચા વસીલાની મના કરતું નથી. ગલત વસીલા ઉપર એતરાઝ કરે છે.

સુરા હમ્દમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે "વઈય્યા કનસ્તઈન" "બસ અમે તારાથી જ મદદ માગીએ છીએ" આનો મતલબ આ છે કે તારા મુકાબલામાં અથવા તારાથી બેપરવા થઈને કોઈને મદદગાર નથી સમજતા. આ આયતની તફસીરમાં સૈયદ અલી નકી સાહેબ ફરમાવે છે કે દુઆઓની કુબુલીયત માટે, કે ગુનાહોની મગફિરત માટે, તેના નેક મુકર્રબીન બંદાઓનો વસીલો માગવો ગુનો નથી બલકે આ વસીલાઓ અલ્લાહે મુકર્રર કરેલા છે.

સુરા નિસાની ૬૪મી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે "જ્યારે તેમણે પોતાના ઉપર ઝુલમ કર્યો (ગુનાહ કર્યા) હતા. તો

(તેઓ) આપની પાસે આવત, પછી આપની પાસે બક્ષિસ તલબ કરત, અને પેગંબર તેઓ માટે દુઆએ મગફિરત કરત, તો તેઓ અલ્લાહને મોટો દયા કરનાર દયાળુ પામત.” મતલબ તેમના ગુનાહ માફ થઈ જાત.

આ આયતની તફસીરમાં અહમદ રઝાખાન સાહેબ ફરમાવે છે કે પોતાના ઉપર ઝિયાદતીનો મતલબ ગુનાહ કરવા છે. આ આયતથી માલુમ પડે છે કે રસુલુલ્લાહ (સલ.)નો વસીલો અને શફાઅત આપણું કામ બનાવવાનો ઝરીયો છે.

સૈયદ અલી નકી નકવી સાહેબ ફરમાવે છે કે દુઆને કબૂલ કરનાર તો અસલમાં ખુદા જ છે. પરંતુ તે વ્યક્તિઓનો વસીલો માગવો, જે કોઈ દીની અહમ્મીયત રાખતા હોય દુઆને કુબુલીયતની મંઝિલથી નજીક લાવવાનો સબબ બને છે.

# પ્રકરણ-૨ : અવલીયાએ ખુદા અંબિયા અને અઈમ્માથી મદદ માગવી શીર્ક નથી પણ ખાસ ઈબાદત છે

કુર્આનની તફસીરો સ્પષ્ટ શબ્દોમાં વર્ણવે છે કે હઝરત રસૂલે ખુદા (સલ.) અને બીજા અંબિયાએકિરામ વસીલો છે. પેગંબરે ઈસ્લામની હયાતીમાં અને આપની વફાત પછી પણ આપને વસીલો બનાવવામાં આવ્યા છે. અહીં સુધી કે આપ (સલ.)એ પોતાની દુઆઓમાં સ્વયં પોતાની જાતને વસીલો બનાવી છે.

ઈન્સાનના માટે દરેક સમયે દરેક કામ માટે વસીલો જરૂરી છે. દુનિયાનું કોઈપણ કાર્ય વસીલા વગર અસ્તિત્વમાં આવી શકતું નથી. દૃષ્ટાંતરૂપે સફર કરવા માટે સવારી, લખવા માટે કલમ, વાંચન કરવા માટે અજવાળું, દરિયો વટાવવા માટે

હોડી જરૂરી છે. જેથી હિદાયત મેળવવા માટે, સિરાતે મુસ્તકીમ ઉપર કાયમ રહેવા માટે જન્નતમાં જવા માટે, ખુદાની નઝદીકી પ્રાપ્ત કરવા માટે અને હાજતો પુરી કરવા માટે પણ જરૂરી છે કે કોઈ વસીલો હોય. અલ્લાહતઆલા ફરમાવે છે કે (સુરા માએદહ આયત નં. ૩૫)

**યા અય્યોહલ્લઝીનઅ્ આમનૂત્તકુલ્લાહઅ્ વબગતુ એલયહીલ વસીલતઅ્**

**અર્થાત્** : અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો, અને તેની તરફ પહોંચવા માટે વસીલો તલાશ કરો.

ઉપરોક્ત આયતમાં વસીલો માગો નથી પરંતુ વસીલો શોધો, તલાશ કરો. સ્પષ્ટ હુકમ છે.

(૧) આ આયતની તફસીરમાં અલ્લામા અલી બિન ઈબ્રાહીમ ફરમાવે છે કે વસીલાથી મતલબ

નિકટતા-સમીપતા-નઝદીકી જેને તકર્રુબ કહેવાય છે, પ્રાપ્ત કરો, આ વસીલો પોતાના જમાનામાં પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) અને આપના પછી દરેક જમાનાના ઈમામ મુરાદ છે.

(૨) અહમદ રઝાખાન સાહેબ લખે છે કે તેની તરફ વસીલો ઢૂંઢો, જેના કારણે તમને તેનો તકર્રુબ હાસિલ થાય.

(૩) મવ. મવદૂદી લખે છે કે દરેક તે વસ્તુને ઝરીયો બનાવો જેના દ્વારા તમે અલ્લાહનો તકર્રુબ હાસિલ કરી શકો.

(૪) મોહંમદ સૈયદ અલી નકી નકવી સાહેબ ફરમાવે છે કે વસીલો ન માગવાનો વહાબી અકીદો સદંતર ગલત છે. બલકે કુઆર્નેપાકમાં અનેક જગ્યાએ અલ્લાહે રસુલે ખુદાને ગુનેહગારો માટે

દુઆએ મગફિરત કરીને વસીલો બનવાનો હુકમ આપ્યો છે.

કુર્આનના દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે :

**(સુરા આઅરાફ આયત નં. ૧૩૪)**

**“અને જ્યારે એમના ઉપર ખરેખર અઝાબ આવી ગયો, ત્યારે તેઓએ કહ્યું અય મુસા ! અમારા માટે તમારા પરવરદિગાર પાસે દુઆ કરો. તે અહદના કારણે જે તેણે તમને આપેલો છે.”**

(૧) ઉપરોક્ત આયતની તફસીરમાં તફસીરે જલાલૈનના કર્તા લખે છે કે “જેવી રીતે અલ્લાહે તમને કહી રાખ્યું છે કે જો તેઓ ઈમાન લઈ આવશે તો હું તેઓ ઉપરથી અઝાબને હટાવી લઈશ.”

(૨) શાહ વલીઉલ્લાહ લખે છે કે “તે વાસ્તાઓ અને દુઆઓના ઝરીયાથી જે તેણે તમને બતલાવી છે. અમારા માટે દુઆ કરો.”

(૩) અહમદ રઝાખાન સાહેબ લખે છે કે અહદથી મતલબ તે આપની દુઆને કબુલ કરશે. નબીની દુઆ ઝરીઓ-વસીલો બનશે.

(૪) મૌલાના ફરમાનઅલી સાહેબ લખે છે કે ખુદાએ દુઆઓને કબૂલ કરવાનો તમારાથી વાયદો કર્યો છે વસીલા તરીકે.

(૫) અલ્લામા સૈયદ અલી નકી નકવી સાહેબ લખે છે કે "અહદ" થી મતલબ હોદ્દા - પદવી - મનસબે નુબુવ્વત જે તેણે તમને આપેલો છે." તે હોદ્દાને વસીલો બનાવવામાં આવી રહ્યો છે.

**અહીં તો નબી ઈસા (અલ.) મદદ માગે છે. પોતાની ઉપર ઈમાન લાવનારાઓની. મન અન્સારી ઈલલ્લાહ, કાલલ હવારીય્યુનઅ્ નહનો અનસારૂલ્લાહ**

(સુરા આલે ઈમરાન આ. પર)

**અર્થાત્** : “તો કહ્યું ઈસાએ કે અલ્લાહના માર્ગમાં જવા માટે તેઓ કોણ છે ? જેઓ મારી મદદ કરે.”

એક નબીની ઝબાનથી આ શબ્દો નીકળે છે “કોણ છે ? જેઓ મારા મદદગાર બને.” વહાબીઓનો બીજાની મદદ માગવી શીર્ક છે એવો ખ્યાલ કેટલો ગલત છે. કહે છે કે ગયરૂલ્લાહથી મદદ ન માગી શકાય. અહીં તો નબી પોતાના હવ્વારીઓની મદદ માંગે છે. અને અલ્લાહ નબીની તઅ્ઝીમમાં તેના શબ્દોને કુર્આનમાં વર્ણવે છે.

**સુરા અનફાલની ૬૨મી આયતમાં અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે.**

**ફઈન્ન હસબકલ્લાહો હોવલ્લઝી અય્યદઅ્કઅ્ બેનસરેહી વલિબમોઅમેનીન.**

**અર્થાત્ :** બેશક આપના માટે અલ્લાહ કાફી છે. અલ્લાહ તે જ છે, જેણે આપને સબળ બનાવ્યા પોતાની મદદ દ્વારા તથા મોમેનીનની મદદ દ્વારા.

(૧) ઉપરોક્ત આયતની તફસીરમાં શાહ વલીઉલ્લાહ લખે છે કે મદદ જાતે (અલ્લાહની) અને મુસલમાનોના ઝરીયાથી (વસીલો).

(૨) શાહ અબ્દુલ કાદિર લખે છે કે સાથે મદદ પોતાની અને મુસલમાનોની મદદ સાથે. (વસીલો)

(૩) આ આયતની તફસીરમાં મોહંમદ સૈયદ અલી નકી નકવી લખે છે કે "મદદ કરનારી જાત તો અલ્લાહની જ છે. મગર ઝાહેરી ઝરીઓ (વસીલો) મોમેનીનની જમાતને બનાવવામાં આવ્યો છે. જેનું વર્ણન પેગંબરે ઈસ્લામના માટે સહારા તરીકે "બિલ મોઅમેનીન" શબ્દ પ્રયોગ કરીને છે. તો તે જ ખુદા જો અંબિયા, અવલીયા અને અઈમ્માએ તાહેરીન

આ બધા બુઝૂર્ગોને ઝરીયો બનાવીને - વસીલા તરીકે કબૂલ કરીને અમારી મદદ કરે તો તેમાં શીર્ક ક્યાંથી આવી ગયું ?

**આ જ સુરાની (અનફાલની) ૬૪મી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે**

**"યા અય્યોહન્નબીય્યો હસબોકલ્લાહો વ મનીત્તબઅ્અકઅ્ મિનલ મોઅ્મેનીન.**

**અર્થાત્** : "અય પેગંબર ! આપના માટે અલ્લાહ કાફી છે. અને મોમેનીનમાંથી તેઓ જેમણે આપની પેરવી કરી છે."

(૧) તફસીરે જલાલૈનના કર્તા લખે છે કે કાફી છે આપના માટે અલ્લાહ અને કાફી (પુરતો) છે આપના માટે તે, જેણે મોમેનીનમાંથી આપની પેરવી કરી. (હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલ.).

(૨) શાહ વલીઉલ્લાહ લખે છે કે કાફી છે આપના માટે અલ્લાહ અને કાફી છે આપના માટે તે જેણે મોમેનીનમાંથી આપની પેરવી કરી.

(૩) મવ સૈયદ અલી નકી નકવી સાહેબ આ આયતની તફસીરમાં ફરમાવે છે કે દરેક મુસલમાન જાણે છે કે ખુદાની ઝાતેપાક દરેક કોમ માટે કાફી છે. પરંતુ જ્યારે તેણે અર્પણ કરેલી શક્તિ વડે જે કોઈ પેગંબરે ઈસ્લામ (સલ.)ની મદદ કરે છે. તો જ્યારે અલ્લાહ પોતાની સાથે તેના ઉપર પણ “કાફી” ના અર્થનો જ શબ્દ પ્રયોગ છે તો હવે કોઈ તેને જ મદદગાર, કારસાઝ, મુશ્કીલ કુશા વગેરે શબ્દો દ્વારા યાદ કરે તો તેમના ઉપર “શીર્ક”ની આવાઝો કેમ બુલંદ કરો છો ? ઉપરોક્ત આયત હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની શાનમાં નાઝિલ થઈ છે.

## પ્રકરણ-૩ : હઝરત આદમ (અલ.) રસુલુલ્લાહ (સલ.)ને વસીલો બનાવે છે.

## તોબાની કુબુલીયત વસીલાથી

ફતલક્કા આદમો મિર્રબ્બેહી કલેમાતીન ફતાબઅ્ અલયહે ઈન્નહુ હોવત્તવ્વાબુર્રહીમ (સુરા બકરહ આયત નં. ૩૭) પછી આદમે તેના પરવરદિગાર તરફથી થોડાક કલેમાત (વાક્યો) શીખી લીધાં. જેથી અલ્લાહે તેમની તોબા કબૂલ કરી. તે મહાન તોબા કબૂલ કરનાર અને દયા કરનાર છે.

તિબરાનીએ મોઅજજમુસ સગીરમાં, હાકિમ નિસાપુરીએ મુસ્તદરક ભાગ-૨ પેજ નં. ૬૧૫માં, સિયુતીએ દુર્રેમનસુરમાં, આલુસીએ રૂહુલમઆની પેજ નં. ૨૧૮માં ઉમર બિન ખત્તાબથી નકલ છે પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું :

"પછી જ્યારે જનાબ આદમ (અલ.)એ કહ્યું, પરવરદિગાર ! તને મોહંમદના હકનો વાસ્તો મને માફ કરી દે. ત્યારે ખુદાએ તેમના ઉપર વહી મોકલી અને ફરમાવ્યું કે અય આદમ ! મોહંમદ કોણ છે ? તો હઝરત આદમ (અલ.) એ અરજ કરી કે બારે ઈલાહા ! તે જ્યારે મને પેદા કર્યો હતો, ત્યારે મેં મારું માથું આસમાન ઉપર બુલંદ કર્યું હતું તો લખાણ જોયું હતું.

**લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુર્રસુલલ્લાહ**

મેં કહ્યું હતું બેશક ! તારી નજદીક મોહંમદના બરાબર કોઈ વ્યક્તિ ઈઝ્ઝતવાળો નથી. તેં તેમના નામને તારા નામની સાથે જોડ્યું છે. પછી હઝરત આદમ ઉપર વહી થઈ કે આ તમારી વંશજોમાં છેલ્લા નબી હશે. અને જો એમને પેદા ન કરત તો તમને પણ પેદા ન કરત."

આ હદીસથી વસીલો હલાલ અને જાઈઝ હોવાનું સ્પષ્ટ ફરમાન છે. પેગંબરે ઈસ્લામને આપણા દીની-દુન્યવી કોઈપણ કાર્યો માટે વસીલો બનાવી શકાય છે. આયતમાં કલેમાતીન શબ્દ છે. આ શબ્દથી જીવંત હસ્તીઓ પાક પંજતન છે. કુર્આનમાં કલેમાત શબ્દનો ઉપયોગ જીવંત હસ્તી માટે થયો છે. જેના ફક્ત ત્રણ ઉદાહરણ પ્રસ્તુત છે.

**(૧) અન્નલ્લાહઅ્ યોબશ્શેરોકઅ્ બેયહ્યા મુસદ્દેકમ બેકલેમતીમ મિનલ્લાહ**

(સુરા આલે ઈમરાન આયત - ૩૫)

જનાબ ઝકરીયા (અલ.)એ દુઆ કરી હતી. તેના જવાબમાં ખુદાવંદે આલમે ઈરશાદ ફરમાવ્યો: અલ્લાહ તમને યહ્યાના પેદા થવાની ખુશખબરી આપે છે. જે અલ્લાહના કલમાથી મતલબ હઝરત ઈસાને સત્ય ઠરાવનાર હશે.

**(૨) યા મરયમો ઈન્નલ્લાહઅ્ યોબશ્શેરોકઅ્ બેકલેમતીમ મિન્હો..**

(સુરા આલે ઈમરાન ૪૫)

જ્યારે ફરિશ્તાઓએ હઝરત મરિયમને ખુશખબરી આપી “અય મરિયમ તમને અલ્લાહ એક કલિમા (બેટા)ની ખુશખબરી આપે છે.

**(3) ઈન્નમલ મસીહો ઈસબનો મરયમઅ્ રસુલુલ્લાહે, વ કલેમતોહુ**

(સુરા નિસાઅ આયત - ૧૭૧)

મરિયમના બેટા ઈસા મસીહ (ન ખુદા છે ન ખુદાના બેટા છે) બસ તે અલ્લાહના રસૂલ છે, અને ખુદાનો કલિમા છે.

ઉપરોક્ત ત્રણ આયતોના દૃષ્ટાંતો દ્વારા આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ખુદાવંદે આલમે હઝરત આદમ (અલ.)ને શીખવેલા કલિમાત કોઈ નિર્જીવ વસ્તુ ન હતી. બલકે તેઓ પંજતને પાક હતા.

મોહંમદ-અલી-ફાતેમા-હસન-હુસૈન અલયહેમુસ્સલાતો વસ્સલામ. બીજી વાત જનાબ આદમની તોબાવાળી આયતમાં કલિમાત બહુવચન છે, એક વચન નથી.

આ કલેમાતથી મતલબ પંજતને પાક છે.

**તફસીર મજમઉલ બયાનના કર્તા લખે છે કે :**

હઝરત આદમે અર્શે ઈલાહી ઉપર કેટલાક નામો લખેલાં જોયાં. જેમને આપે પોતાની તોબા માટે વસીલો બનાવ્યો. સાથે તેમના વિષયમાં પ્રશ્ન કર્યો તો જણાવવામાં આવ્યું કે તે પાંચ હસ્તીઓ તમામેતમામ મખ્લુકાતમાં અફઝલ છે. તે નામો આ છે. મોહંમદ-અલી-ફાતેમા-હસન-હુસૈન (અલ.). ત્યારે હઝરત આદમ (અલ.)ની દુઆ કબૂલ થઈ. સંદર્ભ - હવાલોઃ- દુર્રે મન્સુર ભાગ-૧, પેજ નં. ૧૬ પ્રકાશન મિસર. તફસીર મજમઉલ બયાન ભાગ-૧ પેજ નં. ૮૯. તફસીર બુરહાન ભાગ-૧ પેજ નં. ૮૬.

# પ્રકરણ-૪ : જનાબે નૂહુ(અલ.)એ પંજતને પાકને વીસલો બનાવ્યો

જ્યારે તોફાને નૂહ આવ્યું. આપ તથા સાથીઓ કશતીમાં સવાર હતા. તે વખતે કશતી ભંવરમાં ફસાઈ. ત્યારે જનાબ નૂહ (અલ.)એ પંજતનેપાક - મોહંમદ - અલી - ફાતેમા - હસન - હુસૈનના વસીલાથી દુઆ માગી હતી. ત્યારે જનાબ નૂહની કશતી તોફાનમાંથી સહી-સલામત બહાર આવી ગઈ હતી. આ વાતના કિતાબી હવાલા તો અનેક છે. પરંતુ આ જગ્યાએ એક ઘણી જ મહત્ત્વની તહકીકી ઘટના રજૂ કરવામાં આવે છે, અત્રે આ વાત યાદ રાખવામાં આવે કે તમામ ઈતિહાસકારો આ બાબત એકમત છે કે કશતીએ નૂહ “કાફ” નામની પહાડી ઉપર આવીને રોકાઈ ગઈ હતી.

રશિયાના પુરાતત્વ ખાતાએ ઈ. સ. ૧૯૫૧ની સાલમાં વાદીએ કાફમાં કંઈક ખોદકામ કર્યું. મશીનો દ્વારા ઘણું ઊંડે સુધી ખોદકામ કર્યું. ત્યારથી તેઓને કેટલીક લાકડીઓ સાથે પથ્થરની સ્લેટો જેવી મદબૂત તખ્તીઓ પ્રાપ્ત થઈ. આ તખ્તીઓ ઉપર કંઈક લખાણ લખેલું હતું. આ તખ્તીઓની સાઈઝ ૩૫-૨૫ સે.મી.ની હતી. આ લખાણ કોઈક પુરાની ભાષાનું હતું. આ બાબતની રિસર્ચ માટે રશિયાની કોમ્યુનિસ્ટ હુકુમતે કેટલાક ભાષાશાસ્ત્રીઓ સાથે પુરાતત્વ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક કમિટિ નિયુક્ત કરી. જેથી ખબર પડે કે આ તખ્તીઓ ઉપર શું લખેલું છે. કમિટિમાં જેઓ હતા તેમના નામો આ પ્રમાણે હતાં.

(૧) સોલા નોફ પ્રોફેસર ભાષા વિભાગ મોસ્કો કાલેજ, રૂસ.

(૨) ઈફહાન જુનીવા ભાષાશાસ્ત્રી લોલોહાન યુનિવર્સિટી ચીન.

(૩) મિશાનન લો. પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ રૂસ.

(૪) તાનીમોલ ગ્રોફ. ડીક્ષનરીના પ્રોફેસર ભાષા. કેન્ફઝુ કોલેજ.

(૫) પ્રોફેસર ડી. રાકેન પુરાતત્ત્વ વિભાગના અધિકારી.

(૬) એમ. અહમદ કોલા. શોધખોળ વિભાગના નિષ્ણાત - પુરાતત્ત્વ.

(૭) મેજર કેટલોફ પ્રમુખ જામેઆ સ્ટાલીન.

ઉપરોક્ત સાત અધિકારીઓએ ૧૯૫૨માં આઠ માસની લગાતાર શોધખોળ પછી એક લખાણ સામૂહિક ધોરણે બધાએ સહમત થઈને - પોતાની સહીઓ સાથે ગવર્નમેન્ટમાં રજૂ કર્યું.

આ લાકડીઓ કશતીએ નૂહની છે. જનાબે નૂહે આ કશતીની હિફાઝત માટે તથા બરકત માટે પોતાની કશતીમાં પથ્થરની આ તખ્તીઓ રાખી હતી. જેના ઉપર સામાની ભાષામાં લખેલું છે. જે લખાણનો મિસ્ટર એમ માકર્સ બર્તાનવીએ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

**આ દુઆનું લખાણ તોફાને નૂહ વખતનું આ પ્રમાણે છે :**

અય મારા પરવરદિગાર, મદદગાર - O My God, My helper

પોતાની રહેમ અને કરમથી - Keep my hands with

મારી મદદ કર - Mercy

અને તે અતિ પવિત્ર-ઈઝ્ઝતવાળા - And with your

બુઝૂર્ગોનો વાસ્તે - Holy Bodies

મોહંમદ - Mohamed

આલીયા - Alia

શબ્બર (ઈ. હસન અલ.) - Shabbar

શબ્બીર (ઈ. હુસેન અલ.) - Shabbir

ફાતેમા - Fatema

જેઓ બધા જ તારી - They are all Biggest

દૃષ્ટિમાં ઈઝ્ઝતવાળાં અને કરામતવાળાં છે - Honourables

આ વિશ્વ તેમના જ અસ્તિત્વથી - The world Establishe

બાકી રહી છે - For them

આ નામોના કારણે મારી મદદ કર - Help me By Their names

તુ જ સીધા રસ્તા ઉપર પહોંચાડી શકે છે. - You can Reform to right

આ તખ્તીઓ આજેપણ મોસ્કોના મ્યુઝિયમમાં મૂકેલી છે. આ બાબત આ કોમ્યુનિસ્ટ લોકો આશ્ચર્યમાં છે કે હજારો વરસો વીતી ચૂક્યાં પછી પણ આ લોહ-તખ્તીઓ અને લાકડીઓ સહી સલામત રહી છે. અલ્લાહની દૃષ્ટિમાં આ પાંચ બુઝૂર્ગોનો કેટલો મરતબો છે. જેઓ તોફાને નૂહ વખતે બારગાહે ખુદાવંદમાં વસીલો બન્યાં. એમના વસીલાથી અલ્લાહે જનાબ નૂહ અને તેમના સાથીઓ સાથે હયવાનો, પ્રાણીઓ, પક્ષીઓ દરેકને છૂટકારો આપ્યો.

**અલ્લાહ ખુદ ફરમાવે છે કે :**

**સનોરીહીમ આયાતેના ફિલઆફાકે વફિઅનફોસેહીમ હત્તા યતબય્યનઅ્ લહુમ અન્નહુલ હક્કો**

(હા. મીમ સિજદહ આયત નં. ૫૩)

**અર્થાત્** : “નજીકમાં જ અમે તેમને જગતની દિશાઓમાં અમારી કુદરતની નિશાનીઓ દેખાડીશું અને ખુદ તેમના પોતાનામાં પણ, અહીં સુધી કે તેમના ઉપર આ વાત ઉઘાડી થઈ જશે કે આ જ ખુદા સાચો છે.”

છતાંપણ આજે અઈમ્મા, અવલીયા અને અંબિયા વગેરેના સદકા - વસીલાથી દુઆ માંગવી શીર્ક કહેનારા, બિદઅત માનનારા પોતાના અકીદાની ફરીથી જાંચપડતાલ કરે.

## પ્રકરણ-૫ : હઝરત ઈબ્રાહીમ (અલ.)નું ઈમ્તેહાન (પરીક્ષા) કલેમાત દ્વારા

**કુર્આનમાં હઝરત ઈબ્રાહીમ (અલ.)ના ઈમતેહાનનું વર્ણન આ રીતે મળે છે.**

**વએઝીબ્તલા ઈબરાહીમઅ્ રબ્બોહુ બેકલેમાતીન ફઅતમ્મહુન્ન કાલઅ્ ઈન્ની જાએલોકઅ્ લિન્નાસે ઈમામા.**

(સુરા બકરહ આ. ૨૪)

**અર્થાત્ :** અને જ્યારે ખુદાવંદે આલમે જનાબ ઈબ્રાહીમ (અલ.)ની થોડાક શબ્દો દ્વારા પરીક્ષા લીધી. તો તે તેમા પાર ઊતર્યા. તો અલ્લાહે ફરમાવ્યું અમે તમને લોકોના ઈમામ બનાવીએ છીએ.

તફસીરોમાં હઝરત ઈબ્રાહીમ (અલ.)ના વિષયમાં છે કે અલ્લાહે આપને નબી બનાવતાં

અગાઉ પોતાના બંદા બનાવ્યા. અને રસૂલ બનાવતાં અગાઉ નબી બનાવ્યા. પછી ખલીલ બનાવતાં અગાઉ આપને રસૂલ બનાવ્યા. પછી રસુલ બનાવ્યા પછી આપને ખલીલ બનાવ્યા. નબી બનાવ્યા, રસૂલ બનાવ્યા. ખલીલ બનાવ્યા. આ બધા હોદ્દા આપને મળી ચૂક્યા. ત્યાર બાદ ખુદાવંદે આલમે આપનું ઈમ્તેહાન લીધું. કામ્યાબ થયા તો આપને ઈમામ બનાવ્યા. મતલબ આપને ઈમામતનો દરજ્જો નુબુવ્વત અને રિસાલત પછી મળ્યો. અને તે પણ ઇમતેહાન પછી નુબુવ્વત અને રિસાલત વગર પરીક્ષાએ અર્પણ કરી. પરંતુ ઈમામ ઈમતેહાનની કામ્યાબી પછી બનાવ્યા.

ઈમતેહાનનો વિષય શું હતો ? મોહંમદ બિન અલી ઈબ્ને બાબુયાએ તફસીરમાં ઈબ્ને ઉમરની રિવાયત નકલ કરી છે. હઝરત ઈમામ

જઅફર સાદિક (અલ.) એ ફરમાવ્યું. હઝરત ઈબ્રાહીમ (અલ.)નું ઈમ્તેહાન પણ તે જ કલિમાત દ્વારા લેવામાં આવ્યું જે કલિમાત દ્વારા હઝરત આદમ (અલ.)ની તોબા કબૂલ થઈ હતી. અને તે કલેમાત આ છે.

**યા રબ્બે અસઅલોકઅ્ બેહક્કે મોહમ્મદીન વ અલીય્યીન વ ફાતેમતો, વલ હસન, વલહુસૈન.**

(તફસીરે બુરહાન ભાગ-૧ પેજ નં. ૧૦૧)

આ વાત સાબિત થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અલ.) ઈમામતના દરજ્જા ઉપર પહોંચ્યા. તો આ જ પંજતને પાકના ઝરીયાથી આ બુઝૂર્ગ હસ્તીઓના વસીલાથી.

## પ્રકરણ-૬ : શીર્ક ક્યારે બને છે ?

લગભગ બધા જ વહાબીઓ શિર્ક અને બિદઅતમાં પી. એચ.ડી.ની ડીગ્રી પાસ થયા હોય છે. આ લોકો આજીજી-નમ્રતામાં પણ માનતા નથી. કોઈ વડીલ, કે એહસાન કરનારની સમક્ષ કે નેક સાલેહ ઈલ્મયાફતા લોકોના હાથ ચૂમવા, માન આપતાં ઝૂકી જવું, મુસાફો કરવો, વગેરે એક પ્રકારની નમ્રતા છે. વહાબીઓને નમ્રતામાં પણ શીર્ક દેખાય છે. કોઈ વ્યક્તિને ખુદા સમજીને તેને સિજદો કરવામાં આવે તો શીર્ક બને છે. કોઈને ખુદા સમજીને તેની પાસે માગવામાં આવે જેવી રીતે કે બિનમુસ્લિમો પોતાના બૂતોને ખુદા માને છે. તો તે શીર્ક બને છે. જો કોઈ વ્યક્તિ કોઈ અંબિયા કે અઈમ્મા કે અવલીયા પાસે તેમને ખુદાના મુકર્રબ નેક બંદા છે એમ સમજીને કંઈપણ માગે છે તો

કંઈપણ શીર્ક બનતું નથી. અરે કોઈ વ્યક્તિ કોઈ પથ્થર કે લાકડા પાસે તેને પથ્થર અને લાકડું સમજીને કંઈપણ માગે તો પણ તે વ્યક્તિને મુશરીક તો કહેવાય જ નહિ. શીર્ક બનતું નથી. આ એક અલગ વાત છે કે પથ્થર કે લાકડા પાસે માગણી નિરર્થક અને બેકાર છે. યાદ રાખો શીર્ક ત્યારે જ બને છે. ગયરૂલ્લાહને (અલ્લાહ સિવાય અન્યોને) ખુદા સમજીને તેમની મદદ માગવી.

# પ્રકરણ-૭ : રૂહ કદી મરતી નથી

ફિલસુફો અને વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ આ વાત કુર્આન અને સુન્નતની દલીલો સાથે સાબિત થઈ ચૂકી છે કે શરીરની કેદથી આઝાદ થયા પછી પણ રૂહ તો બાકી જ રહે છે. રૂહને મવત આવતી જ નથી. વળી શરીરથી આઝાદ થયા પછી આ દુનિયા સાથેનો રૂહનો સંબંધ વધી જાય છે. રૂહના માટે મવત શક્ય જ નથી. આ બાબત ઈસ્લામના તમામ બુદ્ધિશાળીઓ અને ફિલસૂફો એકમત છે. આદિકાળથી લઈને આજદિન સુધીના બધા જ વિચારકો સહમત છે. પૂર્વના કે પશ્ચિમના, મુસ્લિમ કે બિનમુસ્લિમ પ્રાચીન કે અર્વાચિન સર્વે બુદ્ધિશાળીઓ, વૈજ્ઞાનિકો, વિચારકો એકમત છે કે રૂહ કદી મરતી નથી. બલકે આમ કહેવું વધુ યોગ્ય ગણાશે કે જ્યારથી આ દુનિયા અસ્તિત્વમાં આવી,

ત્યારથી લઈ આજદિન સુધી દરેક ધર્મો, પંથો, સર્વે વિચારધારાઓએ રૂહને જીવંત માનેલી છે. બલકે શરીરની કેદથી છૂટકારો મેળવ્યા પછી રૂહની બીજાને કબજો કરવાની શક્તિમાં અસાધારણ વધારો થાય છે. આ વાત માન્યતા પામેલ છે.

સુરા બકરહની ૧૫૪મી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે **“અને જેઓ અલ્લાહની રાહમાં માર્યા જાય છે. તેમને મરણ પામેલા કહો નહિ, બલકે તેઓ હયાત છે, પરંતુ તેનું તમને ભાન નથી.”**

સુરા આલે ઈમરાનની ૧૬૮મી આયતમાં અલ્લાહ ફરમાવે છે. **“અને જેઓ અલ્લાહની રાહમાં માર્યા ગયા છે. તેમને હરગિઝ, હરગિઝ મરણ પામેલા સમજો નહિ. બલકે તેઓ પોતાના**

પરવરદિગાર પાસે જીવતા હોય, ઉત્તમ રોઝી મેળવે છે.

વહાબી દૃષ્ટિકોણ સદંતર ગલત છે. ઉમ્મતની ફાટફૂટ અને અર્વાચિન અફરાતફરી માટે જ આ જ લોકો જવાબદાર છે. અમેરિકા, બ્રિટન અને ફ્રાંન્ચે તૂર્કી ખિલાફતને ઉઠલાવવા માટે આ જ ફિરકાનો ઉપયોગ કરી મુસલમાનોને કમજોર કરી દીધા છે. તમામ અરબ દેશોને નાના નાના ટૂકડામાં વહેંચી નાખનારા આ જ વહાબીઓ છે.

અંબિયા, અવલીયા, અવસીયાની મદદ માગી શકાય છે, દુઆઓમાં એમનો વસીલો માંગી શકાય છે. દુરૂદોમાં પણ આ બુઝૂર્ગ હસ્તીઓનો વસીલો માગી શકાય છે.